

પેજ-08
કપૂર ખાનદાનની લાડલીનો બોલ્ડ બિકિની લુક:ખુશી કપૂરે ગ્રીસના ધોમધખતા...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
અર્જુન તેંડુલકરની બૉલિંગ પર સચિન ભાવુક



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 42.00 | 29.00 |
| વડોદરા | 40.00 | 31.00 |
| સુરત | 36.00 | 30.00 |

પેજ 5

ગ્રાહકો માટે ઈંધણ માપન નિયમોમાં સરકારે કર્યો મોટો ફેરફાર

25 MAY-2026 MONDAY

ઈરાન યુરેનિયમ જથ્થો સોંપવા સહમત બન્યું

પેજ 10

.....સુવિચાર.....
ગુસ્સો અને અહંકાર માણસને અંદરથી ખાલી બનાવી દે છે, જ્યારે નમ્રતા અને ક્ષમા તેને મહાન બનાવે છે.

વર્ષ-15 । અંક-193 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# કોકરોચને ટક્કર આપવા આવી 'ઓગી જનતા પાર્ટી

## OJPએ લખ્યું- કોકરોચોને વીણી વીણીને મારીશું; પ્રાણીઓ માટે મેનિફેસ્ટો પણ જાહેર કર્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

સોશિયલ મીડિયા પર આ દિવસોમાં 'પાર્ટી' બનાવવાનો નવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. આ સમયે 'કોકરોચ જનતા પાર્ટી' સૌથી વધુ ચર્ચામાં છે. પાર્ટી બન્યાના થોડા જ દિવસોમાં તેના ફોલોઅર્સ લગભગ 21.5 મિલિયન એટલે કે 2.15 કરોડ સુધી પહોંચી ગયા, જેણે સોશિયલ મીડિયા પર ઘણી મોટી રાજકીય પાર્ટીઓના ફોલોઅર્સને પણ પાછળ છોડી દીધા. તેના મેનિફેસ્ટો અને પોસ્ટ્સને લઈને પણ ઈન્ટરનેટ પર ખૂબ ચર્ચા થઈ રહી છે. હવે આ દરમિયાન એક નવી 'પાર્ટી' ઝડપથી વાયરલ થઈ રહી છે - 'ઓગી જનતા પાર્ટી' એટલે કે OJP.

જ્યાં CJP બેરોજગારી, યુવાનોની નારાજગી અને સિસ્ટમ પર કટાક્ષને લઈને વાયરલ થઈ હતી, ત્યાં હવે OJP પોતાને તેની વિરોધી જણાવી રહી છે. આ આખો ટ્રેન્ડ પ્રખ્યાત કાર્ટૂન શો 'ઓગી એન્ડ ધ કોકરોચેસ'થી પ્રેરિત માનવામાં આવી રહ્યો છે.







ઓગી જનતા પાર્ટીએ પ્રાણીઓ માટે 6 મુદ્દાનો મેનિફેસ્ટો જાહેર કર્યો છે. વચ્ચે કૂર્તામાં ઓગીને ઊભો રાખ્યો છે.

### કેવી રીતે શરૂ થઈ ઓગી જનતા પાર્ટી?

કોકરોચ જનતા પાર્ટી વાયરલ થયાના થોડા દિવસો પછી જ ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ઓગી જનતા પાર્ટીની પોસ્ટ્સ દેખાવા લાગી. આ ગ્રુપનો દાવો છે કે તે CJPના સ્થાપક અભિજીત દીપકે અને તેમના કથિત રાજકીય જોડાણોને ખુલ્લા પાડી રહ્યું છે. OJPએ સોશિયલ મીડિયા પર અભિજીત દીપકેની જૂની પોસ્ટ્સ શેર કરી હતી, જેમાં તેમણે 2024માં પૂર્વ દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાનો આભાર માન્યો હતો. OJPનો આરોપ છે કે CJP પોતાને તટસ્થ ગણાવે છે, પરંતુ તેના સંબંધો આમ આદમી પાર્ટી સાથે રહ્યા છે.

### 'દરેક પ્રકારના કોકરોચનો નાશ કરીશું'

ઓગી જનતા પાર્ટીની વેબસાઈટ પર લખાયેલું તેમનું સૂત્ર પણ ખૂબ વાયરલ થઈ રહ્યું છે -Any roach. Any size. Any species.Dead. એટલે કે દરેક પ્રકારના કોકરોચનો નાશ કરવો એ તેમનું મિશન છે. સોશિયલ મીડિયા પર લોકો તેને મનોરંજક રાજકીય વ્યંગ્ય અને મીમ કલ્ચરનો ભાગ ગણાવી રહ્યા છે.

### સ્વતંત્રતા સેનાનીઓની તસવીરો શેર કરીને સવાલો ઉઠાવ્યા

OJPએ એક પોસ્ટમાં ભારતીય સ્વતંત્રતા સેનાનીઓની તસવીરોનો મોન્ટેજ શેર કરતા લખ્યું કે જે દેશને તલવારો અને બલિદાનોથી આઝાદી મળી, ત્યાં આજે યુવાનો પોતાને 'કોકરોચ' કહીને ટ્રેન્ડ બનાવી રહ્યા છે. ગ્રુપે તેને બેરોજગારી અને યુવાનોની નિરાશા સાથે જોડવાનો પ્રયાસ કર્યો. એક તરફ કોકરોચ જનતા પાર્ટી બેરોજગારી અને પેપર લીક જેવા મુદ્દાઓ ઉઠાવી રહી છે, તો બીજી તરફ ઓગી જનતા પાર્ટીનો મેનિફેસ્ટો પણ લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. આ વાયરલ 'પાર્ટી'એ મનોરંજક રીતે 6-પોઈન્ટ એનિમલ વેલફેર મેનિફેસ્ટો જાહેર કર્યો છે.

# ચૂંટણીમાંથી મેદાન છોડનાર TMCના જહાંગીર ચોથા સ્થાને

## 21 મેના રોજ ફાલતાના તમામ 285 બૂથ પર ફરીથી મતદાન હાથ ધરવામાં આવ્યું હતું

(એજન્સી) પશ્ચિમબંગાળ । તા. 24

પશ્ચિમ બંગાળના ફાલતા સીટ પર મતગણતરી ચાલી રહી છે. સવારે 11 વાગ્યા સુધીમાં 6 રાઉન્ડની મતગણતરી પૂર્ણ થઈ છે. તેના આધારે, ભાજપના દેવાંગ્શુ 37 હજાર મતથી આગળ છે. દરમિયાન, ચૂંટણીમાંથી પાછા હટી ગયેલા TMCના જહાંગીર ચોથા સ્થાને છે. હાલની ગણતરી મુજબ, તેમને 1904 મત મળ્યા છે.

21 મેના રોજ ફાલતાના તમામ 285 બૂથ પર ફરીથી મતદાન હાથ ધરવામાં આવ્યું હતું. રીપોલિંગમાં મતદાનની ટકાવારી આશરે 2% વધી હતી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, મતદાન 88.13% હતું. અગાઉ, 29 એપ્રિલના રોજ, આ જ મતવિસ્તારમાં 86.71% મતદાન નોંધાયું હતું.

ફાલતામાં મુખ્ય મુકાબલો TMC અને ભાજપ વચ્ચે છે.

### ફાલતામાં ફરીથી મતદાન શા માટે થયું, શું આરોપો લાગ્યા હતા

ભાજપે ફાલતામાં એક બૂથ પર EVMમાં BJPના બટન પર ટેપ લગાવીને બ્લોક કરવાનો આરોપ લગાવ્યો હતો.

29 એપ્રિલે મતદાન પછી ફાલતા વિસ્તારમાં તણાવ ઘણો વધી ગયો હતો. તે દિવસે ઘણા બૂથો પરથી ફરિયાદો મળી હતી કે EVM પર ભાજપના સિમ્બોલ પર ટેપ ચોંટાડવામાં આવી હતી. તત્કાલીન ઓબ્ઝર્વર સુબ્રત ગુપ્તાએ પોતે જ મતવિસ્તારની મુલાકાત લીધી અને તપાસ કરી. ઓછામાં ઓછા 60 બૂથોમાં છેડછાડના પુરાવા મળ્યા. EVMમાં કથિત હેરાફેરી ઉપરાંત, તપાસમાં એ પણ સામે આવ્યું કે ઘણા મતદાન કેન્દ્રો પર લાગેલા વેબ કેમેરામાં ફૂટેજ સાથે પણ છેડછાડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



TMC ઉમેદવાર જહાંગીર ખાને મૌખિક રીતે પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની જાહેરાત કરી છે. જોકે, તેમની તરફથી આ વાત લેખિતમાં આપવામાં આવી હોવાની કોઈ માહિતી નથી. EVMમાં તેમનું નામ અને પ્રતીક રહેલું હતું. ફાલતા વિધાનસભા બેઠક અગાઉ CPI(M)નો ગઢ ગણાતી હતી, પરંતુ હવે તે તૃણમૂલ કોંગ્રેસનો મજબૂત વિસ્તાર બની ગઈ છે. TMCએ પહેલીવાર 2001માં આ બેઠક જીતી હતી. 2006માં CPI(M) એ વાપસી કરી, પરંતુ 2011 પછી TMC અહીં સતત જીત નોંધાવી રહી છે. ખાસ વાત એ છે કે ભાજપ અત્યાર સુધી આ બેઠક પર ક્યારેય જીતી શક્યું નથી.

# ગુજરાતના બિઝનેસમેન બન્યા હસીનાનો શિકાર

## નેતાઓ-અધિકારીઓના 100થી વધુ અશ્લીલ વીડિયો, બ્લેકમેઈલ કરી કરોડો ખંખેર્યા

(એજન્સી) ઇન્દોર । તા. 24

ઈન્દોર ફરી એકવાર ચર્ચિત હની ટ્રેપ કેસના કેન્દ્રમાં છે, જેણે 2019ના હની ટ્રેપ કાંડની યાદો તાજી કરી દીધી છે. હની ટ્રેપની ગુંજ મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાતની સાથે જ દિલ્હીના રાજકીય વર્તુળો સુધી પહોંચી ગઈ છે. આ કેસમાં ધરપકડ કરાયેલી શ્વેતા વિજય જૈન, રેશુ ચૌધરી અને અલકા દીક્ષિતની પૂછપરછમાં સતત એવા ખુલાસા થઈ રહ્યા છે, જેનાથી ઘણા પ્રભાવશાળી લોકોની ચિંતા વધી ગઈ છે.

પોલીસને રેશુના મોબાઈલ અને ડિજિટલ ડિવાઈસમાંથી 100થી વધુ વાંધાજનક વીડિયો મળ્યા છે. આ વીડિયો નેતાઓ, અધિકારીઓ અને બિઝનેસમેનના છે. તે આ વીડિયોથી બ્લેકમેલ કરીને કરોડો રૂપિયા વસૂલી ચૂકી છે. જ્યારે અન્ય ઘણા સોદાઓ પર પણ કામ ચાલી રહ્યું હતું. કેટલાક વીડિયો વેચવાની પણ તૈયારી ચાલી રહી હતી. તપાસમાં સામે આવ્યું કે રેકેટ યોજનાબદ્ધ રીતે ચલાવવામાં આવી રહ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, ભોપાલથી શ્વેતા વિજય જૈન આખું નેટવર્ક ચલાવતી હતી. શ્વેતા સીધી સામે આવવાને બદલે રેશુ ચૌધરીને નિર્દેશ અને તાલીમ આપતી હતી. રેશુ ચૌધરી પોતાના સંપર્કોની માહિતી આપતી હતી.

## મુંબઈમાં ભોપાલ-ઈન્દોરની જરૂરિયાત કરતાં વધુ પાણીનો બગાડ; ઈન્દોરમાં 65% પાણી લીકેજ

# દેશના મોટા શહેરોમાં 25-60% સુધી પાણીનો બગાડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

દેશના લગભગ તમામ મોટા શહેરોમાં 25-60% સુધી પાણીનો બગાડ થઈ રહ્યો છે. પીવાના પાણીની લાઈનોમાં મોટા લીકેજ છે અથવા તો પાઈપલાઈનમાં ગેરકાયદેસર કનેક્શન જોડી દેવામાં આવ્યા છે. પરિસ્થિતિ એવી છે કે મુંબઈને દરરોજ લગભગ 3,850 એમએલડી (મિલિયન લિટર રોજ) પાણી સપ્લાય થાય છે.

તેમાંથી લગભગ 30% લીકેજ માનવામાં આવે છે. દરરોજ લગભગ 1000 એમએલડી પાણી પાઈપલાઈન લીકેજ અને અન્ય રીતે વેડફાઈ રહ્યું છે. આ બરબાદ થતું પાણી ઈન્દોર-ભોપાલની કુલ દૈનિક જરૂરિયાત કરતાં પણ વધારે છે. આ બંને શહેરોને દરરોજ 900 એમએલડી જ પાણી જોઈએ છે.



સ્માર્ટ સિટી અને અમૃત 2.0 જેવી પરિયોજનાઓ હેઠળ 2016માં શહેરી સંસ્થાઓએ સુપરવાઈઝરી કંટ્રોલ એન્ડ ડેટા એક્વિઝિશન (SCADA) પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. આ હેઠળ લીકેજ અને ચોરીવાળા નોન-રેવન્યુ વોટર (NRW) ને ઘટાડીને 20% પર લાવવાનો લક્ષ્ય હતો.

આ પ્રોજેક્ટ હેઠળ છેલ્લા 10 વર્ષમાં લગભગ 1.5 લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે, તેમ છતાં પરિસ્થિતિ બદલાઈ નથી. ભોપાલ-ઈન્દોર જેવા શહેરોમાં પાણીનું લીકેજ 35%-65% સુધી છે. ભોપાલે તો 2021 સુધીમાં જ પીવાના પાણીનું લીકેજ 16% કરવાનો દાવો કર્યો હતો. પરંતુ CAG રિપોર્ટ 2019 મુજબ ભોપાલમાં વોટર લીકેજ 48% છે. ઈન્દોરમાં 65% સુધી છે.

### પાણી પર ક્યાં-કેટલો ખર્ચ?

ઈન્દોરમાં જલુદથી નર્મદા જળ 70 કિમી દૂર શહેર સુધી લાવવા અને તેને 600 મીટરની ઊંચાઈ સુધી પમ્પ કરવા પર પ્રતિ હજાર લિટર 29 રૂ. ખર્ચ થાય છે. તેમાં દર મહિને વીજળી બિલ જ 25 કરોડનું છે. 65% પાણીના બગાડના હિસાબે 15 કરોડનું નુકસાન થઈ રહ્યું છે. મુંબઈમાં 16,092 કરોડ ખર્ચ કરીને જે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, તેમાંથી લગભગ 4,500 કરોડ લીકેજ અને ચોરીના કારણે બરબાદ થઈ રહ્યું છે. બેંગલુરુમાં પાણી સપ્લાયનો વાર્ષિક ખર્ચ 10 હજાર કરોડ રૂ. છે. લીકેજ 35% છે. એટલે કે 3,500 કરોડનો બગાડ.

# તેલંગાણામાં હીટસ્ટ્રોકથી છેલ્લા 24 કલાકમાં 16 લોકોના મોત

## મહારાષ્ટ્રનું બ્રહ્મપુરી સતત બીજા દિવસે સૌથી ગરમ, 47.1°C તાપમાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

ભારતનો અડધાથી વધુ ભાગ તીવ્ર તડકો અને હીટવેવથી તપી રહ્યો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઓડિશાના ઘણા ભાગોમાં તાપમાન હજુ પણ 45Cને પાર જઈ રહ્યું છે. મહારાષ્ટ્રનું બ્રહ્મપુરી શનિવારે સતત બીજા દિવસે દેશમાં સૌથી ગરમ રહ્યું. અહીં 47.1C તાપમાન નોંધાયું. તેલંગાણાના 7 જિલ્લામાં હીટસ્ટ્રોકના કારણે છેલ્લા 24 કલાકમાં 16 લોકોના મોત થયા છે. પ્રાઈવેટ એજન્સી AQI.in મુજબ, શનિવારે વિશ્વના 50 સૌથી ગરમ શહેરોમાં ભારતના 37 શહેર હતા. આમાં બાંદા, ચંદ્રપુર, રાયપુર, પ્રયાગરાજ જેવા શહેરોનો સમાવેશ થતો હતો. યુપીના બાંદામાં 46.2C તાપમાન રહ્યું. ઓડિશાના ઝારસુગુડામાં 45.2C નોંધાયું.

દિલ્હીના ઘણા ભાગોમાં તાપમાન 44C ને પાર પહોંચી ગયું. જોકે, બપોર પછી યુપી, દિલ્હી, બિહાર, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં વાવાઝોડા સાથે વરસાદ થયો. આનાથી લોકોને ગરમીથી થોડી રાહત મળી. રાજસ્થાનના તમામ શહેરોનું તાપમાન 45C થી નીચે આવી ગયું.

## દિલ્હી હાઈકોર્ટે કહ્યું – WFI મેટરનિટી લીવ પરથી પાછા ફરનારાઓને તક આપતું નથી

# રેસલર વિનેશ એશિયન ગેમ્સ ટ્રાયલમાં ભાગ લઈ શકશે

(એજન્સી) ચંદીગઢ । તા. 24

દિલ્હી હાઈકોર્ટે રેસલર અને કોંગ્રેસના ધારાસભ્ય વિનેશ ફોગાટને એશિયન ગેમ્સ 2026ની પસંદગી ટ્રાયલમાં ભાગ લેવાની મંજૂરી આપી દીધી. કોર્ટે શનિવારે જણાવ્યું કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ની પસંદગી નીતિ પ્રસૂતિ રજા પરથી પરત ફરતા ખેલાડીઓ માટે તકો પૂરી પાડતી નથી, તેથી તે ભેદભાવપૂર્ણ છે.

મુખ્ય ન્યાયાધીશ ડીકે ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે



નિર્દેશ આપ્યો કે પસંદગી ટ્રાયલનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવે. સાથે જ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) નો એક-એક સ્વતંત્ર નિરીક્ષક પણ હાજર રહેશે.

કોર્ટે એમ પણ કહ્યું કે રમતગમત અને ન્યાયના હિતમાં વિનેશને ટ્રાયલમાં ભાગ લેવાની મંજૂરી આપવી જરૂરી છે. તેમને જારી કરાયેલી શો-કોઝ નોટિસમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ "પહેલેથી નક્કી" અને "બંધ કેસોને ફરીથી ખોલવા" જેવા લાગે છે.

WFIએ એન્ટી-ડોપિંગ નિયમોનો હવાલો આપતા ફોગાટને 26 જૂન, 2026 સુધી ઘરેલું સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે અયોગ્ય જાહેર કર્યા હતા.

## ગ્લેમર વર્લ્ડને કારણે ઘરેલું જીવન જીવવા માંગતી ન હતી; આજે ફરીથી પોસ્ટમોર્ટમ થશે

# ટ્વિશાના પતિએ કહ્યું-પ્રેગ્નન્સી પછી વર્તન બદલાઈ ગયું હતું

(એજન્સી) ભોપાલ । તા. 24

અભિનેત્રી અને મોડેલ ટ્વિશા શર્માના શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુના કેસમાં તપાસ સતત તેજ બની રહી છે. રવિવારે ટ્વિશાના મૃતદેહનું ફરીથી પોસ્ટમોર્ટમ પરિવારજનોની હાજરીમાં કરવામાં આવશે. આખી પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે. હાઈકોર્ટે વીડિયો રેકોર્ડિંગ સાથે રી-પોસ્ટમોર્ટમના નિર્દેશ આપ્યા હતા. આ માટે દિલ્હી AIIMSની ચાર સભ્યોની સિનિયર ડોકટરોની ટીમ શનિવારે સાંજે અત્યાધુનિક સાધનો સાથે રાજ્ય સરકારના ચાર્ટર્ડ વિમાનથી ભોપાલ પહોંચી ગઈ. હાલમાં, ટ્વિશાનો મૃતદેહ ભોપાલ AIIMSની મોર્ચ્યુરીમાં રાખવામાં આવ્યો છે.

તપાસ એજન્સીઓ કેસ સાથે જોડાયેલા તથ્યોની તપાસ માટે ઘટના સ્થળનું ફરીથી નિરીક્ષણ પણ કરી શકે છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે આ કેસને પોતે ધ્યાનમાં લીધો છે અને સોમવારે ચીફ જસ્ટિસની બેન્ચમાં સુનાવણી થશે. સમર્થના કહેવા મુજબ, ટ્વિશાએ કહ્યું હતું કે જ્યારે તમે બેંગલુરુથી પાછા આવો ત્યારે મને જણાવી દેજો. હું પાછી આવી જઈશ.

તેણે જણાવ્યું કે આ મામલાની જાણકારી માતા ગિરિબાલા સિંહ, ટ્વિશાની માતા અને ભાઈને પણ આપી હતી. વાતચીત દરમિયાન સમર્થે એ પણ જણાવ્યું કે પ્રેગ્નન્સી દરમિયાન ટ્વિશાના સ્વભાવમાં અચાનક બદલાવ આવી રહ્યો હતો. પરિવારે તેને સામાન્ય વૈવાહિક વિવાદ માનીને સમાધાનની સલાહ આપી.

### પતિ 7 દિવસની રિમાન્ડ પર, કહ્યું- લગ્ન પછી બંનેના સંબંધો સામાન્ય હતા

આરોપી પતિ સમર્થ સિંહ હાલ ભોપાલ પોલીસની 7 દિવસની રિમાન્ડ પર છે. બે કલાકની પોલીસ પૂછપરછમાં સમર્થ સિંહે જણાવ્યું કે લગ્ન પછી બંનેના સંબંધો સામાન્ય હતા. 17 એપ્રિલ 2026ના રોજ ટ્વિશાની પ્રેગ્નન્સીની પુષ્ટિ થઈ. ત્યારબાદ તેના વર્તનમાં બદલાવ આવવા લાગ્યો. હોસ્પિટલથી પાછા ફર્યા પછી ટ્વિશાએ કહ્યું હતું કે તે દિલ્હી ખાતે પોતાના ઘરે જવા માંગે છે. ઘરેલું જીવન જીવી શકતી નથી. તે જ સાંજે તે ફ્લાઈટથી દિલ્હી અને પછી નોઈડા ખાતેના ઘરે પહોંચી ગઈ. સમર્થે જણાવ્યું કે ઘણું સમજાવ્યા પછી 23 એપ્રિલે ટ્વિશા તેની માતા, ભાઈ સાથે ભોપાલ પાછી ફરી. સમર્થે જણાવ્યું કે તેણે 24 એપ્રિલે બેંગલુરુ જવા માટેની ટિકિટો પહેલેથી જ બુક કરાવી રાખી હતી. શરૂઆતમાં ટ્વિશા આ માટે તૈયાર હતી. પછીથી તેણે સાથે જવાની ના પાડી દીધી. કહ્યું કે તે તેના ભાઈ પાસે નસીરાબાદ, અજમેર જવા માંગે છે. આ જ વાતને લઈને બંને વચ્ચે બોલાચાલી થઈ.

# કોંગ્રેસ વિદેશી શક્તિઓની મદદથી હિંસા ભડકાવવા માંગે છે

નવી દિલ્હી : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં પક્ષની લઘુમતી સલાહકાર સમિતિની બેઠક દરમિયાન એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે, દેશમાં વધી રહેલા આર્થિક અસંતોષને કારણે 'મોદી સરકાર આગામી એક વર્ષમાં પડી જશે.' રાહુલ ગાંધીના આ નિવેદન બાદ દેશના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને ભાજપે કોંગ્રેસ પર આકરા પ્રહારો શરૂ કર્યા છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ અને ભાજપના સાંસદ સંબિત પાત્રાએ આ નિવેદનને દેશ વિરુદ્ધનું એક મોટું ષડયંત્ર ગણાવ્યું છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર રાહુલ ગાંધી અને વિપક્ષી પાર્ટીઓ પર આકરો હુમલો કર્યો હતો. તેમણે લખ્યું કે, રાહુલ ગાંધીનું આ નિવેદન કોંગ્રેસ, તમામ વિપક્ષી પક્ષો અને ભારતને અસ્થિર કરવાનું સપનું જોતી 'ટૂલકીટ ગેંગ' દ્વારા દેશ વિરુદ્ધ રચવામાં આવેલા એક મોટા કાવતરા તરફ ઈશારો કરે છે.

## સુવેન્દુએ શપથ લીધા પછી કહ્યું હતું - આને પાડી દઈશું; ફીફા અંડર-17 વર્લ્ડકપ પહેલાં બની હતી

# કોલકાતામાં મમતાએ ડિઝાઈન કરાયેલી મૂર્તિ તોડી પાડી

(એજન્સી) કોલકાતા । તા. 24

બંગાળની ભાજપ સરકારે શનિવારે કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમની બહાર ઊભી કરાયેલી મૂર્તિને તોડી પાડી. તેને પૂર્વ સીએમ મમતા બેનર્જીએ ડિઝાઈન કરી હતી. મૂર્તિમાં ખેલાડીના 2 પગ અને તેની કમર ઉપર એક ફૂટબોલ બનેલો હતો.

તેને વર્ષ 2017માં ફીફા અંડર-17 વર્લ્ડ કપ પહેલા સ્થાપિત કરવામાં આવી હતી. તેના પર અગાઉની ટીએમસી સરકારનો



'વિશ્વ બાંગ્લા' લોગો પણ લાગેલો હતો. શરૂઆતથી જ તે વિવાદોમાં રહી હતી. સીએમ સુવેન્દુ અધિકારીએ શપથ ગ્રહણના બીજા દિવસે કહ્યું હતું કે અમે આ મૂર્તિને તોડી પાડીશું.

પશ્ચિમ બંગાળના રમતગમત મંત્રી નિસિથ પ્રમાણિકે 17 મેના રોજ કહ્યું હતું કે આ કદરૂપા અને અર્થહીન માળખાનો આ સ્ટેડિયમની સુંદરતા સાથે કોઈ મેળ નથી. શનિવારે સવારે જ્યારે લોકો સ્ટેડિયમના વીવીઆઈપી ગેટ પાસે પહોંચ્યા, ત્યારે મૂર્તિનો તૂટેલો ભાગ જમીન પર પડ્યો હતો.

ભારત-બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા મજબૂત કરવા અને વાડ (ફેન્સિંગ) લગાવવા માટે સીમા સુરક્ષા દળ (BSF)ને 45 દિવસની અંદર 600 એકર જમીન આપવામાં આવશે, જેનાથી સરહદ સંબંધિત જૂનો વિવાદ સમાપ્ત થશે.

CAA હેઠળ આવતા 7 સમુદાયો અને 31 ડિસેમ્બર 2024 સુધી ભારતમાં આવેલા લોકોને નાગરિકતા કાયદાનો લાભ મળશે. પોલીસ તેમને અટકાયતમાં લઈ શકશે નહીં.

# ઝારખંડમાં 6 દિવસથી ગુમ યુવતીની લાશ મળી, સામૂહિક દુષ્કર્મ બાદ હત્યા કરી રેતીના ઢગલામાં દાટી

ઝારખંડ : ઝારખંડના દેવઘર જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારી અને માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. અહીં છેલ્લા 6 દિવસથી ગુમ થયેલી 21 વર્ષની એક યુવતીની લાશ નદી કિનારે રેતીમાં દબાયેલી હાલતમાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે યુવતીની ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી અને તે પહેલાં તેની સાથે સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યુ હતુ. પોલીસે આ મામલે તપાસ હાથ ધરીને એક મહિલા સહિત ત્રણેય આરોપીઓની ધરપકડ કરી જેલ ભેગા કરી દીધા છે. પોલીસના જણાવ્યા અનુસાર, મુખ્ય આરોપી અને તેની પ્રેમિકા વચ્ચેના અંગત સંબંધોની વાત આ યુવતી જાણી ગઈ હતી અને તેણે આ બાબત અન્ય લોકો સમક્ષ પણ જાહેર કરી દીધી હતી. પોતાનો આ ભેદ ખુલ્લો પડી જતાં બંને આરોપીઓએ ગભરાઈને યુવતીને રસ્તામાંથી હટાવવાનો નિર્ણય કર્યો હતો.

### અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ ડેની ભવ્ય ઉજવણીમાં ભારતનું નેતૃત્વ કરે છે

# ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલની 75મી આવૃત્તિએ દેશને એક કર્યો






અમદાવાદ | અમદાવાદમાં પ્રતિષ્ઠિત સાબરમતી રિવરફ્રન્ટ પરથી રાષ્ટ્રીય ઉજવણીનું નેતૃત્વ કરતા, કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને બોલિવૂડ અભિનેતા આયુષ્માન ખુરાનાની સાથે સામુદાયિક ભાગીદારી અને રમતગમતની ભાવનાના જીવંત પ્રદર્શનમાં 5,000 સાયકલ સવારો, એથ્લેટ્સ, યુવા સ્વયંસેવકો અને ફિટનેસ ઉત્સાહીઓ સાથે જોડાયા હતા.અમદાવાદ આવૃત્તિ, જેની થીમ "એ ન્યૂ આઈકોન ફોર અ ફિટર ઈન્ડિયા - પેડલિંગ ટુ 2030" હતી, તેમાં યોગ અને ઝુમ્બા નિદર્શનો સાથે ભવ્ય 5-કિલોમીટરની સાયકલ રેલી યોજવામાં આવી હતી, જેણે સાબરમતી રિવરફ્રન્ટને ફિટનેસ, સંસ્કૃતિ અને ભારતના રમતગમતના વિકાસની ઉજવણીમાં ફેરવી દીધું હતું.આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ડૉ. માંડવિયા દ્વારા એક વિશેષ કોમનવેલ્થ ગેમ્સ-થીમ આધારિત પ્રદર્શનનું ઉદ્ઘાટન હતું, જેમાં ભારતની રમતગમતની સિદ્ધિઓ, ખેલો ઈન્ડિયા મિશન હેઠળ રમતગમતના માળખાકીય સુવિધાઓનો વિકાસ અને 2030માં શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ તરફ દોરી રહેલી દેશની વિસ્તરી રહેલી રમતગમતની ઈકોસિસ્ટમ પ્રદર્શિત કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં પિકલબોલ, બોક્સ ક્રિકેટ, વોલીબોલ, ટગ ઓફ વોર (દોરડા ખેંચ) અને ઘણી ઈન્ટરેક્ટિવ સામુદાયિક રમતો સહિતની આકર્ષક પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણી પણ દર્શાવવામાં આવી હતી, જેણે તમામ વય જૂથોના સહભાગીઓ માટે તહેવાર જેવું વાતાવરણ ઊભું કર્યું હતું.

# કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ SAI NCoE ગાંધીનગર ખાતે સંકલિત રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું

અમદાવાદ | કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે SAI NCoE ગાંધીનગર ખાતે રમતગમતના અનેક નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું હતું, જે દેશભરમાં વિશ્વ કક્ષાની હાઈ-પર્ફોર્મન્સ સ્પોર્ટિંગ ઈકોસિસ્ટમ્સના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.





મંત્રીએ કેન્દ્ર ખાતે નવનિર્મિત પેરા એથ્લેટ હોસ્ટેલ (પેરા ખેલાડીઓ માટેનું છાત્રાલય), સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ (કેન્દ્રીય ભોજનાલય), સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ, મલ્ટિપર્પઝ ટ્રેનિંગ હોલ (બહુહેતુક તાલીમ હોલ) અને મેડિટેશન પાર્ક (ધ્યાન ઉદ્યાન) નું ઉદ્ઘાટન કર્યું હતું. તાલીમ, રિકવરી (પુનઃપ્રાપ્તિ), પોષણ, સ્પોર્ટ્સ સાયન્સ (રમતગમત વિજ્ઞાન) અને માનસિક સુખાકારીમાં સંકલિત સહાય દ્વારા ખેલાડીઓની તૈયારીઓને મજબૂત કરવા માટે આ સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ખેલાડીઓ, કોચ અને અધિકારીઓને સંબોધતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતની રમતગમતની ઈકોસિસ્ટમ ખેલાડી-કેન્દ્રિત વિકાસ અને સમાવેશી રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર સાથે પરિવર્તનકારી બદલાવમાંથી પસાર થઈ રહી છે. મંત્રીએ કહ્યું, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ખરેખર આપણા પેરા-ખેલાડીઓના 'પરમ મિત્ર' છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે માત્ર દેશભરમાં રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર જ નથી કર્યો, પરંતુ દરેક પેરા-ખેલાડી માટે ગૌરવ, સુલભતા, માન્યતા અને સમાન તકો પણ સુનિશ્ચિત કરી છે."વૈશ્વિક રમતગમતમાં ભારતના ઉદય પર પ્રકાશ પાડતા ડૉ. માંડવિયાએ નોંધ્યું હતું કે ભારતે એશિયન પેરા ગેમ્સમાં 111 મેડલ અને પેરાલિમ્પિક્સ 2024 માં રેકોર્ડ 29 મેડલ મેળવ્યા છે, જે દેશની ઝડપથી મજબૂત થઈ રહેલી રમતગમતની ઈકોસિસ્ટમને પ્રતિબિંબિત કરે છે.

### ભાજપના રાજ્યસભા સાંસદોનો અસલી ચહેરો બહાર આવ્યો : યોગેશ જાદવાણી

# ગુજરાતના રાજ્યસભા સાંસદોની 55 ટકા ગ્રાન્ટો વપરાયા વગરની પડી રહી: યોગેશ જાદવાણી

**ગુજરાતના રાજ્યસભા સાંસદોની ગ્રાન્ટ મામલે આવેલા રિપોર્ટ મુદ્દે AAP પ્રવક્તા યોગેશ જાદવાણીનો ભાજપ પર પ્રહાર : ભાજપના દિગ્ગજ નેતા જે.પી.નડ્ડાની 14.70 કરોડની ગ્રાન્ટમાંથી એક પણ રૂપિયા ગુજરાત માટે વાપર્યો નથી: યોગેશ જાદવાણી**

**રાજ્યસભામાં "જી હુજુરી" કરનારા નેતાઓની ગુજરાતને જરૂર નથી : સાંસદો પોતાની સુખ સુવિધાઓ ભોગવે છે પણ ગુજરાત માટે એક પણ પ્રશ્ન ઉઠાવતા નથી: યોગેશ જાદવાણી**

અમદાવાદ/સુરત/ગુજરાત | ગુજરાતના રાજ્યસભાના સાંસદોએ કુલ 208.15 કરોડની ગ્રાન્ટમાંથી ફક્ત 52 કરોડ જ ખર્ચ કર્યા છે એવી માહિતી મીડિયા રિપોર્ટ દ્વારા પ્રસારિત થઈ છે. તે મુદ્દા પર આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી રાજ્યસભા સાંસદો મોકલવા મુદ્દે ભાજપના સ્થાનિક અને રાષ્ટ્રીય નેતાઓને ખૂબ જ તાલાવેલી હોય છે.

તો આ રાજ્યસભાના સાંસદો ગુજરાત પ્રત્યે કેટલા ગંભીર છે એના લેખાજોખાનો એક રિપોર્ટ બહાર આવ્યો છે અને આ રિપોર્ટ ગુજરાતની જનતા માટે ખૂબ જ ચિંતાજનક છે. ગુજરાતના રાજ્યસભાના સંસદોને કુલ 208.15 કરોડની ગ્રાન્ટ મળી છે. ભાજપના દિગ્ગજ નેતા જે.પી.નડ્ડાને 14.70 કરોડની ગુજરાતમાંથી ગ્રાન્ટ મળી હતી પરંતુ તેમણે આ ગ્રાન્ટમાંથી એક પણ રૂપિયાનો વપરાશ ગુજરાત માટે કર્યો નથી. આપણે જે વાત માનતા હતા કે રાજ્યસભાના સાંસદો ફક્ત રાજ્યસભામાં જઈને "જી હુજુરી" અને પાટલી ખખડાવવાનું કામ કરે છે એ વાત આજે સાબિત થઈ ગઈ. આ લોકો ફક્ત ગુજરાતના પૈસે એટલે કે સરકારની ગ્રાન્ટે પોતાની સુખ સુવિધાઓ ભોગવે છે પણ ગુજરાત માટે એક પણ પ્રશ્ન ઉઠાવતા નથી. ગુજરાતમાં શિક્ષણ, આરોગ્ય, રોડ રસ્તા, વીજળી સહિત અનેક મુદ્દે પ્રશ્નોનો કોઈ પાર નથી. છતાં પણ રાજ્યસભાના સાંસદોને લાગતું નથી કે ગુજરાતમાં તેમની ગ્રાન્ટ વાપરવી જોઈએ એના કારણે 55 ટકા જેટલી ગ્રાન્ટો વપરાયા વગરની પડી રહી છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા યોગેશ જાદવાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતની ચિંતા કરનારા ભાજપના નેતાઓ માટે સામે આવેલા આંકડાઓ એક વાસ્તવિકતા દર્શાવે છે. તમે ગુજરાતના લોકો માટે ગ્રાન્ટ વાપરતા નથી, ગુજરાતના લોકો માટે પ્રશ્નો ઉઠાવતા નથી, તો શું તમે ફક્ત શોભાના ગાંઠિયા બનવા માટે ત્યાં બેઠા છો? ગુજરાતના હજારો પ્રશ્ન છે તો તેના મુદ્દે તમારી જવાબદારી છે કે તમે આ પ્રશ્નો રાજ્યસભામાં ઉઠાવો. રોડ, રસ્તા, પાણી, શાળા, હોસ્પિટલ જેવી સુવિધાઓમાં તમે તમારી ગ્રાન્ટનો ઉપયોગ કરો. તમે જે કહો છો કે ભાજપને ગુજરાત પ્રત્યે લાગણી છે પરંતુ હકીકત આનાથી એકદમ વિપરીત છે. તમે ગુજરાતનું અહીત કરનારા લોકો છો અને આજે મીડિયા રિપોર્ટમાં આંકડા આવ્યા છે એમાં તમારો અસલી ચહેરો ખુલ્લો પડી ગયો છે. ભાજપને અમે જણાવવા માંગીએ છીએ કે રાજ્યસભામાં "જી હુજુરી" અને પાટલી ખખડાવવાનું કામ કરનાર નેતાઓની ગુજરાતની જરૂરત નથી. રાજ્યસભામાં ગુજરાતના લોકો માટે અવાજ ઉઠાવે અને ગુજરાતના લોકો માટે ગ્રાન્ટ વાપરે એવા લોકોને રાજ્યસભામાં મોકલે, જેથી ગુજરાતનું કંઈ ભલું થાય. ભાજપે ગુજરાતને બરબાદ કરવામાં કંઈ બાકી રાખ્યું નથી.

# ડ્રાઈવરનું માથું ફોડી ભાવનગરના વેપારી સાથે લૂંટ:'રોંગ સાઇડમાં કેમ આવો છો?' કહેતાં સ્વિફ્ટ કારના સવારોનો હુમલો

અમદાવાદ | શહેરના એસ.જી. હાઈવેથી સનાથલ બ્રિજ તરફ જતા રસ્તા પર રોડ રેજ અને લૂંટની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ટ્રાફિકના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરીને રોંગ સાઈડમાં પૂરઝડપે આવી રહેલી કારના ચાલકને 'ગાડી જોઈને ચલાવો' તેમ કહેવું ભાવનગરના એક વૃદ્ધ વેપારી અને તેમના ડ્રાઈવરને ભારે પડ્યું છે. રોંગ સાઈડમાં આવેલા 3 અજ્ઞાત શખ્સોએ ઉશ્કેરાઈને વેપારીની ઈનોવા ગાડીનો કાચ તોડી નાખ્યો હતો અને ડ્રાઈવર પર પથ્થર વડે હુમલો કરી તેનું માથું ફોડી નાખ્યું હતું. આટલું જ નહીં, આરોપીઓ જતા-જતા વેપારીનો કિંમતી મોબાઈલ ફોન પણ લૂંટીને ફરાર થઈ ગયા હતા. આ મામલે સરખેજ પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ભાવનગરમાં રહેતા 72 વર્ષીય ભૂપતભાઈ શાહ લોખંડ ટ્રેડિંગનો વ્યવસાય કરે છે. તેઓ ગત 20 મેના રોજ વ્યાપારી કામકાજ અર્થે અમદાવાદ આવ્યા હતા અને ત્યાંથી મુંબઈ ગયા હતા. ત્યારબાદ 22 મેના રોજ તેઓ મુંબઈથી અમદાવાદ પરત આવ્યા અને 23 મેના રોજ પોતાની ઈનોવા કારમાં અમદાવાદથી ભાવનગર જવા નીકળ્યા હતા. આ દરમિયાન એસ. જી. હાઈવેથી સનાથલ બ્રિજ તરફ જતા રોડ પર સામેથી એક સ્વિફ્ટ કાર પૂરઝડપે રોંગ સાઈડમાં આવી રહી હતી. અકસ્માત ન સર્જાય તે માટે ભૂપતભાઈના ડ્રાઈવરે સ્વિફ્ટ કારના ચાલકને ગાડી જોઈને ચલાવવા જણાવ્યું હતું, જેથી સ્વિફ્ટ કાર ત્યાં ઊભી રહી ગઈ હતી. સ્વિફ્ટ કાર ઊભી રાખ્યા બાદ તેમાંથી આશરે 30થી 35 વર્ષની ઉંમરના 3 શખ્સો નીચે ઉતર્યા હતા, જેમાંથી એકના હાથમાં લાકડાનો દંડો હતો. ડ્રાઈવરે 'રોંગ સાઈડમાં ગાડી કેમ ચલાવો છો?' તેમ પૂછતાં જ ત્રણેય શખ્સોએ ઉશ્કેરાઈને ગાળાગાળી શરૂ કરી દીધી હતી. એક શખ્સે દંડા વડે ઈનોવા કારનો કાચ તોડી નાખ્યો હતો અને ડ્રાઈવરને ગાડીમાંથી બહાર ખેંચી ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. 72 વર્ષીય ભૂપતભાઈ પોતાના ડ્રાઈવરને બચાવવા વચ્ચે પડ્યા, તો હુમલાખોરોએ તેમને પણ લાકડાના દંડાથી 3-4 ફટકા મારી દીધા હતા. આ દરમિયાન એક યુવકે નીચેથી મોટો પથ્થર ઉપાડીને ડ્રાઈવરના માથામાં પૂરા જોશથી ઝીંકી દીધો હતો, જેના કારણે ડ્રાઈવરનું માથું ફાટી જતાં તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. મોબાઈલ ઝૂંટવી હુમલાખોરો ફરાર, સરખેજ પોલીસમાં ફરિયાદ હુમલો કર્યા બાદ પણ આ શખ્સોનો આક્રોશ શાંત થયો નહોતો અને જતા-જતા તેઓ ભૂપતભાઈના હાથમાંથી તેમનો મોબાઈલ ફોન પણ ઝૂંટવીને પોતાની સ્વિફ્ટ કારમાં ત્યાંથી નાસી છૂટ્યા હતા.\

# News Brief

## કેપ્ટન પોલીપ્લાસ્ટે નાણાકીય વર્ષ 26 માં મજબૂત પ્રદર્શન કર્યું; Q4 ચોખ્ખો નફો 91% વધ્યો, કુલ આવક 45% વધી

ગાંધીનગર | રાજકોટ સ્થિત કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડ (CPL), જે સૂક્ષ્મ સિંચાઈ અને સૌર EPC ક્ષેત્રોમાં અગ્રણી કંપની છે, તેણે નાણાકીય વર્ષ 26 માટે મજબૂત નાણાકીય પ્રદર્શન નોંધાવ્યું છે. કંપનીના ડિરેક્ટર બોર્ડે 23 મે, 2026 ના રોજ યોજાયેલી તેની બેઠક દરમિયાન 31 માર્ચ, 2026 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષ માટે ઓડિટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી હતી. કંપનીના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ 26 માટે કુલ આવક વાર્ષિક ધોરણે 45% વધીને 419.75 કરોડ થઈ છે. EBITDA 46.32 કરોડ રહ્યો હતો, જ્યારે ચોખ્ખો નફો 27.78 કરોડ થયો હતો. કંપનીએ સ્પષ્ટતા કરી હતી કે નાણાકીય વર્ષ 25 ના નફામાં અસાધારણ લાભનો સમાવેશ થાય છે, જેના કારણે સીધી સરખામણી કરવી મુશ્કેલ બની છે.Q4 FY26 માં મજબૂત વૃદ્ધિQ4 FY26 માટે, કુલ આવક વાર્ષિક ધોરણે 80% વધીને 142.22 કરોડ થઈ. EBITDA 66% વધીને 14.16 કરોડ થયો, જ્યારે ચોખ્ખો નફો 91% વધીને 9.76 કરોડ થયો.પ્રદર્શન મેટ્રિક્સ Q4 FY26 કુલ આવક: 142.22 કરોડ (વાર્ષિક વૃદ્ધિ: 80%)Q4 FY26 ચોખ્ખો નફો: 9.76 કરોડ (વાર્ષિક વૃદ્ધિ: 91%)FY26 કુલ આવક: 419.75 કરોડ (વાર્ષિક વૃદ્ધિ: 45%) MSEDCL ઓર્ડર મૂલ્ય: 8.17 કરોડમુખ્ય નાણાકીય હાઈલાઈટ્સ કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે Q4 અને સંપૂર્ણ નાણાકીય વર્ષ FY26 માટે આવક અને નફા બંનેમાં નોંધપાત્ર વાર્ષિક વૃદ્ધિ નોંધાવી છે. Q4 FY26 માં, કંપનીએ 142.22 કરોડની કુલ આવક અને 9.76 કરોડનો ચોખ્ખો નફો હાંસલ કર્યો. સંપૂર્ણ વર્ષ FY26 માટે, કુલ આવક 419.75 કરોડ પર પહોંચી, ચોખ્ખો નફો 31.32 કરોડ રહ્યો.

## અમદાવાદમાં બ્રાન્ડેડ કંપનીઓના નામે નકલી સામાન પધરાવતું રેકેટ ઝડપાયું

અમદાવાદ | અમદાવાદમાં જાણીતી કંપનીઓના પેકિંગ અને લોગોની આબેહૂબ નકલ કરી ગ્રાહકોને નકલી સામાન પધરાવી આર્થિક લાભ ખાટતી ટોળકી સક્રિય થઈ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે એસ. જી. હાઈવે પર આવેલા સોલા ભાગવત ગેટ નજીકથી નકલી સિગારેટ, ઘી, ચા અને મસાલા સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરતા 3 શખસોને ઝડપી પાડ્યા છે. કોપીરાઈટ એક્ટના ભંગ બદલ પોલીસે આ ત્રણેય સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, બેંગ્લોર સ્થિત એક ઓથોરાઈઝ્ડ એજન્સીના અધિકારીને અમદાવાદમાં બ્રાન્ડેડ કંપનીની નકલી સિગારેટ વેચાતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે એજન્સીના અધિકારીએ ડમી ગ્રાહક બનીને નકલી સામાન વેચતા શખસનો સંપર્ક કર્યો હતો અને મોટા જથ્થામાં માલ ખરીદવાના બહાને તેને સોલા ભાગવત ગેટ પાસે બોલાવ્યો હતો. આ દરમિયાન ક્રાઈમ બ્રાંચની ટીમે ઘટનાસ્થળે વોચ ગોઠવી દીધી હતી.

ત્યાં કાર લઈને પહોંચેલા ત્રણ શખસો અરુણકુમાર ગુપ્તા, સચિન ગુપ્તા અને સુજીત પોદ્દારને પોલીસે ઘેરી લીધા હતા. કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારમાંથી માત્ર નકલી સિગારેટ જ નહીં, પરંતુ રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી અનેક જાણીતી બ્રાન્ડ્સનો નકલી જથ્થો મળી આવ્યો હતો.

## 613 કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ:8 પાસ આરોપીઓએ અનેકને શીશામાં ઉતાર્યા

ગાંધીનગર | રાજ્યમાં વધતા સાયબર ફ્રોડ સામે ગુજરાત પોલીસે શરૂ કરેલા "મ્યુલ હંટ 2.0" અભિયાન હેઠળ મોટી સફળતા મળી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કાર્યવાહી કરીને પોલીસે સાયબર ફ્રોડના 13 આરોપીઓને ઝડપી પાડ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપીઓ 631 કરોડ રૂપિયાથી વધુના ઓનલાઈન ફ્રોડમાં સંડોવાયેલા હતા. એટલું જ નહીં મોટાભાગના આરોપી 8 પાસ જ હતા. તેમ છતા ટેક્નોલોજીની મદદથી લોકો સાથે સાયબર ફ્રોડ કરતા હતા.

અમદાવાદ, સુરત, ગાંધીનગર, ભરૂચ અને રાજકોટ સહિતના વિસ્તારોમાંથી ઝડપાયેલા આરોપીઓ વિવિધ સાયબર ગેંગ સાથે જોડાયેલા હોવાનું ખુલ્યું છે. આરોપીઓની ધરપકડ બાદ દેશભરમાં 982 જેટલા સાયબર ફ્રોડ કેસ સોલ્વ કરવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસ તપાસ દરમિયાન રાજકોટથી ઝડપાયેલા વિમલ જાડા મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે. જ્યારે અમદાવાદ અને સુરતમાંથી ઝડપાયેલી ગેંગ પાસેથી અનેક બેન્કની પાસબુક, એકાઉન્ટ સંબંધિત દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસ.પી. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ઈન્ચાર્જ ડીજીપીની સૂચનાથી 'મ્યુલ ઓપરેશન' એટલે કે 'મ્યુલ હન્ટ ૨.૦' (Mule Hunt 2.0) હાથ ધરવામાં આવ્યું હતું. તે અંતર્ગત ચાર અલગ-અલગ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. આ ચાર ગુનાઓમાં અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ અને રાજકોટ ખાતેથી અલગ-અલગ 13 આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે.

# ગિફ્ટ સિટીમાં શૂટ સ્પેસ કંપનીનું કરોડોનું કૌભાંડ પ્રકરણ : ઘનિષ્ઠ પૂછપરછનો દોર શરૂ

ગાંધીનગર | ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં આવેલી શૂટસ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીએ ક્લાઉડ ડેટા સ્ટોરેજ સ્પેસ ભાડે આપવાના નામે મુખ્ય સૂત્રધાર ઉત્પલ પટેલ સહિત છ સંચાલકોએ કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. આ પ્રકરણમાં પકડાયેલા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર એવા અરવલ્લી જિલ્લા પ્રમુખ અરુણ વીરચંદભાઈ પટેલ અને ઝોનલ મેનેજર સચિન પટેલની એસઆઈટી ટીમે ધરપકડ કરી કોર્ટમાંથી દસ દિવસના રિમાન્ડ મેળવી ઘનિષ્ઠ પૂછતાછનો તખ્તો ઘડી કાઢ્યો છે.

ગિફ્ટ સિટીમાં કાર્યરત શૂટસ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની દ્વારા ડેટા સ્ટોરેજ અને ટેરાબાઈટ સ્પેસમાં રોકાણના નામે કરોડોની ઠગાઈ આચરવામાં આવી હોવાની બૂમરાણના પગલે પોલીસે અરજદારોની રજૂઆતોના આધારે તપાસનો દોર હાથ ધર્યો હતો. જેમાં આ કંપનીના સંચાલકોએ કોઈ પણ પ્રકારના યોગ્ય સર્વર કે ડેટા સ્ટોરેજની સુવિધા ઉભી કર્યા વગર લોકોના નાણાં ડૂબાડવાના ઈરાદે એક ગુનાહિત ષડયંત્ર રચ્યું હોવાનું બહાર આવ્યું છે. કંપનીએ રોકાણકારોને માસિક અને ચોક્કસ ભાડાની લાલચ આપી હતી અને આ માટે ખોટા દસ્તાવેજો તથા ઈનવોઈસ બનાવી રોકાણકારોનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. રોકાણકારો પાસેથી એકત્રિત કરવામાં આવેલી રકમને કંપનીએ પોતાના અન્ય વ્યવસાયો જેવા કે ક્લાઉડજી ટેકનોલોજી લિમિટેડ અને હેરી હોસ્પિટાલિટી એન્ડ લીઝર લિમિટેડમાં ટ્રાન્સફર કરી રોકાણકારોની મૂડી ઉચાપત કરી લીધી હતી.

# ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વંદે ભારત એક્સપ્રેસથી કરી મુસાફરી

ગાંધીનગર | ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે તારીખ 24 મે, 2026 ના રોજ ગાંધીનગર કેપિટલથી સૂરત સુધી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ વંદે ભારત એક્સપ્રેસથી યાત્રા કરી રેલવે યાત્રીઓને સુખદ આશ્ચર્ય આપ્યું. આ અવસર પર માનનીય કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા એ પણ મુખ્યમંત્રી સાથે યાત્રા કરી. રાજ્યના મુખ્યમંત્રીને પોતાની વચ્ચે એક સામાન્ય સહ-યાત્રી રૂપે જોઈને ટ્રેનમાં મુસાફરી કરી રહેલા યાત્રીઓમાં વિશેષ ઉત્સાહ અને આનંદનું વાતાવરણ જોવા મળ્યું. યાત્રા દરમિયાન કેટલાય યાત્રીઓએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સાથે સેલ્ફી લીધી તથા આ વિશેષ અવસરને પોતાના મોબાઈલ કેમેરાઓમાં કેદ કર્યો. મુખ્યમંત્રીએ યાત્રીઓથી આત્મીય સંવાદ સ્થાપિત કરતાં તેમની યાત્રા સંબંધિત અનુભૂતિઓને પણ જાણી.માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશવાસીઓને સાર્વજનિક પરિવહનના બહોળા ઉપયોગની કરવામાં આવેલ અપીલને અનુરૂપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હવાઈ યાત્રાને બદલે રેલવે યાત્રાને પ્રાથમિકતા આપી. તેમણે કહ્યું કે રેલવે જેવા સાર્વજનિક પરિવહનના સાધન ફક્ત સુરક્ષિત, સુવિધાજનક અને પર્યાવરણને અનુકૂળ જ નથી પરંતુ, સમય અને ઊર્જાની પણ મોટી બચત કરાવે છે. તેમણે નાગરિકોને દેશની પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણ માટે વધારે અને વધારે સાર્વજનિક પરિવહનનો ઉપયોગ કરવાનો આગ્રહ કર્યો.મુખ્યમંત્રીએ વંદે ભારત એક્સપ્રેસની સ્વચ્છતા, આધુનિક સુવિધાઓ તથા યાત્રીઓને આપવામાં આવી રહેલી સેવાઓની પ્રશંસા કરતાં કહ્યું કે ભારતીય રેલવે દેશમાં ઝડપી, સુરક્ષિત અને વિશ્વસ્તરના યાત્રા અનુભવ કરાવવાની દિશામાં સતત કામ કરી રહ્યું છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સહજ અને સાધારણ યાત્રાએ સામાન્ય જનતા વચ્ચે સાર્વજનિક પરિવહન પ્રત્યે સકારાત્મક સંદેશ પ્રસારિત કર્યો છે તથા નાગરિકોને વધુને વધુ સાવર્જનિક પરિવહન અપનાવવા માટે પ્રેરિત કર્યા છે.

# વિજાપુરના મોતીપુરા પાસે કારચાલકે બાઈક-મોપેડને ઉડાવ્યા, 2 ના મોત

મહેસાણા | મહેસાણા જિલ્લામાં વિજાપુરના મોતીપુરા ગામ પાસે એક પૂરઝડપે ધસી આવેલી કારે બાઈક અને મોપેડને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક અને મોપેડ સવાર બંને વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. જ્યારે કારમાં સવાર અન્ય આઠ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી અનુસાર, મોતીપુરા ગામ પાસેથી રાજસ્થાન તરફથી આવી રહેલી કારચાલકે અચાનક પોતાના વાહન પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી કારે રસ્તા પરથી પસાર થઈ રહેલા એક બાઈક અને મોપેડને અડફેટે લીધા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે કારની પ્રચંડ ટક્કર વાગતા જ બંને દ્વિચક્રી વાહનો રોડ પરથી ફંગોળાઈને સીધા બાજુના ખેતરમાં જઈ પડ્યા હતા. અકસ્માતને પગલે ઘટનાસ્થળે સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર આઠ મુસાફરોને પણ નાની-મોટી અને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

# ગરમી યથાવત, રાજ્યમાં પારો 40°C ને પાર રહેશે : રાજકોટમાં 42.7 ડિગ્રી સાથે અસહ્ય બફારો, 29મી સુધી વાતાવરણ સૂકું રહેશે; તાપમાનમાં 2 ડિગ્રીનો ઘટાડો

અમદાવાદ | ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો પારો 40C થી ઉપર રહેવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. 24 મેથી 30 મે 2026 દરમિયાન સમગ્ર ગુજરાતમાં હવામાન સંપૂર્ણપણે શુષ્ક રહેશે. રાજકોટમાં 42.7 ડિગ્રી સાથે અસહ્ય બફારો થયો. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં 2 ડિગ્રીનો ઘટાડો થયો છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માના જણાવ્યાં મુજબ, રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની શક્યતા નહિવત છે. સાથે જ તાપમાનમાં પણ ખાસ ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી નથી. આગામી સાત દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેશે અને હાલની સ્થિતિ યથાવત્ રહેશે. ગરમીના કારણે લોકો બપોરના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો રાજકોટમાં સૌથી વધુ 42.4 ડિગ્રી તાપમાન નોંધાયું છે, જેના કારણે લોકોને ભારે ઉકળાટનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને અમદાવાદની વાત કરીએ તો, અમદાવાદમાં 22 મેના રોજ 43 ડિગ્રી સેલ્સિયસ આસપાસ તાપમાન હતું. જેમાં ગઈકાલે (23મે) ઘટાડો થતા 42.3 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. આજે અમદાવાદમાં આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેવાની સંભાવના છે. મહત્તમ તાપમાન 42Cની આસપાસ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું (Southwest Monsoon) ઝડપથી આગળ વધી રહ્યું છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું 23 મે 2026ના રોજ દક્ષિણ-પશ્ચિમ અરબી સમૂદ્રના કેટલાક ભાગો, દક્ષિણ-પૂર્વ અરબી સમૂદ્ર, કોમોરિન વિસ્તાર, બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમ, દક્ષિણ-પૂર્વ અને પૂર્વ-મધ્ય ભાગો તેમજ આંદામાન સમુદ્રના મોટાભાગના વિસ્તારોમાં આગળ વધી ચૂક્યું છે. આગામી 3થી 4 દિવસમાં ચોમાસું વધુ આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે.

ભારતનો અડધાથી વધુ ભાગ તીવ્ર તડકો અને હીટવેવથી તપી રહ્યો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઓડિશાના ઘણા ભાગોમાં તાપમાન હજુ પણ 45Cને પાર જઈ રહ્યું છે. મહારાષ્ટ્રનું બ્રહ્મપુરી શનિવારે સતત બીજા દિવસે દેશમાં સૌથી ગરમ રહ્યું. અહીં 47.1C તાપમાન નોંધાયું. તેલંગાણાના 7 જિલ્લામાં હીટસ્ટ્રોકના કારણે છેલ્લા 24 કલાકમાં 16 લોકોના મોત થયા છે.

પ્રાઈવેટ એજન્સી AQI.in મુજબ, શનિવારે વિશ્વના 50 સૌથી ગરમ શહેરોમાં ભારતના 37 શહેર હતા. આમાં બાંદા, ચંદ્રપુર, રાયપુર, પ્રયાગરાજ જેવા શહેરોનો સમાવેશ થતો હતો. યુપીના બાંદામાં 46.2C તાપમાન રહ્યું. ઓડિશાના ઝારસુગુડામાં 45.2C નોંધાયું.

દિલ્હીના ઘણા ભાગોમાં તાપમાન 44C ને પાર પહોંચી ગયું. જોકે, બપોર પછી યુપી, દિલ્હી, બિહાર, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં વાવાઝોડા સાથે વરસાદ થયો. આનાથી લોકોને ગરમીથી થોડી રાહત મળી. રાજસ્થાનના તમામ શહેરોનું તાપમાન 45C થી નીચે આવી ગયું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### જસદણ રોડ અકસ્માતમાં બેના મોત, ગોખલાણા ગામમાં ઘેરા શોકનું મોજું

# રાજકોટ અકસ્માતમાં બે સગા ભાઈઓના મોત

(એજન્સી) રાજકોટ । તા.24

રાજકોટ જિલ્લાના જસદણ નજીક આવેલા ગોખલાણા ગામના પાટિયા પાસે આજે એક અત્યંત ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર અને જીપ વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં બે સગા પિતરાઈ ભાઈઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અને ખાસ કરીને ગોખલાણા ગામમાં ઘેરા શોકનું મોજું ફરી વળ્યું છે.



### ભયાનક અકસ્માત અને ઘટનાક્રમ

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે ટક્કરના અવાજથી આસપાસના લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. કાર અને બોલેરો જીપ વચ્ચે થયેલી સામસામેની ટક્કરને કારણે બંને વાહનોના ફુરચેફુરચા ઉડી ગયા હતા. અકસ્માતની જાણ થતા જ હાઈવે પર દોડધામ મચી ગઈ હતી. સ્થાનિક લોકો અને પસાર થતા અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

### પરિવાર પર આભ તૂટી પડ્યું

આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા બંને યુવકો સગા પિતરાઈ ભાઈઓ હોવાનું સામે આવતા તેમના પરિવારો પર આભ તૂટી પડ્યું છે. એકસાથે ઘરના બે યુવાન દીકરાઓને ગુમાવનાર પરિવારનો આક્રંદ જોઈને ત્યાં હાજર રહેલા લોકોની આંખો પણ ભીની થઈ ગઈ હતી. ગામમાં આ ઘટનાને પગલે અનેક ઘરોમાં ચૂલા પણ સળગ્યા ન હોવાનું જાણવા મળ્યું છે. આશાસ્પદ યુવકોના અકાળે મોતથી પંથકમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

### ઘાયલોની સારવાર અને પોલીસ કાર્યવાહી

અકસ્માતમાં અન્ય ત્રણ વ્યક્તિઓ પણ ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને તાત્કાલિક ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આટકોટની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું હોસ્પિટલના સૂત્રો જણાવી રહ્યા છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે બંને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની પણ તજવીજ શરૂ કરવામાં આવી છે.

### હાઈવે પર સુરક્ષાનો પ્રશ્ન

જસદણ-રાજકોટ હાઈવે પર અવારનવાર બનતી અકસ્માતની ઘટનાઓએ ફરી એકવાર વાહનચાલકોની સુરક્ષા અંગે પ્રશ્નો ઉભા કર્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે આ માર્ગ પર ટ્રાફિકનું ભારણ વધુ રહેતું હોવા છતાં વારંવાર અકસ્માતો થાય છે, જેના પર નિયંત્રણ મેળવવું અનિવાર્ય છે. પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે, પરંતુ બે નિર્દોષ ભાઈઓએ ગુમાવેલા જીવની ખોટ કોઈ પૂરી શકે તેમ નથી.

## દ્વારકાના ઓખા મઢીમાંથી એક કરોડના ચરસ સાથે એક શખ્સ ઝડપાયો



દ્વારકા/ખંભાળિયા | દેવભૂમિ દ્વારકા જિલ્લાનો દરિયાઈ પટ્ટી વિસ્તાર હાલ માદક પદાર્થોની તસ્કરી માટે સંવેદનશીલ બની ગયો છે. આજરોજ દ્વારકા પોલીસે ઓખા મઢી વિસ્તારમાં સફળ ઓપરેશન પાર પાડીને રૂપિયા ૧.૦૨ કરોડની કિંમતના ૨ કિલો ૫૩ ગ્રામ ચરસના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરી છે. આ ઘટનાને પગલે સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક પોલીસ એલર્ટ થઈ ગઈ છે. દ્વારકા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ઓખા મઢી વિસ્તારમાં ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે ભાવેશ ઉર્ફે ભાવલો કનુભાઈ ચાસીયા નામના શખ્સને ઝડપી લીધો હતો. પોલીસની તપાસમાં તેની પાસેથી ૨ કિલો ૫૩ ગ્રામ ચરસ મળી આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે ૧,૦૨,૬૫,૦૦૦ રૂપિયા જેટલી થાય છે. પોલીસે આરોપીની પાસેથી ચરસ ઉપરાંત મોટરસાયકલ અને મોબાઈલ ફોન પણ કબજે કર્યા છે. પોલીસે કુલ ૧,૦૩,૪૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરા: નવી સાઈટ પર પાંચમા માળેથી પટકાયેલા 19 વર્ષના શ્રમજીવીનું મોત

(એજન્સી) વડોદરા । તા.24

વડોદરાના હરણી વિસ્તારમાં આવેલી એક નિર્માણાધીન સાઈટ પર આજે સવારે સર્જાયેલી દુર્ઘટનામાં ૧૯ વર્ષના એક યુવાન શ્રમજીવીનું કમનસીબ મોત નીપજ્યું છે. હરણી ઈન્ફિનિટી સાઈટ પર પાંચમા માળે સેન્ટિંગનું કામ કરતી વખતે યુવાન અચાનક નીચે પટકાતા ગંભીર ઈજાઓ થવાથી તેનું મૃત્યુ થયું છે. પોલીસે આ મામલે બિલ્ડરની બેદરકારીની દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મૃતક યુવાન વિક્રમકુમાર સગતારામ ચૌધરી મૂળ રાજસ્થાનના સાંચોર જિલ્લાના પહાડપુરા ગામનો વતની હતો. તે છેલ્લા કેટલાક સમયથી વડોદરામાં રહીને મજૂરી કામ કરતો હતો. આજે સવારે જ્યારે તે પાંચમા માળે સેન્ટિંગનું કામ કરી રહ્યો હતો, ત્યારે કોઈ કારણસર તે નીચે પટકાઈ ગયો હતો. તેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. હરણી રોડ પર આવેલી આ સાઈટનું બાંધકામ લગભગ પૂરું થઈ ગયું હતું, અને માત્ર થોડું કામ બાકી હતું. આ કામગીરી દરમિયાન જ આ દુર્ઘટના ઘટતા પરિવાર અને કામદારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હરણી પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ દુર્ઘટના માટે સાઈટ પર સુરક્ષા વ્યવસ્થામાં રાખવામાં આવેલી બેદરકારી જવાબદાર છે કે કેમ, તે અંગે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

### બાંધકામ સાઈટ પર સુરક્ષાનો સવાલ

બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકો માટે સુરક્ષાના સાધનોની ઉપલબ્ધતા અને કામ દરમિયાનની સાવચેતી બાબતે આ કિસ્સાએ ફરીથી ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. શું બિલ્ડર દ્વારા સુરક્ષાના પૂરતા પગલાં લેવામાં આવ્યા હતા? શું યોગ્ય સેફ્ટી ગિયર આપવામાં આવ્યા હતા? આ તમામ બાબતો પોલીસ તપાસમાં સ્પષ્ટ થશે. જો તપાસમાં બિલ્ડરની કોઈ પણ પ્રકારની બેદરકારી સાબિત થશે.

## વડોદરા પોલીસે વેશપલટો કરીને અજમેરના કેકડી ગામેથી રાજસ્થાનથી જાલી નોટો લાવનાર એજન્ટ ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા.24

રાજસ્થાનથી ડુપ્લિકેટ ચલણી નોટો વડોદરા લાવવાના ચકચારી કૌભાંડમાં પોલીસને મોટી સફળતા મળી છે. મુખ્ય સૂત્રધાર મનોહર ઉર્ફે મુન્ના પાસેથી ડુપ્લિકેટ નોટો મેળવી બુલેટ પર ડિલિવરી આપનાર એજન્ટ અશોક રામરતન જાટને વડોદરા એસઓજી પોલીસે અજમેરના કેકડી ગામમાંથી ઝડપી પાડ્યો છે. આ ધરપકડથી હવે મુખ્ય સૂત્રધાર મુન્ના સુધી પહોંચવાનો માર્ગ સરળ બન્યો છે.



આ કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે મૂળ વલસાડના સાગર મારુ નામના યુવકે વાઘોડિયારોડ સ્થિત એચડીએફસી બેંકમાં ૫૦૦ની ૨૦ ડુપ્લિકેટ નોટો જમા કરાવી હતી, જે મશીનમાં પકડાઈ ગઈ હતી. ત્યારબાદ પોલીસ તપાસમાં મોરબીના ધનુષ પ્રકાશ હેલ્લીકરીનું નામ સામે આવ્યું હતું, જેણે લખપતિ બનવા માટે અક્ષય ગોયેલ મારફતે રાજસ્થાનના મુન્ના સાથે સંપર્ક કર્યો હતો. પોલીસ અત્યાર સુધીમાં આ પ્રકરણમાં કુલ છ શખ્સોને ઝડપી ચૂકી છે. તપાસમાં ખૂલ્યું હતું કે, આરોપીઓએ ડુપ્લિકેટ નોટો મેળવવાનો વિચાર સુરતના યોગગુરુ પ્રદીપ જોટાંગિયાની સોશિયલ મીડિયા રીલ જોઈને કર્યો હતો. આરોપીઓ ૨૬ એપ્રિલે રાજસ્થાન જઈને ૫૦ હજારની અસલી નોટો આપી ૧ લાખની જાલી નોટો લઈ આવ્યા હતા. આ નોટોની ડિલિવરી આપવાની કામગીરી અશોક જાટ કરતો હતો. એસઓજી પીઆઈ જે.આર. ગામીતની ટીમે આ ઓપરેશન પાર પાડવા માટે અજમેરના કેકડી ગામમાં બે દિવસ સુધી શ્રમજીવી અને ટેમ્પો ચાલકનો વેશ ધારણ કર્યો હતો.

## વડોદરા: સ્નેહ હોસ્પિટલના મેડિક્લેમ 6.24 લાખનું કૌભાંડના સૂત્રધારો ફરાર

(એજન્સી) વડોદરા । તા.24

વડોદરાના સનફાર્મા રોડ પર આવેલી સ્નેહ મલ્ટિ સ્પેશ્યાલિટી હોસ્પિટલ દ્વારા આચરવામાં આવેલા ૬.૨૪ લાખ રૂપિયાના મેડિક્લેમ કૌભાંડમાં તપાસ જટિલ બની છે. હોસ્પિટલના વહીવટકર્તાઓએ ત્રણ અલગ-અલગ ઈન્સ્યોરન્સ કંપનીઓમાં દર્દીઓની બોગસ ફાઈલો રજૂ કરીને રકમ મેળવી હતી. આ કૌભાંડ બહાર આવતા જ મુખ્ય સૂત્રધારો પોલીસ પકડથી દૂર ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

મીડિયા અહેવાલ અને પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સ્નેહ હોસ્પિટલે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, બિરલા હેલ્થ અને કેર હેલ્થ ઈન્સ્યોરન્સમાં ત્રણ પરપ્રાંતીય દર્દીઓના નામે મેડિક્લેમ ક્લેમ કર્યા હતા. જોકે, તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ ફાઈલોમાં રહેલા તમામ રિપોર્ટ બોગસ હતા અને જે ડોક્ટરે સારવાર કરી હોવાનું દર્શાવ્યું હતું, તેમણે પોતે આવી કોઈ સારવાર ન કરી હોવાનું સોગંદનામું કર્યું છે. આ ગંભીર કૌભાંડ અંગે જેપી રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

પીએસઆઈ એસ.વી. સાખરાની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ હોસ્પિટલ દોઢ વર્ષ પહેલાં સુરતના સતીષ હિંગુ અને પ્રતીક ખૂંટ દ્વારા શરૂ કરવામાં આવી હતી. ફરિયાદ નોંધાયા બાદ પોલીસ જ્યારે તેમની પૂછપરછ કરવા માટે હોસ્પિટલ પહોંચી ત્યારે બંને સંચાલકો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ ઉપરાંત, જે દર્દીઓના નામે મેડિક્લેમ લેવામાં આવ્યા છે, તેમનો પણ હજુ સુધી કોઈ અતોપત્તો મળ્યો નથી.

પોલીસે હવે ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસે તમામ શંકાસ્પદ મેડિક્લેમની વિગતો મંગાવી છે, જેથી અન્ય કેટલા દર્દીઓના નામે કૌભાંડ આચરવામાં આવ્યું છે તે જાણી શકાય. આશંકા છે કે આ આંકડો ૬.૨૪ લાખથી પણ વધી શકે છે. હાલમાં જેપી રોડ પોલીસ આ બંને ફરાર સંચાલકોને શોધવા માટેના ચક્રો ગતિમાન કરી રહી છે. આ કૌભાંડમાં હોસ્પિટલના અન્ય સ્ટાફની સંડોવણી છે કે નહીં, તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

## વડોદરા બસ ડેપો પરથી ચાર કિલો ગાંજા સાથે ઝારખંડનો પેડલર ઝડપાયો



વડોદરા | વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નશીલા પદાર્થોની હેરાફેરીના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. સયાજીગંજ પોલીસે આજે વડોદરા બસ ડેપો પરથી ચાર કિલો ગાંજાના જથ્થા સાથે ઝારખંડના એક પેડલરને ઝડપી પાડ્યો છે. આ સાથે જ છેલ્લા ૧૫ દિવસમાં શહેરમાંથી કુલ ૧૫ કિલો જેટલો ગાંજો પકડાયો હોવાનું સામે આવ્યું છે. છાણી રેલવે સ્ટેશને ટ્રેનમાંથી ઉતરીને પેડલર ગાંજાનો થેલો લઈને ભાવનગર જવા માટે એસટી ડેપો પહોંચ્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે સયાજીગંજ પોલીસે તેને દબોચી લીધો હતો. થેલાની તપાસ કરતાં તેમાંથી ૨ લાખ રૂપિયાથી વધુની કિંમતનો ૪ કિલો ગાંજો મળી આવ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ ઘનશ્યામ સિંઘ લક્ષ્મણસિંઘ ભોક્તા છે, જે મૂળ ઝારખંડના ચતરા જિલ્લાનો રહેવાસી છે. પોલીસ પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે તે ભાવનગરના 'રૂપા' નામના એજન્ટને આ ગાંજાનો જથ્થો પહોંચાડવા જઈ રહ્યો હતો.

### જૂનાગઢ જામનગરમાં 12 ટ્રક સીઝ

# જૂનાગઢ અને જામનગરમાં ખનીજચોરી પર તવાઈ



(એજન્સી) રાજકોટ । તા.24

જૂનાગઢ અને જામનગર જિલ્લામાં ચાલી રહેલી વ્યાપક ખનીજચોરી સામે રાજકોટની ફ્લાઈંગ સ્ક્વૉડે આકસ્મિક દરોડા પાડીને કરોડોનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. રોયલ્ટી ભર્યા વગર બેલા પથ્થર, લાઈમસ્ટોન, બ્લેકટ્રેપ અને રેતીની હેરફેર કરતા ૧૨ જેટલા ડમ્પર અને ટ્રક ઝડપાઈ જતાં ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. કુલ ૨.૧૫ કરોડ રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરીને કાયદેસરની દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજકોટ સ્થિત મદદનીશ ફ્લાઈંગ સ્ક્વોડ નિયામકની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ દરોડા પાડવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે સ્થાનિક ખાણ-ખનીજ વિભાગ અને વહીવટી તંત્રની નાક નીચે લાંબા સમયથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ધમધમી રહી હતી, પરંતુ તંત્ર કાં તો અજાણ હતું અથવા આંખ આડા કાન કરતું હતું. ફ્લાઈંગ સ્ક્વોડના આ આક્રમક અભિગમને કારણે સ્થાનિક ભ્રષ્ટ તંત્રની કામગીરી સામે પણ હવે સવાલો ઉભા થયા છે. હવે ગાંધીનગરથી આ મામલે કોઈ કડક પગલાં લેવામાં આવશે કે કેમ, તેના પર સૌની નજર છે.

ફ્લાઈંગ સ્ક્વૉડે જૂનાગઢ જિલ્લાના ત્રણ મુખ્ય વિસ્તારોમાં વોચ ગોઠવીને સફળતા મેળવી હતી. કેશોદના દીવરાણા ધાર પાસે રોયલ્ટી પાસ વિના લાઈમસ્ટોન લઈ જતા ૬ ડમ્પર ઝડપી ૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આ ઉપરાંત મેંદરડા ખાતેથી સાદી રેતી અને બ્લેકટ્રેપ ભરેલા ૨ ડમ્પર (૩૦ લાખનો મુદ્દામાલ) અને વંથલીથી હાર્ડ મોરમ ભરેલી એક ટ્રક (૩૦ લાખનો મુદ્દામાલ) પકડવામાં આવી હતી. આ તમામ વાહનોને નજીકના પોલીસ સ્ટેશન કે સ્ટોન ક્રશરમાં સીઝ કરીને કસ્ટડીમાં સોંપી દેવામાં આવ્યા છે.

માત્ર જૂનાગઢ જ નહીં, પણ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં પણ ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે ઓપરેશન હાથ ધર્યું હતું. ધ્રોલ વિસ્તારમાં તપાસ દરમિયાન બ્લેકટ્રેપ ખનીજનું ગેરકાયદે વહન કરતા ૩ વાહનો ઝડપાઈ ગયા હતા. આ ત્રણેય ટ્રકોને તાત્કાલિક સીઝ કરીને ધ્રોલ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવામાં આવ્યા છે. કુલ ૧૨ વાહનો અને તેમાં ભરેલી ખનીજ મળીને ૨.૧૫ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવતા ખનીજ માફિયાઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

### આગામી કાયદાકીય પ્રક્રિયા

જપ્ત કરાયેલા તમામ વાહનો અને ખનીજ અંગે હાલમાં કાયદેસરની દંડાત્મક અને કોર્ટ કાર્યવાહી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ફ્લાઈંગ સ્ક્વોડના સૂત્રોના જણાવ્યા અનુસાર, ગેરકાયદેસર રીતે સરકારી તિજોરીને નુકસાન પહોંચાડનારા તત્વો સામે હજુ પણ આ પ્રકારની આકસ્મિક તપાસ ચાલુ રહેશે. પોલીસ અને ખાણ-ખનીજ વિભાગે આ અંગે વિશેષ રિપોર્ટ તૈયાર કરી ઉચ્ચ અધિકારીઓને મોકલી આપ્યો છે, જેથી આગળની કાર્યવાહી વધુ સઘન બની શકે. રાજકોટ ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીથી સ્પષ્ટ થાય છે કે સરકાર ગેરકાયદે ખનીજ પ્રવૃત્તિઓ રોકવા માટે મક્કમ છે.

### રાજકોટ જિલ્લામાં પશુઓ પર સંકટ, કાળઝાળ ગરમીથી દૂધ ઉત્પાદન ઘટ્યું

# રાજકોટ જિલ્લામાં 927 પશુઓ કાળઝાળ ગરમીથી બીમાર

(એજન્સી) રાજકોટ । તા.24

રાજ્યભરમાં વર્તાતી કાળઝાળ ગરમી અને હીટ વેવની સીધી અસર હવે અબોલ પશુધન પર પણ જોવા મળી રહી છે. રાજકોટ જિલ્લામાં સતત ઊંચા તાપમાનને કારણે પશુઓમાં રોગચાળો અને શારીરિક તણાવના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. જિલ્લા પંચાયત હસ્તકના પશુ દવાખાનાઓમાં અત્યાર સુધીમાં ૯૨૭ જેટલા બીમાર પશુઓને તાત્કાલિક સારવાર આપવામાં આવી છે. ગરમીના આ કહેરને કારણે માત્ર પશુઓનું સ્વાસ્થ્ય જ નહીં, પરંતુ પશુપાલકોનું દૂધ ઉત્પાદન પણ ગંભીર રીતે પ્રભાવિત થયું છે.

રાજકોટ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ગાય, ભેંસ, ઘેટા-બકરાં, શ્વાન અને ઘોડા સહિતના પશુઓમાં બિમારીનું પ્રમાણ વધ્યું છે. પશુ ચિકિત્સકોના મતે, આ ઉનાળામાં પશુઓમાં તાવ, ઝાડા, આંચળનો સોજો, અપચો અને આફરો જેવી સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે. ખાસ કરીને રૂમીનલ ઈમ્પેક્શન એટલે કે પશુઓના પાચન માર્ગમાં અવરોધ પેદા થવાની ઘટનાઓ વધુ નોંધાઈ રહી છે. આ પરિસ્થિતિને કારણે ૩૫ ટકા જેટલા દુધાળા પશુઓ તણાવમાં છે. ગરમીના કારણે પશુઓના ખોરાક લેવાની ક્ષમતામાં મોટો ઘટાડો થયો છે. પશુઓ ભૂખ ન લાગવાને કારણે ઓછો ખોરાક લેતા હોવાથી દૂધના ઉત્પાદનમાં ૨૦ થી ૩૦ ટકા સુધીનું મોટું ગાબડું પડ્યું છે. આ આર્થિક ફટકાને કારણે પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા નાના-મોટા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. જ્યારે પણ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર જાય છે, ત્યારે પશુઓને 'હીટ સ્ટ્રોક' આવવાની શક્યતા વધી જાય છે, જે તેમના જીવન માટે ઘાતક સાબિત થઈ શકે છે.



ગાંધીનગર પશુપાલન નિયામકની કચેરી દ્વારા ખાસ ગ્રીષ્મ લહેર વ્યવસ્થાપન માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે મુજબ પશુપાલકોને પોતાના પશુઓને સવારે ૧૧ થી સાંજના ૪ વાગ્યા સુધી છાંયડામાં રાખવા આદેશ આપવામાં આવ્યો છે. પશુ આવાસના પતરા પર ઘાસ કે પરાળ પાથરી તેને સફેદ રંગ કરવો જેથી ગરમીનું પ્રમાણ ઘટે. આ ઉપરાંત પશુઓને પૂરતા પ્રમાણમાં ઠંડુ પાણી આપવું અને ખોરાકમાં મિનરલ મિક્સચર ઉમેરવા સૂચન કરાયું છે. પશુઓના શેડમાં તાપમાન ઘટાડવા માટે સ્પ્રિંકલર્સ અને ભીના શણના કોથળાનો ઉપયોગ કરવો ખૂબ જ અસરકારક રહેશે.

જો કોઈ પશુ હાંફવા લાગે, જીભ બહાર કાઢે અથવા ખેંચ કે ધ્રુજારી અનુભવે, તો પશુપાલકોએ વિલંબ કર્યા વિના નજીકના પશુ દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ. સરકાર દ્વારા ૧૯૬૨ હેલ્પલાઈન નંબર પણ કાર્યરત છે, જ્યાંથી તાત્કાલિક પશુચિકિત્સા સેવા મેળવી શકાય છે. તંત્ર દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે જેથી રોગચાળાને કાબૂમાં રાખી શકાય.

રાજકોટ જિલ્લામાં પશુધનની રક્ષા માટે પશુપાલકો અને વહીવટી તંત્ર બંનેએ સાથે મળીને કામ કરવું પડશે. આ આકરી ગરમીના સમયમાં પશુઓને પૂરતી માવજત અને ઠંડક પૂરી પાડવી એ જ એકમાત્ર ઉપાય છે. આવનારા દિવસોમાં પણ ગરમીનું પ્રમાણ વધવાની સંભાવના છે, ત્યારે પશુધનની સુરક્ષા એ પશુપાલકો માટે સૌથી મોટી પ્રાથમિકતા બની ગઈ છે.

### સ્કૂલ બસ અને રિક્ષા ભાડા વધવાની શક્યતા

## ઈંધણ મોંઘું થતા ટેક્સી ભાડામાં કિલોમીટર દીઠ રૂ. 3નો વધારો

(એજન્સી) રાજકોટ/અમદાવાદ । તા.24

પેટ્રોલિયમ પેદાશો અને CNGના ભાવમાં થયેલા સતત વધારાને પગલે પરિવહન સેવાઓ મોંઘી થઈ છે. ટેક્સી ઓપરેટરોએ નાછૂટકે ટેક્સીના ભાડામાં પ્રતિ કિલોમીટર ૨થી ૩ રૂપિયાનો વધારો કર્યો છે. ઈંધણના ભાવ સાથે ટોલ ટેક્સ, મેન્ટેનન્સ અને ડ્રાઈવરોના ભોજનના ખર્ચમાં થયેલા વધારાને કારણે ટેક્સી સંચાલકો આર્થિક ભીંસ અનુભવી રહ્યા છે.

ટેક્સી સંચાલકોનું કહેવું છે કે, ભાડા વધારવા છતાં ગ્રાહકો ગુમાવવાનો ડર સતાવી રહ્યો છે, પરંતુ વધતી જતી મોંઘવારી સામે ટકી રહેવા આ પગલું લેવું અનિવાર્ય બન્યું છે. રાજકોટ જેવા શહેરોમાં ઓટો રિક્ષા એસોસિયેશન દ્વારા પણ સંકેત આપવામાં આવ્યો છે કે જો CNGના ભાવમાં વધુ વધારો થશે તો ભાડામાં ફેરફાર કરવો પડશે. અમદાવાદ અને રાજકોટ વચ્ચે અવરજવર કરતી ટેક્સીઓમાં અમુક ડ્રાઈવરોએ ભાવ વધારી દીધા છે, જ્યારે અન્ય રાહ જોઈ રહ્યા છે.



એક તરફ પરિવહન સેવાઓ મોંઘી થઈ રહી છે, તો બીજી તરફ ટેક્સી વ્યવસાયમાં ૨૩ વર્ષની સૌથી મોટી મંદી જોવા મળી રહી છે. અગાઉ ડ્રાઈવરોની અછત રહેતી હતી, પરંતુ હાલની મંદીને કારણે ઘણા ડ્રાઈવરો બેકાર બન્યા છે અને કામની શોધમાં છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે આગામી દિવસોમાં સ્કૂલ બસના ભાડામાં પણ વધારો થવાની શક્યતા છે. મોંઘવારીના આ ચક્રમાં પીસાતી સામાન્ય જનતાને આવનારા સમયમાં વધુ ભાવવધારાનો સામનો કરવો પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે.

### માતા સામે જ બન્યો કાળમુખો બનાવ

## વડોદરાના સેવાસી ગામે દીવાલ પડતા 7 વર્ષની બાળકીનું મોત

(એજન્સી) વડોદરા । તા.24

વડોદરાના સેવાસી ગામે આજે બપોરે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં કાચા મકાનની દીવાલ ધરાશાયી થતા ૭ વર્ષની માસૂમ બાળકીનું ચગદાઈ જવાથી મોત નીપજ્યું છે. આ દુર્ઘટનાને પગલે સમગ્ર વસાહતમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. તાલુકા પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેવાસી ગામની ખોડિયા તલાવડી વસાહતમાં એક શ્રમજીવી પરિવાર રહે છે. આજે સવારે પરિવારના સભ્યો કામ અર્થે બહાર ગયા હતા અને બાળકી ઘરમાં એકલી રમતી હતી. બપોરે લગભગ એક વાગ્યાના અરસામાં બાળકીની માતા કામ પરથી ઘરે પરત ફરી હતી.

માતા ઘરે આવીને જેવી દરવાજો બંધ કરવા ગઈ, તે જ ક્ષણે ઘરની કાચી ઈંટોની દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. આ આકસ્મિક બનાવમાં દીવાલની નીચે બાળકી દબાઈ ગઈ હતી અને ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. માતાની હાજરીમાં જ બનેલી આ કાળમુખી ઘટનાને લઈને પરિવારજનો આઘાતમાં સરી પડ્યા છે.



બનાવની જાણ થતા જ તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાચા મકાનની દીવાલ જર્જરિત હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઈ રહ્યું છે. આ મામલે પોલીસે મૃતકના પરિવારના નિવેદનો નોંધીને તપાસ આગળ વધારી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

**કર્ક : ડ. હ.**

તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂ ટૅન્શન ઘટાડશે.

**સિંહ : મ. ટ.**

તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે.

**તુલા : ર. ત.**

તમારૂ મોહિત કરનારૂ વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ગૃહપ્રવેશ માટે શુભ દિવસ.

**વૃશ્ચિક : ન. ય.**

તમારૂ શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે.

**મકર : ખ. જ.**

તમારૂ માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂ-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**પાર્સલની આડમાં દારૂ બિયર લવાતો હતો**

## જુના બંદર રોડ પરથી વિદેશી દારૂ, બિયર ભરેલી કાર સાથે 3 શખ્સ ગિરફ્તાર

ભાવનગર : ભાવનગર,જુના બંદર રોડ, કાળ ભૈરવદાદાના આશ્રમ પાસે રોડ પર વિદેશી દારૂ અને બિયર ભરેલી કાર સાથે લોકલ ક્રાઈમ બ્રાન્ચે ત્રણ શખ્સને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ભાવનગર, એલસીબીનો સ્ટાફ ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમિયાન બાતમી મળેલ કે, ભગવાન ઉર્ફે ભરત ઝાલા (રહે. થાણે મહારાષ્ટ્ર ) મહારાષ્ટ્રથી પાર્સલમાં પેક કરીને ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો જીગર ઉર્ફે જીગો પ્રવિણભાઇ ઝીંઝરીયા (રહે.શીતળામાંના મંદિર પાસે, કુંભારવાડા, ભાવનગર )ને આપવા માટે તેના સંબંધી દિનેશભાઇ સોલંકી (રહે. ખેડુતવાસ, ભાવનગર) ની સફેદ કલરની મારૂતિ ઈકો કાર રજી.નંબર- જીજે-૦૪-ઈજે ૨૯૮૭માં લઇને કેબલ સ્ટેડ બ્રીજથી ભાવનગર તરફ આવી રહ્યાં છે.

આ કારનું પાયલોટીંગ બ્લ્યુ કલરનું સુઝુકી કંપનીનું એક્સેસ સ્કુટર રજી.નંબર- જીજે-૦૪-ઈડી ૯૨૭૯માં જીગર ઉર્ફે જીગાના બનેવી હિતેશ રાઠોડ ( રહે.કરચલીયા પરા,ભાવનગર) કરે છે.જેથી ભાવનગર,જુના બંદર રોડ, કાળ ભૈરવદાદાના આશ્રમ પાસે રોડ પર દરોડો પાડી કારમાં તલાશી લેતા પ્લાસ્ટિક વીંટાળેલ પાર્સલમાં કાપડના ટુકડાઓની વચ્ચે પેક કરેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ ,બિયર ટીન મળી ૧૨૫ રૂ.૩૧,૨૬૪ અને કાર ,સ્કૂટર મળી રૂ.૨,૯૧,૭૬૪ ના મુદ્દામાલ સાથે દિનેશ મુળજીભાઇ સોલંકી, ભગવાન ઉર્ફે ભરત વિશ્રામભાઇ ઝાલા,હિતેશ રાજેશભાઇ રાઠોડને ઝડપી લીધા હતા.જ્યારે પાયલોટિંગ કરનાર જીગર ઉર્ફે જીગો પ્રવિણભાઇ ઝીંઝરીયા ફરાર થઈ ગયો હતો.લોકલ ક્રાઈમ બ્રાન્ચે તમામ વિરૂધ્ધ ભાવનગર શહેર, ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**વૃક્ષો કાપવાની ઘટનાએ જગાવ્યો પર્યાવરણ સંરક્ષણનો મુદ્દો**

# વાંકોલ માતાજીના પરિસરમાં લીલીછમ વનરાઈનો વિનાશ, લોકોમાં આક્રોશ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના વડવા ભોપા ગામના સીમાડામાં આવેલા શ્રી ઠોક વારી વાંકોલ માતાજીના પરિસરમાં અજાણ્યા શખ્સો દ્વારા ખેર, દેશી બાવળ તેમજ લીલી જાળીના વૃક્ષો કાપી નાખવાની ઘટના સામે આવતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. શનિવાર બપોરના સમયે બનેલી આ ઘટનાને લઈને ગામમાં ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ માતાજીના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ તેમજ ગામલોકો માટે આ વૃક્ષો ઉનાળાની ગરમીમાં આશરારૂપ બનતા હતા. થોડા દિવસો અગાઉ અહીં યોજાયેલી શિવકથા દરમિયાન પણ ભક્તોએ આ વૃક્ષોની છાયામાં બેસીને કથાનું શ્રવણ કર્યું હતું. અચાનક પરવાનગી વગર વૃક્ષો કાપી નાખવામાં આવતા લોકોમાં આક્રોશ ફેલાયો છે અને પર્યાવરણ સંરક્ષણનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

વડવા ભોપા ગામના સરપંચ શ્રી દેવાભાઈ





રબારીએ જણાવ્યું હતું કે ઘટનાની જાણ થતા જ નખત્રાણા મામલતદાર તેમજ વન વિભાગને મૌખિક રજૂઆત કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે મંજૂરી વગર વૃક્ષો કાપનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. આ અંગે નખત્રાણા સામાજિક વનીકરણ વિભાગના ઈન્ચાર્જ આર.એફ.ઓ. શ્રી ભરતભાઈ તડવીએ જણાવ્યું હતું કે વિભાગ પાસે હાલ કોઈ લેખિત રજૂઆત આવી નથી. તેમ છતાં સ્થળ તપાસ કરીને વિસ્તાર રેવન્યુ, સીમાડા કે ફોરેસ્ટ વિભાગ હેઠળ આવે છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે. જો નિયમ વિરુદ્ધ વૃક્ષો કાપવામાં આવ્યા હોવાનું સામે આવશે તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે.હાલ વૃક્ષો કોઈ કંપની, વીજ વિભાગ અથવા અન્ય હેતુસર કાપવામાં આવ્યા છે કે નહીં તે અંગે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. ગ્રામજનોએ તંત્રને તાત્કાલિક તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે પર્યાવરણ અને ધાર્મિક સ્થળોની સુરક્ષા જાળવવા અપીલ કરી છે.

**ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલે ખસેડવામાં આવ્યો**

## ડુંડાસ ગામે યુવાન પર 3 શખ્સનો કુહાડી પાઇપ વડે હુમલો

(એજન્સી) ભાવનગર | તા.24



મહુવા તાલુકાના ડુંડાસ ગામે રહેતા યુવાનને પ્રેમ સંબંધ મામલે ત્રણ ઈસમોએ લોખંડના પાઈપ અને કુહાડી વડે માર મારી ઈજા પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મહુવા તાલુકાના ડુંડાસ ગામના મફરપરા પ્લોટ વિસ્તારમાં રહેતા બટુકભાઈ ગીરધરભાઇ ભાલિયાને યુવતી સાથે પ્રેમ સંબંધ હોવાની દાજ રાખી નરેશ કાળુભાઈ શીયાળ,જગા કાળુભાઈ શીયાળ,દિલીપ નરેશભાઈ શીયાળએ એક સંપ કરી રોણીયા ગામ જવાના રસ્તા ઉપર આવેલા પીરબાપાની દરગાહે ધસી જઈ મોટર સાયકલ ઉપર બેઠેલા હતા ત્યારે ત્રણેય બાઈક પર ધસી આવી લોખંડનો પાઈપ બટુકભાઈના બાઈક પર મરતા બટુકભાઈ મારથી બચવા માટે ખેતરોમાં ભાગવા લાગેલ જેથી આ ત્રણેય લોકો તેની મોટરસાયકલ પાછળ આવી ત્રણેય ઈસમે લોખંડના પાઈપ ,કુહાડી વડે બટુકભાઈને માર મારી ગંભીર ઈજા પહોંચાડતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.આ બનાવ સંદર્ભે બટુકભાઈએ ત્રણ શખ્સ વિરૃધ્ધ મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**માર મારી ધમકી આપી**

## બોટાદમાં માતા - પુત્ર પર પિતા - પુત્રએ છરી બતાવી હુમલો કર્યો

ભાવનગર : બોટાદમાં રીક્ષામાં પેસેન્જર ભરવા મામલે પિતા પુત્રએ માતા પુત્રને માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બોટાદના ચરમાળીયા દાદાના મંદિર પાસે રહેતા કમુબેન જગદીશભાઈ લીંબાડિયાના પતી તથા મોટો દિકરો રીક્ષા ચલાવતા હોય કમુબેનના પતી જગદીશભાઈએ કમુબેનના ભાઈના ઘર પાસેથી પેસેન્જર બેસાડી જતા રહ્યા હતા. તે લાખા જોગરાણા જોઈ જતા રામભાઈ લાખાભાઈ જોગરાણાને ફોન કરી બોલાવી રામએ કમુબેનના દિકરાને ગાલ પર લાફો મારી જેમ ફાવે તેમ ગાળો આપી હતી.દરમિયાનમાં કમુબેન પુત્રને બચાવવા જતા કમુબેનને છરી બતાવી પેટમા તથા પેડુના ભાગે પાટુ મારી મુંઢ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી હતી. ઈજાગ્રસ્ત મહિલાને હોસ્પિટલે ખસેડવામાં આવી હતી આ બનાવ સંદર્ભે કમુબેનએ પિતા પુત્ર વિરૃધ્ધ બોટાદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### દરિયામાં ન્હાવા પડેલા ત્રણ બાળકોમાંથી બેના ડૂબી જવાથી કરુણ મોત

તળાજા : તળાજાના સરતાનપર બંદરના તળાજાના સરતાનપર બંદરના દરિયામાં ત્રણ બાળકો ડૂબવાની ઘટના બની છે. રેસ્ક્યુ ટીમ દ્વારા એક બાળકીને બચાવી લેવાઈ છે, જ્યારે બે બાળકોના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે.ભાવનગર જિલ્લાના તળાજા પંથકમાં આવેલા પ્રખ્યાત પ્રવાસન અને ધાર્મિક મહત્વ ધરાવતા સરતાનપર બંદરના દરિયા કિનારેથી એક અત્યંત દુ:ખદ ઘટના પ્રકાશમાં આવી છે. રવિવારની રજા અથવા મોસમના કારણે દરિયા કિનારે ગયેલા સ્થાનિક પરિવારોના ત્રણ માસૂમ બાળકો અચાનક ઉછળતા મોજાની ઝપેટમાં આવી જતાં દરિયાના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

**સજાનો હુકમ**

## ભરણપોષણના કેસમાં 3 શખ્સને કેદની સજા

ભાવનગર : ભરણપોષણ અને ભાડાની રકમ ચૂકવવામાં કસૂરવાન ઠરેલા ત્રણ શખ્સને બરવાળા કોર્ટે સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના સોનઠા ગામે દેવીપૂજક વાસમાં રહેતો મહેશ ભાવુભાઈ ખાવડિયાને બરવાળાના પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડી. મેજિ. ફર્સ્ટ ક્લાસ એ.પી. જોષીએ તા.૧૫-૧૧-૨૦૨૨થી તા.૧૫-૧૧-૨૦૨૪ સુધીના ભરણપોષણ અને ભાડાની રકમ ચૂકવવામાં કસૂર બદલ ૨૪૦ દિવસ સાદી કેદની સજા ફટકારી છે. બીજા એક કેસમાં ગારિયાધાર તાલુકાના પાણસડા જાળિયા, બસ સ્ટેન્ડ સામે રહેતો રમેશ માવજીભાઈ ગોહિલને તા.૮-૧૧-૨૦૨૪થી તા.૮-૧૦-૨૦૨૫ સુધીની ભરણપોષણ અને ભાડાની રકમ ન ચૂકવતા ૧૧૦ દિવસ સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. તેમજ પશ્ચિમ બંગાળના હાવડા, નંદી બાગાન મધર ડેરી પાસે, ભૈરાબ દત્તા લેન, બિલ્ડીંગ નં.૯/૭/૧, પહેલા માળે રહેતો મહેશ ભાવુભાઈ ખાવડિયા નામના શખ્સને તા.૧૫-૧૧-૨૦૨૨થી તા.૧૫-૧૧-૨૦૨૪ સુધીના ઘરભાડાની રકમ ચૂકવવામાં કસૂર બદલ બરવાળા કોર્ટે ૧૨૦ દિવસ સાદી કેદની સજા ફટકારી છે.

**ભાજપની જીત બાદ સમર્થકોમાં ઉજવણી**

## જીતના ઉન્માદમાં ભાજપના નેતા ભાન ભૂલ્યા, સાંસદ જશુ રાઠવાનો બંદૂક સાથેનો વીડિયો વાયરલ



જીતની ઉજવણી દરમિયાન ભાજપના નેતા બંદૂક સાથે નીકળ્યા હતાં. વિજય સરઘસમાં નેતાજી ભાન ભૂલ્યા હતાં. સાંસદ જશુ રાઠવાનો બંદૂક સાથેનો વીડિયો વાયરલ થતાં ચર્ચાઓ તેજ બની છે. ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે તાલુકા પંચાયતમાં રસાકસી જામી હતી. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ હવે પદની લ્હાણી કરવામાં આવી રહી છે. પ્રમુખ અને ઉપપ્રમુખ માટેના પદ પર વરણી કરવામાં આવી રહી છે. ત્યારે છોટા ઉદેપુરમાં કદવાલ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ગઈ કાલે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે ટાઈ પડી હતી. આ ચૂંટણીમાં ભાજપની જીત થતાં સાંસદ અને તેમના સમર્થકોએ ખુશી વ્યક્ત કરી હતી.

જીતની ઉજવણી દરમિયાન ભાજપના નેતા બંદૂક સાથે નીકળ્યા હતાં. વિજય સરઘસમાં નેતાજી ભાન ભૂલ્યા હતાં. સાંસદ જશુ રાઠવાનો બંદૂક સાથેનો વીડિયો વાયરલ થતાં ચર્ચાઓ તેજ બની છે. ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે તાલુકા પંચાયતમાં રસાકસી જામી હતી. બંને પક્ષના ઉમેદવારો સરખા રહ્યા હતાં. જ્યારે આમ આદમી પાર્ટીના 13 ઉમેદવારો ચૂંટણી સમયે જ ગેરહાજર રહ્યા હતાં.

ભાજપે તાલુકા પંચાયતમાં ચૂંટણી જીતીને બોર્ડ બનાવ્યું હતું. આ દરમિયાન ઉમેદવારોને ઉઠાવી જવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા હતાં. ભાજપે જીત મેળવ્યા બાદ સમર્થકોએ વિજય સરઘસ કાઢીને ઉજવણી કરી હતી. ભાજપની જીત થતા છોટાઉદેપુર સાંસદ અને તેમના સમર્થકોએ ખુશી વ્યક્ત કરી હતી. ગાડીમાં સાંસદ બંદૂક લઈને નીકળ્યા હોવાનો વીડિયો વાયરલ થતાં હાલમાં ચર્ચાનો વિષય બન્યો છે.

**બહેન-ભાઈના સ્નેહ, સંસ્કાર અને શ્રદ્ધાનું પ્રતિક**

## અધિક માસમાં “ટોપરૂ સાંખડ”ની અનોખી પરંપરા આજે પણ જીવંત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવાર અને ધાર્મિક પ્રસંગ પાછળ કોઈને કોઈ સામાજિક અને આધ્યાત્મિક સંદેશ રહેલો હોય છે. તેવી જ રીતે દર ત્રણ વર્ષે આવતો અધિક માસ, જેને પુરુષોત્તમ માસ તરીકે પણ ઓળખવામાં આવે છે, હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર અને પુણ્યદાયક માનવામાં આવે છે. આ માસ દરમિયાન ભજન-કીર્તન, દાન-પુણ્ય, ઉપવાસ, ધાર્મિક પાઠ અને વિવિધ પરંપરાઓનું વિશેષ મહત્વ રહેલું છે.આજના આધુનિક યુગમાં અનેક પરંપરાઓ ધીમે ધીમે ઓસરતી જઈ રહી છે, છતાં કચ્છ-સૌરાષ્ટ્ર અને ગુજરાતના અનેક વિસ્તારોમાં “ટોપરૂ સાંખડ” આપવાની પરંપરા આજે પણ જીવંત જોવા મળે છે. આ પરંપરા ખાસ કરીને બહેન અને ભાઈના સ્નેહ સાથે જોડાયેલી છે અને તેમાં લાગણી, આશીર્વાદ અને સંસ્કારનો અનોખો સંગમ જોવા મળે છે.

અધિક માસ દરમિયાન બહેન પોતાના ભાઈના



ઘરે “ટોપરૂ” લઈને જાય છે. ટોપરૂ સામાન્ય રીતે નાળિયેર, સુકા મેવાં, મીઠાઈ, ઘઉં, દાળ, વસ્ત્રો અથવા ધાર્મિક પ્રસાદથી સજાવવામાં આવે છે. કેટલીક જગ્યાએ સુંદર રીતે શણગારેલું ટોપલું તૈયાર કરવામાં આવે છે, જેને “ટોપરૂ” કહેવામાં આવે છે. બહેન આ ટોપરૂ ભાઈને અર્પણ કરી પરિવારના સુખ-સમૃદ્ધિ અને કલ્યાણ માટે શુભેચ્છા પાઠવે છે. તેના બદલામાં ભાઈ બહેનને “સાંખડ” સ્વરૂપે ભેટ, વસ્ત્ર, દક્ષિણા અથવા આશીર્વાદરૂપ સહાય આપે છે.

આ પરંપરા માત્ર આપલેનો વ્યવહાર નથી, પરંતુ પરિવારિક સંબંધોને વધુ મજબૂત બનાવતી ભાવનાત્મક કડી છે. ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ બહેનો આ પ્રસંગને ખૂબ આદર અને ઉત્સાહથી ઉજવે છે. પરિવારમાં સ્નેહ અને એકતાનો સંદેશ આપતી આ પરંપરા નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ સાથે જોડવાનું કાર્ય પણ કરે છે.

ધાર્મિક માન્યતા મુજબ પુરુષોત્તમ માસમાં કરાયેલ દાન અને સેવા અનેકગણું ફળ આપે છે. તેથી બહેન દ્વારા અપાતું ટોપરૂ શુભતા અને પુણ્યનું પ્રતિક માનવામાં આવે છે. વડીલો કહે છે કે આ પરંપરા સંબંધોમાં પ્રેમ, માન અને પરસ્પર જવાબદારીની ભાવના મજબૂત બનાવે છે.

આજના ટેક્નોલોજી યુગમાં જ્યાં સંબંધોમાં ઔપચારિકતા વધી રહી છે, ત્યાં આવી પરંપરાઓ પરિવારને એકસાથે બાંધવાનું કાર્ય કરે છે. અધિક માસમાં “ટોપરૂ સાંખડ” જેવી પરંપરા આપણા સમાજની સંસ્કૃતિ, લાગણી અને આધ્યાત્મિક વારસાની જીવંત ઓળખ છે.

## પોલીસ સાથે પંચનામું કરવા ગયેલા 2 ભાઈ પર 5 શખ્સનો પથ્થરમારો

ભાવનગર : ખેડુતવાસ મફતનગર ઢોરી ઉપર મેલડીમાની ધારથી આગળ ફરિયાદ માટેનું પંચનામું કરવા ગયેલ ફરિયાદી અને તેના ભાઈ પર પાંચ ઈસમને પોલીસની હાજરીમાં હુમલો કરાયો હતો. ખેડૂતવાસ મફતનગર મેલડીમાતાની ધાર રામાપીરના મંદિર પાસે રહેતા સાગરભાઈ રાજેશભાઈ વાજાએ ગઇ તા.૨૧ મે ૨૦૨૬ ના રોજ મારે ખેડુતવાસ મફતનગર ઢોરી ઉપર મેલડીમાની ધારથી આગળ કુણાલના ઘર પાસે માથાકુટ થયેલી હતી અને જેમાં સાગરભાઈએ ફરિયાદ નોંધાવેલી હતી. અને પંચનામા માટે પોલીસ દ્વારા ફોન કરવામાં આવતા અને બનાવવાળી જગ્યા બતાવાનુ જણાવતા સાગરભાઈ તથા તેના ભાઇ સંજયભાઇ બનાવવાળી જગ્યાએ ગયા હતા. અને અહીં આગળ રાહુલ કાંન્તીભાઈ તથા વીના હાજર હોય આ વખતે કુણાલની માતા શાંતાબેન ચુડાસમા પાસે આવેલ અને કહેલ કે અમારી ઉપર શું કામ ફરિયાદ કરેલ છે.

**ગારિયાધારના શિવેન્દ્રનગરમાં મહિલા સાથે છેતરપિંડી આચરી હતી**

## મહિલાના દાગીના વેચી મારનાર બંટી અને બબલીને 2 વર્ષ સખત કેદની સજા

ભાવનગર : ગારિયાધાર તાલુકાના શિવેન્દ્રનગરમાં મહિલાના સોના-ચાંદીના ઘરેણાં લગ્નમાં પહેરવાના બહાને લઈ જઈ જામનગરમાં વેચી મારી છેતરપિંડી આચર્યાની ઘટનામાં જામનગરના બંટી-બબલીને બે વર્ષ સખત કેદની સજા અને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.શિવેન્દ્રનગરમાં રહેતા કાંતુબેન બટુકભાઈ રાઠોડની બાજુના મકાનમાં વર્ષ ૨૦૨૦માં દિનેશ ઉર્ફે મનસુખ મોહનભાઈ તરાવિયા (રહે, પુષ્કરધામ સોસાયટી, લાલપુર બાયપાસ ચોકડી, જામનગર), દક્ષાબેન ઉર્ફે વિભાબેન રમણિકભાઈ તરાવિયા (રહે, યુવા પાર્ક, અટલબિહારી આવાસ યોજના, ક્વાર્ટર નં.૩૧૦, જામનગર) અને હસરાજભાઈ ઉર્ફે હસમુખભાઈ મોહનભાઈ તરાવિયા (મૃત્યુ પામેલ છે.)એ ભાડે રહેવા આવતી બાદમાં હંસરાજભાઈએ પોતે નિવૃત્ત આર્મીમેન છે, તેઓને ૮૦ વીઘા જમીન હોવાનું કહીં ઓળખ ઉભી કરી મહિલાના દિકરાને નોકરીએ રખાવાની લાલચ આપી હતી. ત્યારબાદ મિત્રના લગ્નમાં પહેરવા માટે એક દિવસ પૂરતા ઘરેણાં આપવાની વાત કરતા મહિલાએ રૂા.૨,૩૫,૦૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના પહેરવા આપતા તે દાગીના લઈ ત્રણેય રફુચક્કર થઈ ગયા હતા અને બાદમાં જામનગર ખાતે અલગ-અલગ સોની વેપારીઓ પાસે ખોટું બોલી બિલ આપવાની શરતે ઘરેણાં વેચી મારી વિશ્વાસઘાત-છેતરપિંડી આચરી હતી.

**વાલ્મીકિ સમાજ પ્રમુખ મગનભાઈ મકવાણા દ્વારા નગરપાલિકા હોદેદારોનું સન્માન**

# રામદેવજી દાદાના આશીર્વાદ સાથે ચૂંટાયેલા પ્રતિનિધિઓનું વિશેષ સન્માન

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે વાલ્મીકિ સમાજના પ્રમુખ શ્રી મગનભાઈ મકવાણા સાહેબના નિવાસ સ્થાને બાબા રામદેવ પીરના દર્શન અને આશીર્વાદનો પાવન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નખત્રાણા નગરપાલિકાના નવનિયુક્ત હોદેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત રામદેવજી દાદાના મંદિરે દર્શન અને પૂજન સાથે કરવામાં આવી હતી, જ્યાં ઉપસ્થિત મહાનુભાવોએ દાદાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ત્યારબાદ મગનભાઈ મકવાણા દ્વારા આગેવાનો અને પ્રતિનિધિઓનું પરંપરાગત રીતે સાલ અને તલવાર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ શ્રી વસંતભાઈ વાઘેલા, કારોબારી ચેરમેન શ્રી ચંદનસિંહ રાઠોડ, ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન સેંઘાણી, જાગૃતિબેન ઠક્કર, પૂર્વ સરપંચ તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાન ડાહ્યાલાલ સેંઘાણી અને નખત્રાણા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મુકેશભાઈ રાણવા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મગનભાઈ મકવાણાએ તમામ પ્રતિનિધિઓને શુભેચ્છાઓ પાઠવી નગરના વિકાસ માટે લોકહિતના કાર્યો કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ



દરમિયાન સામાજિક એકતા, ભાઈચારો અને ધાર્મિક ભાવનાનો સુંદર માહોલ સર્જાયો હતો.નખત્રાણા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મુકેશભાઈ રાણવાએ જણાવેલ કે, “સમાજમાં એકતા, સંસ્કાર અને ધાર્મિક ભાવનાઓને મજબૂત બનાવતા આવા કાર્યક્રમો સમાજ માટે પ્રેરણારૂપ બને છે. નવનિયુક્ત પ્રતિનિધિઓને મળતું સન્માન તેમના માટે જવાબદારી અને સેવા ભાવનાને વધુ મજબૂત બનાવશે. રામદેવજી દાદાના આશીર્વાદથી નખત્રાણા વિસ્તાર વિકાસના નવા આયામો સર કરશે તેવી શુભેચ્છાઓ.”

**સ્વામિત્વ યોજના હેઠળ સર્વે કામગીરી પૂર્ણતા તરફ**

## જિલ્લાનાં 598 ગામમાં ડ્રોન સર્વે બાદ ડીએલઆર કચેરીએ 545 ગામમાં 42209 પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ

ભાવનગર : ગામ તળની ગામનમુના પર આધારિત મિલ્કતના પ્રોપર્ટી કાર્ડ બનાવવાની સ્થાપીત્ય યોજના હેઠળ ડ્રોન સર્વે કરાયેલ ૫૯૮ ગામો પૈકી ૫૪૫ ગામોનો રૂબરૂ સર્વેયર દ્વારા પ્રમોગેશન થયા બાદ હાલ કુલ ૪૨૨૦૯ મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરાયા હોવાનું અને હજુ ૫૩ ગામોનું કામ બાકી હોવાનું જણાયું છે. મિલકતનો પાકો આધાર એટલે પ્રોપર્ટી કાર્ડ છે. જ્યારે ગામ તળની આવી ઘણી મિલકતો હાલ માત્ર ગામના નમુના પર આધારીત છે. જ્યારે આવી મિલકતોને નિયમાનુસાર કરવા સ્વામિત્વ યોજના અમલી બનાવાઈ છે. ૨૪ જાન્યુ. ૨૦૨૨થી લાગુ કરાયેલ છે અને આ યોજના હેઠળ પ્રથમ તલાટી દ્વારા મિલકતની બાઉન્ડ્રી પર ચુના માર્કીંગ કરાય છે અને ત્યારબાદ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા ડ્રોન ઉડાડી સર્વે કરવામાં આવે છે. જેના રીપોર્ટનું ક્રોસ વેરીફીકેશન કરવા એનજન્સીના આવેલા ડેટા સાથે ડીએસઆર કચેરીમાંથી સર્વેયર દ્વારા વેરીફીકેશન રૂબરૂ કરી જે તે મિલકતના ડેટા અપલોડ કરી પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે. જેથી ગામની તમામ જમીનની હદ નક્કી થાય છે. મકાન પર બેંક લોન લેવા સહિતનો લાભ મિલકત ધારકને મળી શકે છે. આમ સ્વામિત્વ યોજના હેઠળ ભાવનગર જિલ્લાનાં ૧૦ તાલુકાનાં ૬૩૬ ગામોને આવરી લેવાયા છે અને ચુના માર્કિંગ બાદ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા ડ્રોન ઉડાડી જિલ્લાનાં ૫૯૮ ગામના રીપોર્ટ કચેરીને સોપાયો છે. જેમાં સર્વેયર દ્વારા હાલ ૫૪૫ ગામોના પ્રમોલગેશન થવા પામ્યા છે.

## ડેટા સેન્ટરોની વીજ માંગે વધાર્યું પરમાણુ મહત્વ

# કૃત્રિમ બુદ્ધિ અને વીજળી માંગથી પરમાણુ ઉર્જામાં નવો પ્રાણ

## વૈશ્વિક સ્તરે સ્વચ્છ ઉર્જા માટે પરમાણુ ઉર્જાનું પુનરાગમન



નવી દિલ્હી : આજની આધુનિક દુનિયામાં જ્યારે કૃત્રિમ બુદ્ધિ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દબદબો વધી રહ્યો છે, ત્યારે તેની પાછળ વપરાતી વીજળીની માંગ પણ અનેકગણી વધી ગઈ છે. તાજેતરમાં બહાર આવેલા એક અહેવાલ મુજબ, આ વધતી જતી વીજળીની જરૂરિયાતને પહોંચી વળવા માટે વિશ્વભરમાં પરમાણુ ઉર્જાને પુનર્જીવિત કરવાના પ્રયાસો તેજ બન્યા છે. હવે પરમાણુ ઉર્જા માત્ર એક વિકલ્પ નથી, પરંતુ ઉર્જા સુરક્ષા માટેની અનિવાર્યતા બની ગઈ છે.દેવેન ચોકસી રિસર્ચના એક તાજેતરના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે કૃત્રિમ બુદ્ધિના ડેટા સેન્ટરોને કારણે વીજળીની માંગમાં ધરખમ ઉછાળો આવ્યો છે. વર્ષ 2034 સુધીમાં આ માંગ વધીને 1600 ટેરા-વોટ કલાક સુધી પહોંચી શકે છે તેવી શક્યતા છે. અત્યારે સમગ્ર વિશ્વમાં વીજળીની માંગ વાર્ષિક 3.3 થી 3.7 ટકાના દરે વધી રહી છે, જેમાં ડેટા સેન્ટરો, ઈલેક્ટ્રિક વાહનો અને ઉદ્યોગોનું વિદ્યુતીકરણ મુખ્ય કારણો છે. આટલી વિશાળ અને અવિરત વીજળી પૂરી પાડવા માટે પરંપરાગત રીતો હવે ઓછી પડી રહી છે.અહેવાલ સ્પષ્ટ કરે છે કે સૌર અને પવન ઉર્જા જેવા સ્ત્રોતો કુદરતી પરિબળો પર આધારિત છે. તેઓ 'ઈન્ટરમિટન્ટ' છે, એટલે કે જ્યારે સૂર્ય ન હોય અથવા પવન ન હોય ત્યારે વીજળીનું ઉત્પાદન ઘટી જાય છે. કૃત્રિમ બુદ્ધિના ડેટા સેન્ટરોને એવી વીજળીની જરૂર છે જે સ્થિર, ગમે ત્યારે ઉપલબ્ધ (ડિસ્પેચેબલ) અને ચોવીસ કલાક ચાલુ રહે તેવી હોય. આ જરૂરિયાતોને પૂર્ણ કરવામાં પરમાણુ ઉર્જા સૌથી વધુ અસરકારક સાબિત થઈ રહી છે, કારણ કે પરમાણુ પ્લાન્ટ 92 ટકા સુધીની ઉચ્ચ ક્ષમતા સાથે કાર્યરત રહી શકે છે.

વિશ્વમાં ભૂ-રાજકીય તણાવ અને સપ્લાય ચેઈનમાં અવરોધોએ પણ દેશોને પરમાણુ ઉર્જા તરફ વાળ્યા છે. રશિયા-યુક્રેન સંઘર્ષ અને ત્યાર બાદ મધ્ય પૂર્વમાં ફેલાયેલી અશાંતિને કારણે યુરોપ જેવા વિસ્તારોએ પોતાની આયાતી ગેસ પરની નિર્ભરતા પર ફરી વિચાર કરવો પડ્યો છે. ઉર્જા સુરક્ષા અને શૂન્ય ઉત્સર્જનના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે, વર્ષ 2026 સુધીમાં યુરોપિયન કમિશને પરમાણુ ઉર્જાને 'ઉર્જા સુરક્ષા માટે અત્યંત મહત્વની' જાહેર કરી છે. અહેવાલ મુજબ, લગભગ 40 દેશોએ 2050 સુધીમાં પોતાની પરમાણુ ઉર્જા ક્ષમતાને ત્રણ ગણી કરવાનો સંકલ્પ કર્યો છે.આ વૈશ્વિક પરિવર્તનમાં ભારત પણ પાછળ નથી. દેશ આગામી દાયકાઓમાં તેની સ્થાપિત પરમાણુ ઉર્જા ક્ષમતામાં મોટો વધારો કરવા માટે કટિબદ્ધ છે. મીડિયા અહેવાલ મુજબ, વર્ષ 2025 માં વૈશ્વિક સ્તરે પરમાણુ ઉર્જાનું ઉત્પાદન રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું. માત્ર 2025 ના વર્ષમાં જ વિશ્વભરમાં 12 ગીગાવોટથી વધુની નવી પરમાણુ ક્ષમતાનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું છે.નિષ્કર્ષમાં કહી શકાય કે, ઉર્જાની વધતી માંગ અને પર્યાવરણીય પડકારો વચ્ચે પરમાણુ ઉર્જા હવે ભવિષ્યના ગ્રીડને સ્થિરતા આપવા માટેનું સૌથી મજબૂત માધ્યમ બનીને ઉભરી રહી છે. સ્વચ્છ, સુરક્ષિત અને અવિરત વીજળી પૂરી પાડવાની તેની ક્ષમતાને કારણે જ દુનિયા હવે પરમાણુ ઉર્જા તરફ ફરી વળી છે.

### નવી દિલ્હીમાં એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશનનું 68મું અધિવેશન સંપન્ન થયું

નવી દિલ્હી : રાજધાની નવી દિલ્હીમાં આવેલ ભારત મંડપમ ખાતે એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન (APO) ની ગવર્નિંગ બોડી મીટિંગનું 68મું સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું છે. 20 થી 22 મે, 2026 દરમિયાન યોજાયેલી આ ત્રણ દિવસીય બેઠકમાં એશિયા-પેસિફિક ક્ષેત્રના વિવિધ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલ (NPC) દ્વારા કરવામાં આવ્યું હતું.આ અધિવેશનનું મુખ્ય આકર્ષણ કૃત્રિમ બુદ્ધિ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા ઉત્પાદકતા વધારવાનો વિષય રહ્યો હતો. 'વિઝન 2030' ના ભાગ રૂપે, સભ્ય દેશોએ 'જેન્યુઈન એઆઈ એક્શન' (GAIA) પહેલ પર ચર્ચા કરી, જેમાં એઆઈ-આધારિત ઉત્પાદકતા વૃદ્ધિ અને આધુનિક તાલીમ પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે અધિવેશનના ઉદ્ઘાટન સત્રને સંબોધતા ભારતની ઉત્પાદકતા-આધારિત વિકાસ યાત્રા, ડિજિટલ જાહેર માળખા અને એમએસએમઈ (MSME) સશક્તિકરણની સફર રજૂ કરી હતી. આ બેઠક દરમિયાન નેતૃત્વમાં પણ મહત્વપૂર્ણ બદલાવ જોવા મળ્યા. ઈન્ડોનેશિયાના પ્રો. અનવર સનુસીએ 2026-27 ના વર્ષ માટે APO ના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેમણે ભારતના અમરદીપ સિંહ ભાટિયાનું સ્થાન લીધું છે.

## News Brief

### લાંબા ગાળાના રોકાણ માટે ગ્રોથ કે IDCW કયો વિકલ્પ શ્રેષ્ઠ?

નવી દિલ્હી : જ્યારે તમે તમારું મ્યુચ્યુઅલ ફંડ પોર્ટફોલિયો તપાસો છો અથવા રોકાણની એપ ખોલો છો, ત્યારે તમને 'IDCW' નામનો એક શબ્દ જોવા મળતો હશે. સેબી (SEBI) દ્વારા એપ્રિલ 2021 માં આ શબ્દ રજૂ કરવામાં આવ્યો હતો, જેનો અર્થ થાય છે 'ઈન્કમ ડિસ્ટ્રિબ્યુશન કમ કેપિટલ વિડ્રોઅલ'. ઘણા રોકાણકારો હજુ પણ તેને શેરબજારના ડિવિડન્ડ સાથે સરખાવે છે અને તેને વધારાની કમાણી માને છે, પરંતુ વાસ્તવમાં આ બંને સંપૂર્ણપણે અલગ છે.

IDCW નો અર્થ એ છે કે ફંડ હાઉસ તેની સ્કીમમાંથી થયેલા સરપ્લસનો એક ભાગ રોકાણકારોને વહેંચે છે. આ સરપ્લસ સામાન્ય રીતે શેર વેચીને મેળવેલો નફો અથવા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાંથી મળેલી વ્યાજની આવક હોય છે. સરળ ભાષામાં સમજીએ તો, જો તમારી પાસે 100 રૂપિયાની NAV વાળા ફંડના 1,000 યુનિટ હોય અને ફંડ હાઉસ યુનિટ દીઠ 5 રૂપિયાનું IDCW જાહેર કરે, તો તમને તમારા બેંક ખાતામાં 5,000 રૂપિયા મળે છે. જોકે, આ પછી ફંડની NAV તેટલી જ રકમથી એટલે કે 100 થી ઘટીને 95 રૂપિયા થઈ જાય છે. આમ, આ કોઈ બોનસ વળતર નથી, પરંતુ તમારી પોતાની જ મૂડીનો એક ભાગ તમને પાછો મળે છે.તમારા લાંબા ગાળાના આર્થિક લક્ષ્યો માટે યોગ્ય વિકલ્પની પસંદગી કરવી અત્યંત જરૂરી છે. 'ગ્રોથ ઓપ્શન'માં ફંડ મેનેજર તમામ નફાને સ્કીમમાં ફરીથી રોકે છે, જેનાથી રોકાણકારને 'કમ્પાઉન્ડિંગ'નો લાભ મળે છે. તેની સામે, IDCW પ્લાનમાં સમયાંતરે મળતી રકમ સિસ્ટમમાંથી બહાર નીકળી જાય છે, જે ભવિષ્યમાં વધવાપાત્ર મૂડીનું પ્રમાણ ઘટાડે છે. જો તમને નિયમિત આવકની જરૂર હોય તો જ IDCW તમારા માટે યોગ્ય છે, અન્યથા ગ્રોથ ઓપ્શન સંપત્તિ નિર્માણ માટે વધુ અસરકારક છે.

### નાણાકીય વર્ષ 2027 માં ટ્રેક્ટર ઉદ્યોગનો વિકાસ સ્થિર રહેવાની શક્યતા

નવી દિલ્હી : ભારતના ટ્રેક્ટર ઉદ્યોગ માટે નાણાકીય વર્ષ 2027 એક પડકારજનક વર્ષ સાબિત થઈ શકે છે. યસ સિક્યોરિટીઝના એક તાજેતરના અહેવાલ મુજબ, ઊંચા વેચાણના આંકડા (હાઈ બેઝ ઈફેક્ટ), ટ્રેક્ટરના ભાવમાં વધારો અને સબસિડી-આધારિત માગમાં ઘટાડાને કારણે આ વર્ષે ટ્રેક્ટરના વેચાણમાં કોઈ મોટી વૃદ્ધિ થવાની શક્યતા ઓછી છે. જોકે, લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી આ ઉદ્યોગના પાયાના પરિબળો મજબૂત જણાય છે. અહેવાલમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ 2027 માં ટ્રેક્ટર ઉદ્યોગનું વેચાણ એકંદરે સ્થિર (ફ્લેટ) રહી શકે છે. નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 23-24 ટકાનો વૃદ્ધિ દર જોવા મળી શકે છે, પરંતુ ત્યારબાદના ત્રિમાસિક ગાળામાં માગમાં નરમાશ આવવાની ધારણા છે. મહારાષ્ટ્ર અને પંજાબ જેવા રાજ્યોમાં જે સબસિડી-આધારિત માગને કારણે ગત વર્ષે વેચાણ વધ્યું હતું, તેવી સબસિડીઓ હવે ઉપલબ્ધ ન હોવાથી તેની સીધી અસર ઉદ્યોગના વેચાણ પર પડશે. ટ્રેક્ટરના ભાવમાં થતો સતત વધારો ગ્રાહકો માટે ચિંતાનો વિષય છે. એપ્રિલ 2026 માં પ્રતિ યુનિટ 12,000 થી 12,500 રૂપિયાનો ભાવ વધારો અમલમાં મુકાયો છે અને ઓગસ્ટ-સપ્ટેમ્બર દરમિયાન ફરીથી સમાન ભાવ વધારાની શક્યતા છે. આ steep ભાવ વધારાને કારણે ખરીદદારોની માગ પર દબાણ આવી શકે છે. વધુમાં, ટ્રેક્ટર માટેના પ્રસ્તાવિત 'ટ્રેમ 5' (TREM 5) ઉત્સર્જન ધોરણો અમલી બનવાથી ટ્રેક્ટરની કિંમતમાં 1 લાખથી 1.5 લાખ રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે, જે ખેડૂતો માટે પરવડે તેમ નથી.

### ખાતર અને ઈંધણના ભાવ વધવાથી ખાદ્ય સુરક્ષા પર સંકટ

નવી દિલ્હી : વૈશ્વિક સ્તરે ખાદ્ય ચીજવસ્તુઓની મોંઘવારી ફરી એકવાર માથું ઉંચકી રહી છે. સિટી રિસર્ચના તાજેતરના અહેવાલ મુજબ, હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) માં સંભવિત અવરોધ અને એલ નિનો (El Nino) ની ગંભીર અસરોને કારણે આગામી 6 થી 12 મહિનામાં કૃષિ જણસોના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે. આ પરિબળો વૈશ્વિક ખાદ્ય સુરક્ષા માટે ચિંતાનો વિષય બની ગયા છે. અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે જો હોર્મુઝની સામુદ્રધુની લાંબા સમય સુધી બંધ રહે છે, તો તેની સીધી અસર ઊર્જાના ભાવ પર પડશે. ઈંધણના ભાવ વધવાથી કૃષિ ઉત્પાદન ખર્ચમાં પણ મોટો વધારો થશે. ખાતરની અછત અને તેલ આધારિત ફૂગનાશકો કે જંતુનાશકોની ઉપલબ્ધતા ઘટવાથી પાકના ઉત્પાદનમાં ઘટાડો થવાની પ્રબળ શક્યતા છે. આ સ્થિતિ વૈશ્વિક સ્તરે ખોરાકના ભાવને વધુ ઉપર તરફ ધકેલશે.એલ નિનોને કારણે એશિયાના અનેક ભાગોમાં તાપમાનમાં વધારો અને વરસાદમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ પ્રતિકૂળ હવામાનને કારણે ખાંડ, કોકો અને કોફી જેવી મુખ્ય કૃષિ પેદાશો પર સૌથી વધુ જોખમ તોળાઈ રહ્યું છે. અહેવાલ મુજબ, વર્ષના મધ્ય મે સુધીમાં જ ટ્રેડેડ કૃષિ પેદાશોના ભાવમાં 13 ટકાનો વધારો થઈ ચૂક્યો છે. એપ્રિલ મહિના સુધીમાં વૈશ્વિક ફૂડ ઈન્ડેક્સમાં 5 ટકાનો ઉછાળો આવ્યો છે, જે ખાદ્ય મોંઘવારી વધવાના સ્પષ્ટ સંકેતો આપે છે. અહેવાલ એ વાત પર પણ પ્રકાશ પાડે છે કે અશ્મિભૂત ઈંધણના ઊંચા ભાવને કારણે હવે કૃષિ જણસોનો ઉપયોગ બાયોફ્યુઅલ બનાવવા માટે વધી રહ્યો છે. આ વલણ ખાદ્ય પુરવઠાને વધુ ઘટાડી રહ્યું છે, જેનાથી સામાન્ય નાગરિકો માટે ખોરાકના ભાવમાં વધારો થવો અનિવાર્ય છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને સપ્લાય ચેઈનમાં આવતા અવરોધોને કારણે વૈશ્વિક કોમોડિટી માર્કેટમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે, જે ખાદ્ય મોંઘવારીને વધુ વેગ આપી શકે છે.

#### 25 મિલિયન ટન ક્ષમતાનો પ્લાન્ટ બનશે સ્ટીલ હબ

## ગઢચિરોલીમાં જેએસડબલ્યુ ગ્રુપ દ્વારા વિશાળ સ્ટીલ પ્લાન્ટ સ્થાપવાની યોજના

નાગપુર : મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં હવે ઔદ્યોગિક ક્રાંતિના મંડાણ થવા જઈ રહ્યા છે. જેએસડબલ્યુ ગ્રુપના ચેરમેન સજ્જન જિંદલે શનિવારે જાહેરાત કરી હતી કે તેમની કંપની ગઢચિરોલીમાં 25 મિલિયન ટન ક્ષમતાનો વિશાળ સંકલિત સ્ટીલ પ્લાન્ટ સ્થાપવાની યોજના ધરાવે છે. લોખંડની ખાણોની નજીક હોવાને કારણે અને સુરક્ષા સ્થિતિમાં સુધારો થવાથી આ વિસ્તાર હવે સ્ટીલ ઉત્પાદન માટેનું એક શક્તિશાળી કેન્દ્ર બનીને ઉભરી રહ્યો છે.સજ્જન જિંદલે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ગઢચિરોલી વિસ્તારમાં વર્ષો સુધી નક્સલવાદી ગતિવિધિઓને કારણે ખાણો સુધી પહોંચવું મુશ્કેલ હતું, પરંતુ હવે ત્યાં સંપૂર્ણ શાંતિ છે. ખાણકામની કામગીરી પણ શરૂ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, આ વિસ્તાર મોટા સ્ટીલ સંકુલ બનાવવા માટે એક કુદરતી અને ઉત્તમ સ્થળ છે. કંપનીએ અહીં 25 મિલિયન ટનનો વિશાળ પ્લાન્ટ બનાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. જોકે, આ પ્રોજેક્ટ ખાણકામની સંપત્તિ અને કાચા માલની ઉપલબ્ધતા સુનિશ્ચિત થયા બાદ જ વેગ પકડશે. સરકારના પ્રયાસોને અનુરૂપ, જેએસડબલ્યુ ગ્રુપ દેશમાં ઉત્પાદન વધારવા પર ભાર આપી રહ્યું છે. જિંદલે ભારપૂર્વક કહ્યું કે, ભારતમાં ઉત્પાદન કરવાથી વિદેશી મુદ્રા ભંડારની મોટી બચત થાય છે. તેમણે ઈલેક્ટ્રિક મોબિલિટીના ક્ષેત્રમાં પણ મોટી પહેલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોજનાઓને અનુસરીને, જેએસડબલ્યુ ગ્રુપ ઈ-મોબિલિટી પર ધ્યાન આપી રહ્યું છે. તેલની આયાત ઘટાડવા અને પર્યાવરણની જાળવણી માટે ઈલેક્ટ્રિક વાહનો તરફ વળવું ભારત માટે લાંબા ગાળાના ફાયદાકારક સાબિત થશે.

#### મોંઘા ઈનપુટ ખર્ચ અને માગમાં ઘટાડાની અસર

## જૂનમાં સિમેન્ટના ભાવમાં વધારાની શક્યતાથી ઉદ્યોગોમાં ચિંતા વધી

નવી દિલ્હી : મે મહિનામાં સિમેન્ટની માગમાં જોવા મળેલી સુસ્તી વચ્ચે હવે જૂન મહિનામાં ભાવ વધારાની તૈયારીઓ ચાલી રહી છે. ઉદ્યોગના અહેવાલો મુજબ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની ગતિ, ઈનપુટ ખર્ચમાં સતત વધારો અને હાઉસિંગ સેક્ટરની માંગ જેવા પરિબળો આગામી સમયમાં સિમેન્ટના ભાવ અને કંપનીઓના નફા પર સીધી અસર કરશે. હાલમાં સિમેન્ટ કંપનીઓ માટે વધતો જતો ખર્ચ માર્જિન પર દબાણ લાવી રહ્યો છે.મે 2026 દરમિયાન દેશના મોટાભાગના વિસ્તારોમાં સિમેન્ટની માગ ધીમી રહી છે. તેના મુખ્ય કારણોમાં મજૂરોની અછત અને પ્રતિકૂળ હવામાન મુખ્ય રહ્યા છે. પશ્ચિમ ભારતના પ્રદેશો આમાં અપવાદ રહ્યા છે, જ્યાં માગમાં થોડો સુધારો જોવા મળ્યો છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના વાતાવરણને કારણે માગ સતત નબળી રહી છે, જ્યારે બિહારમાં માગમાં થોડી રિકવરી જોવા મળી હોવા છતાં કાચા માલની અછત અને કમોસમી વરસાદે સપ્લાય પર અસર કરી છે. ઉત્તર અને દક્ષિણ ભારતમાં પણ મજૂરોની અછતને કારણે કામગીરી મર્યાદિત રહી છે. મે મહિનામાં જે ભાવ વધારાની અપેક્ષા હતી, તે નબળી માગને કારણે મોટાભાગના વિસ્તારોમાં અમલમાં મૂકી શકાયા નથી. જો કે, એપ્રિલમાં કરવામાં આવેલો ભાવ વધારો હજુ પણ જળવાઈ રહ્યો છે. હવે વિક્રેતાઓ જૂન મહિનામાં ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતના વિસ્તારોમાં સિમેન્ટની બેગ દીઠ 10 રૂપિયા સુધીનો ભાવ વધારો થવાની અપેક્ષા રાખી રહ્યા છે. બિહારમાં માગમાં સુધારાને કારણે મે મહિનામાં જ પ્રતિ બેગ 5 થી 10 રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. પેટકોક અને પેકેજિંગના વધતા ખર્ચ સિમેન્ટ કંપનીઓ માટે મોટા પડકાર સમાન છે. પેટકોકના ભાવ તાજેતરના ઉચ્ચ સ્તરથી થોડા નીચે આવ્યા છે, પરંતુ તે હજુ પણ ત્રિમાસિક ગાળાની સરખામણીએ ઊંચા છે. ઈંધણના વધતા ભાવોની અસર ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના અંતથી બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન સ્પષ્ટપણે જોવા મળશે.

### ભારતીય ટેક કંપનીઓ માટે વૈશ્વિક બજારના નવા દ્વાર ખૂલ્યા

નવી દિલ્હી : 'ઈન્ડિયા આઈટી 360') એ ન્યૂ મેક્સિકો ઈન્ડિયા નેક્સસ સેન્ટર સાથે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. આ સહયોગનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય ટેકનોલોજી કંપનીઓને વૈશ્વિક સ્તરે, ખાસ કરીને ઉત્તર અમેરિકાના બજારમાં વિસ્તૃત થવામાં મદદ કરવાનો છે. એનમેક્સસ એ અમેરિકા સ્થિત એક પ્રીમિયર પ્લેટફોર્મ છે, જેનો હેતુ ભારત અને અમેરિકા વચ્ચે પરસ્પર સહયોગ વધારવાનો છે. આ નવી ભાગીદારી દ્વારા ભારતીય આઈટી કંપનીઓને બજારમાં પ્રવેશ, વ્યવસાયિક જોડાણો, નિયમનકારી માર્ગદર્શન અને જમીની સ્તરે જરૂરી સહાય પૂરી પાડવામાં આવશે. આ એક એવી ઈકોસિસ્ટમ છે જે ભારતીય કંપનીઓને કંપનીની નોંધણીથી લઈને માર્કેટિંગ અને બિઝનેસ ડેવલપમેન્ટ સુધીની તમામ સુવિધાઓ પૂરી પાડશે. અલ્બુકર્ક ના મેસા ડેલ સોલ ઈનોવેશન હબમાં સ્થિત એનમેક્સસ, ભારતીય કંપનીઓને 29 ટ્રિલિયન ડોલરના અમેરિકન અર્થતંત્રમાં પ્રવેશવા માટેનો એક વ્યવસ્થિત અને ખર્ચ-કાર્યક્ષમ માર્ગ પૂરો પાડે છે.

#### રિયલમી બડ્સ એર8 પ્રો તેમજ રિયલમી વોચ S5 ની રજૂઆત

## રિયલમી 16T 5G નું ₹26,999 ની શરૂઆતી કિંમતે લોન્ચિંગ

નવી દિલ્હી : ભારતીય યુવાનોમાં સૌથી લોકપ્રિય સ્માર્ટફોન બ્રાન્ડ રિયલમી દ્વારા આજે રિયલમી 16T 5G લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે તેની નંબર સિરીઝનું લેટેસ્ટ મોડેલ છે. આ સાથે જ રિયલમી બડ્સ એર8 પ્રો અને રિયલમી વોચ S5 પણ લોન્ચ કરવામાં આવ્યા છે, જે સીમલેસ ઈકોસિસ્ટમ અને સોશિયલ-ફર્સ્ટ એક્સપિરિયન્સની માંગ કરતા યુવા યુઝર્સ માટે ખાસ તૈયાર કરવામાં આવ્યા છે. રિયલમી 16T 5G ને "8000mAh 3-ડે પાવરહાઉસ" તરીકે રજૂ કરવામાં આવ્યું છે, જે આ સેગમેન્ટમાં અગ્રેસર બેટરી બેકઅપ, AI-સંચાલિત પોટ્રેટ ઈમેજિંગ, લોન્ગ-ટર્મ સ્મૂધનેસ ઓપ્ટિમાઈઝેશન અને મજબૂત ડ્યુરેબિલિટી પ્રદાન કરે છે, જે ગેમિંગ, ટ્રાવેલ, એન્ટરટેઈનમેન્ટ અને રોજિંદા કન્ટેન્ટ ક્રિએશન માટે આ સ્માર્ટફોન વિશ્વસનીય સાથી સાબિત થશે. રિયલમી 16T 5G ના આ સેગમેન્ટમાં અગ્રેસર 8000mAh બેટરી, AI પોટ્રેટ ગ્લો સાથે સોની 50MP AI કેમેરા, સેગમેન્ટનું પ્રથમ સેલ્ફી મિરર, 6-વર્ષનો અવિરત પરફોર્મન્સ અને IP69 પ્રો-લેવલ વોટર રેઝિસ્ટન્સ જેવા શાનદાર ફિચર્સ આપવામાં આવ્યા છે. રિયલમી 16T 5G એ 27 મે, 2026 થી 26,999* ની શરૂઆતી કિંમતે ફ્લિપકાર્ટ, રિયલમી.કોમ તેમજ મુખ્ય લાઈન સ્ટોર્સ અને વિશ્વભરના પસંદગીના બજારોમાં અધિકૃત રિટેલ ચેનલો પર ઉપલબ્ધ થશે. રિયલમી બડ્સ એર8 પ્રો માં 55dB ANC, ક્લિયર કોલ્સ માટે VPU-સંચાલિત 6-Mic સિસ્ટમ, 50 કલાક સુધીનો પ્લેબેક ટાઈમ, ડ્યુઅલ ડ્રાઈવર્સ (11mm + 6mm) અને બ્લૂટૂથ 6.1 આપવામાં આવ્યું છે, જે ફ્લેગશિપ-લેવલનો ઓડિયો એક્સપિરિયન્સ પ્રદાન કરે છે. આ પ્રોડક્ટનું પ્રથમ વેચાણ 3 જૂન 2026, બપોરે 12 વાગ્યાથી શરૂ થઈને 5 જૂન સુધી ફ્લિપકાર્ટ, એમેઝોન, મિંત્રા, રિયલમી.કોમ અને મુખ્ય લાઈન સ્ટોર્સ પર 6,699* ની શરૂઆતી કિંમતે ઉપલબ્ધ થશે.

### વિપ્રો શેરહોલ્ડર્સ પાસેથી 15,000 કરોડના શેર પરત ખરીદશે

મુંબઈ : આઈટી ક્ષેત્રની દિગ્ગજ કંપની વિપ્રોએ શેરહોલ્ડર્સ માટે એક મોટા નિર્ણયની જાહેરાત કરી છે. કંપની 15,000 કરોડ રૂપિયાના શેર બાયબેક (શેર પરત ખરીદવા) પ્રોગ્રામની શરૂઆત કરવા જઈ રહી છે. આ પ્રક્રિયા અંતર્ગત કંપની પોતાના શેરધારકો પાસેથી કુલ 60 કરોડ શેર પાછા ખરીદશે. આ નિર્ણય બાદ રોકાણકારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કંપનીએ આ બાયબેક માટે 5 જૂન, 2026 ને રેકોર્ડ ડેટ તરીકે નક્કી કરી છે. આ તારીખ સુધી જે રોકાણકારોના નામ કંપનીના રજિસ્ટર ઓફ મેમ્બર્સ અથવા ડિપોઝિટરીઝના રેકોર્ડમાં નોંધાયેલા હશે, તેઓ જ આ બાયબેક પ્રક્રિયામાં ભાગ લેવા માટે પાત્ર ગણાશે. કંપનીએ પ્રતિ શેર 250 રૂપિયાનો બાયબેક ભાવ નક્કી કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કંપનીના બોર્ડે 16 એપ્રિલે જ આ પ્રોગ્રામને મંજૂરી આપી દીધી હતી, જેમાં પ્રમોટર અને પ્રમોટર ગ્રુપના સભ્યો પણ ભાગ લેશે. વિપ્રો લગભગ ત્રણ વર્ષના લાંબા ગાળા બાદ શેર બાયબેક કરી રહી છે. અગાઉ જૂન 2023 માં કંપનીએ 12,000 કરોડ રૂપિયાનું બાયબેક કર્યું હતું, જેમાં 26.96 કરોડ ઈક્વિટી શેર 445 રૂપિયાના ભાવે ખરીદવામાં આવ્યા હતા.

#### રિકવરી એજન્ટોની ગુંડાગીરી પર પ્રતિબંધ મૂકાયો

## લોન રિકવરીના નિયમોમાં રિઝર્વ બેંકના કડક આદેશ જાહેર



મુંબઈ : દેશભરમાં લોન લેનારા સામાન્ય નાગરિકો માટે એક મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લોન રિકવરીના સંદર્ભમાં અત્યંત કડક માર્ગદર્શિકાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ નવા નિયમોનો મુખ્ય ઉદ્દેશ્ય બેંકના રિકવરી એજન્ટ્સ દ્વારા ગ્રાહકો સાથે કરવામાં આવતી ગેરવર્તણૂક અને માનસિક ત્રાસને રોકવાનો છે. હવે પછી કોઈપણ રિકવરી એજન્ટ ડિફોલ્ટર સાથે ગાળાગાળી કે બિભત્સ ભાષાનો પ્રયોગ કરી શકશે નહીં, તેમજ તેમને કોઈ પણ પ્રકારની ધાકધમકી આપવી પણ કાયદેસર રીતે ગુનો ગણાશે.

અત્યાર સુધી લોન લેનારા ગ્રાહકો રિકવરી એજન્ટોની દાદાગીરીથી ભારે પરેશાન હતા. મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, હવે સહકારી બેન્કોએ પણ આ આદેશોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. નવા નિયમોમાં સ્પષ્ટ નિર્દેશ છે કે લોન લેનારની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર એજન્સીઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને સોશિયલ મીડિયાના માધ્યમથી ગ્રાહકોને બદનામ કરવાના કિસ્સાઓ હવે ભૂતકાળ બની જશે. કોઈ પણ રિકવરી એજન્સી ગ્રાહકના ફોટા કે અંગત વિગતો સોશિયલ મીડિયા પર મૂકીને તેમને જાહેરમાં હાંસીપાત્ર બનાવી શકશે નહીં.

આ નવા આદેશોમાં સમયનું મહત્વ ખાસ સમજાવવામાં આવ્યું છે. રિકવરી એજન્ટો હવે ગ્રાહકના ઘરે સવારે 8:00 થી સાંજના 7:00 વાગ્યા સુધીના નિર્ધારિત સમય દરમિયાન જ મુલાકાત લઈ શકશે. જો એજન્ટોએ આ સમયગાળા સિવાય મુલાકાત લેવી હોય, તો ગ્રાહકની સ્પષ્ટ લેખિત કે મૌખિક મંજૂરી મેળવવી ફરજિયાત છે. આ ઉપરાંત, ગ્રાહકોને વારંવાર ફોન કે મેસેજ કરીને હેરાન કરવાની પ્રથા પર પણ પૂર્ણવિરામ મુકાયું છે. સંદેશા વ્યવહાર માટે પણ નિશ્ચિત સમયમર્યાદાનું પાલન કરવું પડશે, જેથી ગ્રાહકોની વ્યક્તિગત શાંતિ જળવાઈ રહે.રિઝર્વ બેંકે માત્ર એજન્ટોને જ નહીં, પરંતુ બેન્કોને પણ ઉત્તરદાયી ઠેરવી છે. હવે દરેક સહકારી બેન્કે પોતાની સત્તાવાર વેબસાઈટ પર કઈ રિકવરી એજન્સીને કામ સોંપ્યું છે તેની સંપૂર્ણ વિગતો જાહેર કરવી પડશે. આમાં એજન્સીનું સત્તાવાર સરનામું, સંપર્ક વિગતો અને રિકવરી માટે ઉપયોગમાં લેવાતી અધિકૃત મોબાઈલ એપની માહિતીનો સમાવેશ થાય છે. બેન્કે લોન લેનાર વ્યક્તિને પણ અગાઉથી જાણ કરવાની રહેશે કે તેમની રિકવરીની જવાબદારી કઈ એજન્સીને આપવામાં આવી છે. આ પ્રકારની પારદર્શિતાથી ગ્રાહકોને અજાણ્યા કે બોગસ એજન્ટોના ત્રાસથી મુક્તિ મળશે.

#### પેટ્રોલ-ડીઝલ સાથે CNG અને હાઈડ્રોજનનું પણ હવે સચોટ માપન

## ગ્રાહકો માટે ઈંધણ માપન નિયમોમાં સરકારે કર્યો મોટો ફેરફાર



નવી દિલ્હી: દેશમાં સ્વચ્છ ઉર્જા તરફના વધતા જતા ઝુકાવ વચ્ચે ગ્રાહકોના હિતોના રક્ષણ માટે સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા સરકારી માન્યતા પ્રાપ્ત પરીક્ષણ કેન્દ્રોની ભૂમિકાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. હવે આ કેન્દ્રો દ્વારા પેટ્રોલ અને ડીઝલની સાથે-સાથે સીએનજી (CNG), એલપીજી (LPG), એલએનજી (LNG) અને હાઈડ્રોજન ડિસ્પેન્સરની પણ સચોટ ચકાસણી કરવામાં આવશે.

વર્ષ 2026 ના 24 મે ના રોજ જાહેર કરવામાં આવેલા આ સુધારાનો મુખ્ય ઉદ્દેશ્ય ઈંધણ પંપ પર માપનની ચોકસાઈમાં સુધારો કરવાનો અને રાજ્યના વહીવટી વિભાગો પરનો ભાર ઘટાડવાનો છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પગલાથી સમગ્ર દેશમાં સ્વચ્છ ઈંધણને પ્રોત્સાહન મળશે અને વ્યવહારોમાં પારદર્શિતા વધશે. અત્યાર સુધી આ કેન્દ્રો માત્ર 18 પ્રકારના માપન સાધનોની ચકાસણી કરતા હતા, જે હવે વધીને 23 થયા છે. મોટાભાગના ગ્રાહકોના મનમાં એક પ્રશ્ન હંમેશા હોય છે કે, શું તેઓ જેટલા પૈસા ચૂકવે છે તેટલું જ ઈંધણ મેળવી રહ્યા છે? આ નવી વ્યવસ્થાથી ગ્રાહકોને ખાતરી મળશે કે તેમને મળતું ઈંધણ સંપૂર્ણપણે સચોટ છે. રિકવરી એજન્ટ્સ અને અન્ય ગેરરીતિઓ બાદ હવે પંપ પર ઈંધણ ભરવાની પ્રક્રિયામાં પણ સરકાર વધુ સજાગ બની છે. ગ્રાહકો સાથે થતી છેતરામણી અટકાવવા માટે આ એક મોટું સુરક્ષા કવચ માનવામાં આવી રહ્યું છે.સરકારે આ સુધારા અંતર્ગત ચકાસણી ફી પણ પ્રમાણિત કરી દીધી છે. પેટ્રોલ અને ડીઝલ ડિસ્પેન્સર માટે નોઝલ દીઠ 5,000 રૂપિયા ફી નક્કી કરવામાં આવી છે, જ્યારે સીએનજી, એલપીજી, એલએનજી અને હાઈડ્રોજન ડિસ્પેન્સર માટે નોઝલ દીઠ 10,000 રૂપિયાની ફી નિર્ધારિત કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી ખાનગી પ્રયોગશાળાઓ અને ઉદ્યોગોને કાયદાકીય માપન ધારા હેઠળ ટેકનિકલ કુશળતા સાથે જોડાવાની તક મળશે. વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે હવે સંયુક્ત સચિવ કક્ષાના અધિકારીઓને મંજૂરી આપવાની સત્તા પણ સોંપવામાં આવી છે, જેથી પ્રક્રિયા ઝડપી બને.

રાજ્ય સરકારોને પણ હવે વધુ સુગમતા આપવામાં આવી છે. રાજ્યો હવે તેમની જરૂરિયાત મુજબ વધારાના સાધનોની ચકાસણી માટે નવા કેન્દ્રોને સૂચિત કરી શકશે. સરકારી માન્યતા પ્રાપ્ત પરીક્ષણ કેન્દ્રો દેશભરમાં માપન સાધનોની વિશ્વસનીયતા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આ ફેરફારોને કારણે હવે રાજ્યના કાયદાકીય માપન વિભાગો તેમનું સંપૂર્ણ ધ્યાન તપાસ, અમલીકરણ અને ગ્રાહકોની ફરિયાદોના નિવારણ પર કેન્દ્રિત કરી શકશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 09

# નમો નમો જી શંકરા ભોલેનાથ શંકરા...

મોટાભાગે હિન્દુ સંસ્કૃતિ માં બાર જ્યોતિર્લિંગ,એકાવન શક્તિ પીઠ અને બાર વૈષ્ણવ ધામ ના દર્શન નો સંકલ્પ લેવાતો હોય છે. બાર જ્યોતિર્લિંગ ની યાત્રા નો સંકલ્પ તો જાણ્યે અજાણ્યે હિન્દુ લોકો પૂરો કરવા પ્રયત્ન કરતા હોય છે છતાંય કેદાર નાથ જ્યોતિર્લિંગ અને કૈલાસ માનસરોવર ની યાત્રા ભાગ્યેજ બધા થી પુરી થતી હોય છે.કેદાર નાથ ધામ અને કૈલાસ માનસરોવર ની યાત્રા ખૂબ આકરી કસોટી સાબિત થાય છે. વર્ષ માં માત્ર અમુક જ દિવસો કેદારનાથ મંદિરના દર્શન ના કપાટ ખુલતા હોય છે.શિયાળા ના છ મહિના ભારે હિમવર્ષા ને લીધે મંદિર બંધ રહે છે. ઉત્તરાખંડ ના રુદ્ર પ્રયાગ જિલ્લામાં આવેલ કેદાર નાથ દરિયાઈ સપાટી થી ૩૫૮૫ મીટર ઉંચે આવેલ છે. કેદાર નાથ ની યાત્રા ખૂબ વિકટ છે પણ જે ને એકવાર બાબા ભોલેનાથ ના દર્શન થઈ જાય એનું જીવન ધન્ય થઈ ગયું સમજો.કેદારનાથ નું મંદિર એ દેવદાર ના લાકડા અને પથ્થરો થી બનેલું છે યુગો પહેલા શંકરાચાર્ય જી એ કેદારનાથ મંદિર નો જીર્ણોધાર કરાવેલ હતો.આમ તો કેદાર નાથ ની યાત્રા એ જવા માટે ગૌરીકુંડ સુધી વાહનો મળી જાય છે પરંતુ ત્યાંથી યાત્રીઓ એ ૧૪ કિલોમીટર ની કરવી પડતી પગપાળા યાત્રા થોડી જોખમી હોય છે. કેદાર નાથ ધામ એ માત્ર એક મંદિર નથી સાક્ષાત ભગવાન શિવ નું ધામ છે.ભારે બરફ વર્ષા કે હિમ સ્ખલન માં પણ કેદાર નાથ ધામ યુગોના યુગો થી "શિવ ના અસ્તિત્વ ની ચાડી ખાતું" અડીખમ ઊભું છે. કથા : મહાભારત ના યુદ્ધ બાદ પાંડવો ને હસ્તિનાપુર તો મળ્યું પણ પાંડવો ના જીવન માંથી ભગવાન શ્રી કૃષ્ણ નીકળી ગયા એટલે પાંડવો એ હસ્તિનાપુર ની રાજગાદી પર પરીક્ષિત ને બેસાડી ને પ્રાયશ્ચિત કરવા વન તરફ પ્રયાણ કર્યું. મહાભારતના યુદ્ધ માં થયેલ નરસંહાર અને પિતરાઈ ભાઈઓ અને છળ કપટ થી ગુરુ ના વધ નું પાપ પાંચેય પાંડવો ને ચેન પડવા દેતું નહતું એટલે યુધિષ્ઠિર સહિત ચારેય એ હિમાલય તરફ પ્રયાણ કર્યું. ભગવાન શિવ ને પ્રસન્ન કરવા પાંચેય પાંડવો એ હિમાલય માં ઉગ્ર તપસ્યા કરી. પાંચેય પાંડવો એ ઉગ્ર તપસ્યા થી ભગવાન શિવ ને પ્રસન્ન તો થયા પણ એ પાંચેય પાંડવો થી નારાજ હતા એટલે બળદ સ્વરૂપે દર્શન આપીને તુરંત ત્યાંથી ભગવાન શિવ બળદ સ્વરૂપે પ્રગટ થયા ત્યારે પાંડવો હજુ કશું સમજે એ પહેલા બળદ સ્વરૂપે પ્રગટ થયેલ શિવ ત્યાંથી ભાગવા લાગ્યા. ભૂમિ ની અંદર શિવ પ્રવેશ કરવા લાગ્યા એ ભેગા ભીમ એ બળદ સ્વરૂપે આવેલ શિવની પીઠ મજબૂતી થી પકડી લીધી હતી.આ કારણોસર કેદારનાથ માં શિવલિંગ નો આકાર એ બળદ ની પીઠ સમાન છે. માન્યતા અનુસાર સૌ પ્રથમ કેદારનાથ નું વિધિ વિધાન થી પૂજન અર્ચન પાંડવો દ્વારા થયું હતું એટલે આ સ્થાન ભગવાન શિવ નું અગિયારમું જ્યોતિર્લિંગ બન્યું હતું.પાંચ પાંડવો નો અંતિમ પડાવ એક પછી એક કેદારનાથ ની ભૂમિ પર પૂર્ણ થયો હતો. કેદાર નાથ ની યાત્રા નું મહત્વ : આઠમી સદી માં આદિ શંકરાચાર્યજી એ નિર્માણાધિન મંદિર નો જીર્ણોધાર કરાવ્યો હતો. આ જગ્યા પર જ એ મહા સમાધિ માં લિન થઈ ગયા હતા. મંદિર નું ગર્ભગૃહ ની અંદર બિરાજમાન કેદારનાથ શિવલિંગ નો આકાર એ પ્રાકૃતિક પિરામિડ જેવો છે. અક્ષય તૃતિયા થી કાર્તિકેય પૂર્ણિમા ના દિવસ સુધી કેદાર નાથ જ્યોતિર્લિંગ ના દર્શન ખુલા રહે છે. પાંચ નદી ઓ મંદાકિની,મધુ ગંગા,ક્ષીર ગંગા,સરસ્વતી અને સ્વર્ણગૌરી નદી નું સંગમ કેદાર નાથ પર્વત પર થાય છે પણ કાળેક્રમે અમુક નદીઓ લુપ્ત થઇ ગઈ છે. કેદાર નાથ મંદિર ની એવી માન્યતા છે કે જ્યારે મંદિર કપાટ બંધ હોય છે ત્યારે સ્વયં ભૈરવ મંદિર નું રક્ષણ કરે છે. દર વર્ષે મંદિર ના કપાટ ખુલે એ પહેલા ભૈરવ નાથ ની પૂજા થાય છે. ભગવાન શિવ ના ધામ કેદાર નાથ ની યાત્રા વગર ભગવાન વિષ્ણુ ના ધામ બદ્રીનાથ ની યાત્રા ફળતી નથી. આ કારણોસર બદરીનાથ ની યાત્રા કરતા પહેલા કેદારનાથ ની યાત્રા કરવી જરૂરી છે. આ સ્થાન પર સત્યુગમાં નર નારાયણ એ ભગવાન શિવ ની તપસ્યા કરી હતી એટલે એની તપસ્યા થી પ્રસન્ન થઈ ને ભગવાન શિવ જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. આ કારણોસર પણ કેદારનાથ ધામ નું મહત્વ વધી જાય છે. શિયાળા માં હીમ વર્ષા ને કારણે ઉમીમઠ સ્થિત ઓમકારેશ્વર મંદિર માં કેદારનાથ બાબા ના નિજ સ્વરૂપ ની પૂજા નિત્ય કરવામાં આવે છે. વિદ્વાનો નું માનવું છે કે મંદિર નું નિર્માણ ભોજકલીન શૈલી ને દર્શાવે છે.કુમાઉ ક્ષેત્ર માં ૬ થી ૧૧ મી સદી સુધી કત્યુરિ રાજાઓ નું શાસન હતું એટલે અયોધ્યા ના સૂર્યવંશી રાજાઓ એ કેદારનાથ મંદિર નું નિર્માણ કર્યું છે.મંદિર ના ગર્ભ ગૃહ માં ચારેય બાજુ એ પાષાણ સ્તંભ આવેલા છે જેના પર મંદિર ની છત ટકેલી છે.કેદાર નાથ નું મંદિર એ ૮૫ ફૂટ ઊંચું,૧૮૭ફૂટ લાંબુ અને ૮૦ ફૂટ પહોળું છે તેની દીવાલ મજબૂત પથ્થરો થી બનેલ ૧૨ફૂટ મોટી છે.

# ભરૂચમાં સમર યોગ કેમ્પ અંતર્ગત માતૃ-પિતૃ વંદના

## બાળકોએ માતા-પિતાનું સન્માન કરી આશીર્વાદ લીધા

(એજન્સી) ભરૂચ । તા. 24

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ભરૂચ જિલ્લામાં નિઃશુલ્ક સમર યોગ કેમ્પ ચાલી રહ્યો છે. આ કેમ્પ અંતર્ગત સંકટ મોચન હનુમાનજી મંદિર, લિંક રોડ ખાતે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોએ પોતાના માતા-પિતાનું સન્માન કર્યું હતું. બાળકોએ માતા-પિતાને કુમકુમ તિલક કરી, ચોખા લગાવી અને ફૂલહાર પહેરાવ્યા હતા. ત્યારબાદ બાળકોએ માતા-પિતાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા અને મીઠાઈ ખવડાવી પ્રેમ તથા આદર વ્યક્ત કર્યો હતો. સમર કેમ્પના સંચાલક પ્રકાશચંદ્ર પટેલે કાર્યક્રમનો હેતુ



સ્પષ્ટ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો અને યુવાનોમાં ભારતીય સંસ્કાર, પારિવારિક મૂલ્યો અને વડીલો પ્રત્યે આદરભાવનું સિંચન કરવાનો છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં માતા-પિતા, દાદા-દાદી અને અન્ય વડીલો ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. કેમ્પ દરમિયાન સહ-સંચાલક હેમા પટેલ અને હરીતા પટેલ દ્વારા બાળકોને યોગ, પ્રાણાયામ, ધ્યાન, સૂર્યનમસ્કાર તેમજ વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે. આ પ્રવૃત્તિઓનો હેતુ બાળકોમાં શારીરિક તંદુરસ્તી સાથે માનસિક એકાગ્રતા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ વિકસાવવાનો છે.

# કોંગ્રેસના 3 સભ્યો મતદાનથી અળગા રહ્યાંમ

## ભરૂચ જિલ્લા પંચાયતમાં 26 વિરુદ્ધ 5 મતોથી ભાજપના ઉમેદવારો વિજયી

(એજન્સી) ભરૂચ । તા. 24

ભરૂચ જિલ્લા પંચાયતની શનિવારના રોજ મળેલી ખાસ સામાન્યસભામાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી છે. બંને પદ માટે ભાજપની સામે આમ આદમી પાર્ટીએ ઉમેદવારી કરી હોવાથી મતદાન કરાવવામાં આવ્યું હતું. ભાજપના ઉમેદવારોને 26 જ્યારે આપને 5 મત મળ્યાં હતાં. કોંગ્રેસના 3 સભ્યો મતદાનથી અળગા રહયાં હતાં. 26 મતથી ભાજપના બંને ઉમેદવારો વિજયી બન્યાં હતાં.

ભરૂચ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદ માટે ભાજપે રાજપારડી બેઠક પરથી વિજેતા બનેલા ડિમ્પલ રાજને ઉમેદવાર બનાવ્યા હતા. તેમની સામે આમ આદમી પાર્ટીના નર્મદા વસાવા મેદાનમાં હતા. કોંગ્રેસ ઉમેદવારોમાંથી કોઈએ ફોર્મ ભર્યું નહોતું. ચૂંટણી દરમિયાન ભાજપના 26 સભ્યોએ સમર્થન જાહેર કર્યું. ડિમ્પલ રાજને 26 મત મળ્યા. આપ ઉમેદવારને માત્ર 5 મત મળ્યા. પરિણામે ડિમ્પલ રાજ આગામી અઢી વર્ષ માટે જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે વિજેતા જાહેર થયા હતા.

ઉપપ્રમુખ પદ માટે ભાજપના અજીત વસાવાને પણ 26 મત મળ્યા હતા. તેમની સામે આપના અનિલ વસાવા હતા. તેમને 5 મત મળ્યા હતા. ભરૂચ જિલ્લા પંચાયતમાં ફરી એક વખત ભાજપે સત્તા જાળવી રાખી છે. કારોબારી સમિતિના અધ્યક્ષ, દંડક તથા શાસક પક્ષના નેતાની પણ જાહેરાત કરી દેવામાં આવી હતી. નર્મદા કલેક્ટર ગંગાસિંઘ તથા ડીડીઓ યોગેશ કાપસેની હાજરીમાં મતદાનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નેત્રંગ તાલુકા પંચાયતમાં સત્તા માટે ખેંચતાણ શરૂ ભરૂચ જિલ્લામાં જિલ્લા પંચાયત બાદ હવે તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. 25 મેના રોજ જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતો ખાતે ખાસ સભાઓ યોજાશે. ખાસ કરીને નેત્રંગ તાલુકા પંચાયતની 16 બેઠકમાં ભાજપને 7, આપને 8 અને કોંગ્રેસને એક બેઠક મળી હતી.

# નડિયાદના ભુમેલમાં બે પરિવાર વચ્ચે અથડામણ

નડિયાદ તાલુકાના ભુમેલ ગામના ઈચ્છાપુરા વિસ્તારમાં પાંચ વર્ષ જૂની અદાવત અને વાડાની જગ્યાના વિવાદને લઈને બે પરિવારો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ઘટનામાં બંને પક્ષના સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં એક આધેડને માથામાં ગંભીર ઈજા થતાં તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કરાયા હતા. આ મામલે વડતાલ પોલીસ મથકે બંને પક્ષો દ્વારા સામસામી ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રથમ પક્ષ તરફથી નિલેશકુમાર ભૂપેન્દ્રભાઈ પરમારે ફરિયાદ નોંધાવી છે કે આશરે પાંચ વર્ષ પહેલાં તેમના ફળિયામાં થયેલા એક ઝઘડામાં તેમણે સાક્ષી પૂરી હતી.

# કાળઝાળ ગરમીમાં વાલ્કા મોટા ખાતે પશુઓનો હવાડો કોરોધાકોર, પશુપાલકો પરેશાન

મહેશ એલ. સોની નખત્રાણા

કાળઝાળ ગરમી વચ્ચે નખત્રાણા તાલુકાના રવાપર વિસ્તારમાં પાણીની વિકટ સમસ્યાએ હાહાકાર મચાવ્યો છે. વાલ્કા મોટા ગામે અબોલ પશુઓ માટેનો હવાડો સંપૂર્ણપણે કોરોધાકોર થઈ જતાં 45 ડિગ્રી તાપમાં પશુઓ પાણી વિના તડપી રહ્યા છે.450 લાઈનની નર્મદા યોજના છેલ્લા ચાર દિવસથી બંધ હોવાથી વાલ્કા, ઘડાણી, નાગવિરી સહિત 12 ગામોના ગ્રામજનો અને હજારો પશુઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિકોએ આક્રોશ સાથે કહ્યું કે, 'આ ગરમીમાં પશુઓને પીવા પાણી પણ ન મળે તો જીવે કેમ? લાખોના ખર્ચે બનેલો હવાડો શોભાનો ગાંઠિયો બની




ગયો છે.'છેલ્લા 6 મહિનાથી વારંવાર પાણી બંધ થવા છતાં તંત્રએ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નથી કરી. 'નળ સે જળ' યોજના કાગળ પર જ રહી ગઈ છે.જિ.પં. સદસ્યા શ્રીમતી નેહાબેન રૂપારેલે ચીમકી આપી છે કે સોમવાર સુધીમાં પાણી ચાલુ નહીં થાય તો કલેક્ટરને રજૂઆત બાદ 'જલ આંદોલન' છેડાશે.કાળઝાળ ગરમીને ધ્યાને લઈ 450 લાઈન તાત્કાલિક ચાલુ કરી માનવો અને અબોલ જીવ માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

# ડીઝલ વિતરણમાં આંશિક સુધારો, છતાં 50% અસર

(એજન્સી) કચ્છ । તા. 24

કચ્છમાં ડીઝલની અછત હવે માત્ર ટ્રાન્સપોર્ટ પૂરતી સીમિત નથી રહી, પરંતુ દેશના વિદેશી હૂંડિયામણ ડોલર ને સીધો ફટકો પહોંચાડી રહી છે. કંડલા દીનદયાળ પોર્ટ પર ઈંધણ કટોકટીના કારણે નિકાસની આખી સપ્લાય ચેઈન પર મોટી અસર થઈ રહી છે, હાલમાં પોર્ટ અને આઉટર એન્કરેજ પર બલ્ક વેસલમાં 8 થી 10 દિવસથી વેઈટિંગમાં છે. બીજી તરફ માલવાહક હજારો ટ્રકોના પૈડાં થંભી જતાં નિકાસકારોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. પોર્ટ પર ઘઉં, ચોખા, ખાંડ અને સોયા મીલ (ખોળ) જેવી ખેતપેદાશો, ઔદ્યોગિક વપરાશનું મીઠું, બેન્ટોનાઈટ, બોક્સાઈટ, સિમેન્ટ અને ક્લિન્કર જેવા ખનિજ પદાર્થો, તેમજ ખાતર, સ્ટીલની વિવિધ પેદાશો જેમાં પાઈપ્સ અને સળિયા તેમજ લિક્વિડ કેમિકલ્સ માટેના બલ્ક વેસલ અડધા ભરાયેલા જ ઊભા રહી જાય છે. જો જહાજ 8-10 દિવસ લાંબુ ઊભું રહે તો નિકાસકારને રોજના લાખો રૂપિયાનો 'ડેમરેજ ચાર્જ' ચૂકવવો પડે છે. વળી, ડીઝલ વિના સમયસર કન્ટેઈનર ન પહોંચતા જહાજો માલ લીધા વિના જ રવાના થઈ રહ્યા છે, જેથી 'ડેડ ફ્રેઈટ' (ખાલી જહાજનું ભાડું) લાગતાં કંપનીઓને કરોડોનો સીધો આર્થિક ફટકો પડી રહ્યો છે.

# લાઠી નજીક ખાનગી બસ અને અલ્ટોની ટક્કર, કારનો ભુકડો બોલી ગયો

## જસદણ નજીક એક્સિડન્ટમાં 2 પિતરાઈ ભાઈના મોત

(એજન્સી) અમરેલી । તા. 24

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના કેરાળા ગામ નજીક રાત્રે એક ખાનગી ટ્રાવેલ્સની બસ અને અલ્ટો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ માર્ગ અકસ્માતમાં કારમાં સવાર ત્રણેય વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.આ અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. અલ્ટો કારનો બુકડો બોલી ગયો હતો.

જસદણ પંથકમાં કાર અને બોલેરો વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં બે પિતરાઈ ભાઈઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. જ્યારે આ દુર્ઘટનામાં અન્ય 3 લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે.

અમરેલી-લાઠી સ્ટેટ હાઈવે પર થયેલી આ ટક્કર એટલી ભયાનક હતી કે અલ્ટો કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ચકનાચૂર થઈ ગયો હતો. અકસ્માત થતાં જ હાઈવે પર સ્થાનિક લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા, જેના કારણે રોડ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ લાઠી પોલીસનો કાફલો અને 108 એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. જોકે, કારમાં સવાર ત્રણેય લોકોના પ્રાણ પંખેરૂ ઉડી ચૂક્યા હતા.

# ભરૂચમાં ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર સાથે અથડાઈ

## એરબેગ ખુલતા જાનહાનિ ટળી, બંને મહિલાઓનો આબાદ બચાવ

(એજન્સી) ભરૂચ । તા. 24

ભરૂચ નગરપાલિકા નજીક આજે એક કારનો અકસ્માત સર્જાયો હતો. એક મહિલા કારચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી.

આ અકસ્માત એટલો જોરદાર હતો કે, કારની એરબેગ્સ તાત્કાલિક ખુલી ગઈ હતી. એરબેગ્સ ખુલવાને કારણે જાનહાનિ ટળી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ છે. જેમાં જોઈ શકાય છે કે, કાર



ચાલકે અચાનક સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જે બાદ કાર ડિવાઈડર સાથે જોરદાર અથડાઈ હતી. જે બાદ તાત્કાલિક એરબેગ ખુલી ગઈ હતી.

આ અકસ્માતમાં કારમાં સવાર બંને મહિલાઓનો આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં જ ભરૂચ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# કર્મચારીઓને સમયસર વેતન ન મળતા આર્થિક મુશ્કેલીમાં

(એજન્સી) ભુજ । તા. 24

આરોગ્ય વિભાગની કરોડરજ્જુ સમાન હજારો કરાર આધારિત કર્મચારીઓ છેલ્લા ૩ મહિનાથી 'પગાર' વિહોણા છે. નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કામ કરતા આ કર્મચારીઓને વેતન ન મળતા હાલત કફોડી બની છે. પ્રથમ બે મહિના સુધી તો ગ્રાન્ટના આભાવે પગાર ચૂકવાયો ન હતો.

ગત સપ્તાહે સ્ટેટમાંથી ગ્રાન્ટ તાલુકા કક્ષાએ પણ આવી ગઈ હોવા છતાં પગાર ન ચુકવતા કર્મચારીઓમાં ભારે નારાજગી જોવા મળી છે. માર્ચ અને એપ્રિલ માસના પગારની ચુકવણું થયું નથી ત્યાં મે માસના 24 દિવસનો સમય વીતી ગયો છે કચ્છના 2700થી વધુ કર્મચારીઓ વેતનથી વંચિત રહ્યા છે. કચ્છ જિલ્લામાં 1 હજાર જેટલા નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓ અને 1700થી વધુ આશા વર્કરો મળી કુલ 2700થી વધુ પરિવારો આર્થિક મુશ્કેલીમાં સપાયા છે. NHM અંતર્ગત કેન્દ્ર સરકારનો 60% અને રાજ્ય સરકારનો 40% હિસ્સો હોય છે. આ પરિસ્થિતિમાં પાયાના સ્તરે સેવા આપતા ડેટા એન્ટ્રી ઓપરેટર, લેબ ટેકનિશિયન, સ્ટાફ નર્સ અને આશા વર્કરો જેમના જોરે સરકારી આરોગ્ય વિભાગ ચાલે છે.

# ડીઝલ માટે 7/12ની નકલ માંગતા પેટ્રોલ પંપ સંચાલકને ધમકી

## સુરતના PSI સામે ડુંગર પોલીસમાં અરજી, ડુંગર પોલીસે તપાસ શરૂ કરી

(એજન્સી) અમરેલી । તા. 24

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વિક્ટર ચોકડી નજીક આવેલા એક પેટ્રોલ પંપના સંચાલકે સુરતના સચિન પોલીસ સ્ટેશનના PSI જયસુખ બારૈયા સામે ધમકી આપ્યાની લેખિત અરજી ડુંગર પોલીસ સ્ટેશનમાં કરી છે. બેરલમાં ડીઝલ આપવા માટે 7/12ની નકલ માંગવા મુદ્દે આ વિવાદ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, PSI જયસુખ બારૈયાના એક સંબંધી પેટ્રોલ પંપ પર બેરલમાં ડીઝલ લેવા આવ્યા હતા. પેટ્રોલ પંપના કર્મચારીએ સરકારી નિયમો અને મામલતદારની સૂચનાનો હવાલો આપીને જણાવ્યું હતું કે, 7/12ની નકલ વગર બેરલમાં ડીઝલ આપી શકાય નહીં, નિયમ મુજબ માત્ર વાહનમાં જ ડીઝલ ભરી આપવામાં આવે છે.

આ સાંભળીને તે વ્યક્તિએ PSI બારૈયાને ફોન જોડ્યો હતો. PSIએ ફોન પર પેટ્રોલ પંપના કર્મચારી સાથે ઉદ્ધત અને ધમકીભરી ભાષામાં વાત કરી હતી. તેમણે 'તારો શેઠ શું ગુજરાતનો PM છે?' અને 'ડીઝલ કેમ નથી આપતો?' જેવા શબ્દોનો પ્રયોગ કરી પોલીસ કેસ કરવાની ધમકી આપી હોવાનો આરોપ છે.

પેટ્રોલ પંપના સંચાલક પ્રદ્યુમન ખુમાણે જણાવ્યું કે, તેમને પણ મોબાઈલ પર કોલ કરીને પોલીસ કેસ કરવાની અને 112માં ફરિયાદ કરવાની ધમકી આપવામાં આવી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે, અગાઉ પોલીસ સ્ટાફ હોવાની ઓળખ આપીને આ લોકો 125 લીટર ડીઝલ 7/12ની નકલ વગર લઈ ગયા હતા. જોકે, હાલ મામલતદારની કડક સૂચના હોવાથી નિયમ વિરુદ્ધ બેરલમાં ડીઝલ આપવું શક્ય નથી.

રાજ્યભરમાં ડીઝલની અછત અને ખેડૂતો માટે તેની અનિવાર્ય જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા આ નિર્ણય લેવાયો છે. કેટલાક લોકો ખેડૂતોના નામે ડીઝલ મેળવી તેનો દુરુપયોગ કરતા હોવાથી, સરકાર અને સ્થાનિક તંત્રએ બેરલમાં ડીઝલ ખરીદવા માટે ખેતીની 7/12ની નકલ ફરજિયાત બનાવી છે.

# ભુજ-આદિપુર વચ્ચે ડબલ રેલવે ટ્રેક નાખવા માટે સર્વે શરૂ કરવામાં આવ્યો

(એજન્સી) ભુજ । તા. 24

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ કચ્છની મુલાકાત દરમ્યાન રેલવેના માળખાકીય વિકાસની સમીક્ષા કરી હતી. આ દરમ્યાન કચ્છમાં ટ્રેનોની સ્પીડ વધારવા અને ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે એક મોટો નિર્ણય લેવાયો છે. ભુજથી આદિપુર વચ્ચે ડબલ રેલવે ટ્રેક નાખવા માટેનો ગ્રાઉન્ડ સર્વે સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવ્યો છે. ડબલ ટ્રેક થવાથી ભવિષ્યમાં આ રૂટ પર ટ્રેનોની અવરજવર વધુ ઝડપી અને સુગમ બનશે.હાલમાં આદિપુર-ગાંધીધામ વચ્ચે ફોર લેન ટ્રેક તૈયાર થઈ ચૂક્યો છે. કચ્છમાં વેપાર અને મુસાફરોની સુવિધા માટે રેલવે હાઈટેક મોડમાં કામ કરી રહી હોવાનુ જનરલ મેનેજરે જણાવ્યું હતું. અમદાવાદ ડીઆરએમ વેદ પ્રકાશે જણાવ્યું કે, ભુજ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવી આધુનિક સુવિધા સાથે કરવામાં આવી રહ્યો છે સ્ટેશનનું નિર્માણ કાર્ય અંતિમ તબક્કામાં છે.આ ઉપરાંત ભચાઉ અને ગાંધીધામ સ્ટેશનો પણ સજ્જ થઈ રહ્યા છે. શુક્રવારે ભુજ-દિલ્હી દૈનિક એક્સપ્રેસ ટ્રેનનો પણ પ્રારંભ કરાયો હતો.

# અમરેલી જિલ્લા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી

## દક્ષાબેન છોડવડીયા પ્રમુખ, મહાવીરબાપુ ઉપપ્રમુખ તરીકે નિમાયા

(એજન્સી) અમરેલી । તા. 24

અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જીરા ગામના પૂર્વ મહિલા સરપંચ દક્ષાબેન છોડવડીયાને પ્રમુખ પદ સોંપાયું છે, જ્યારે ચલાલા દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીરબાપુ ઉપપ્રમુખ બન્યા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો બાદ વિવિધ જિલ્લાઓમાં પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા ચાલી રહી છે. આ અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયત માટે કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ



સમિતિ દ્વારા મેન્ડેટ જાહેર કરાયા બાદ આ નિમણૂકો બિનહરીફ થઈ હતી. પ્રમુખ તરીકે વરાયેલા દક્ષાબેન છોડવડીયા સાવરકુંડલા તાલુકાના જીરા ગામના વતની છે. તેઓ અગાઉ ગામના સરપંચ તરીકે સેવા આપી ચૂક્યા છે અને ગામમાં મહિલા મંડળો તથા અન્ય સંસ્થાઓ ચલાવે છે. તેમણે ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કર્યો છે.

# જળચર સંપત્તિ સંવર્ધન માટે 61 દિવસ દરિયો નહીં ખેડાય

(એજન્સી) અમરેલી । તા. 24

ગુજરાતમાં 1 જૂનથી 15 ઓગસ્ટ સુધી માછીમારી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. રાજ્ય સરકારે જળચર સંપત્તિના સંવર્ધન માટે આ 61 દિવસનો નિર્ણય લીધો છે. મત્સ્ય વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર પરિપત્ર બહાર પાડીને તમામ માછીમારોને જાણ કરવામાં આવી છે.

ચોમાસાની ઋતુ દરમિયાન માછલીઓના પ્રજનન અને સંવર્ધનકાળને ધ્યાનમાં રાખીને આ પ્રતિબંધ પશ્ચિમી દરિયાકાંઠા પર લાગુ પડશે. સરકારી જાહેરનામા મુજબ, આંતરરાષ્ટ્રીય અને જળ સીમા વિસ્તારમાં પણ માછીમારી પર કુલ 61 દિવસનો સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ પગલું દરિયાઈ જીવસૃષ્ટિની સુરક્ષા અને માછલીનો વંશવેલો વધારવા માટે જરૂરી માનવામાં આવે છે.

આ પ્રતિબંધના સમયગાળા દરમિયાન, યાંત્રિક બોટો, ટ્રોલર અને ઊંડા દરિયામાં જતાં મોટા જહાજોને દરિયામાં પ્રવેશવા પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે.

પોલીસ અને મત્સ્ય વિભાગ દ્વારા આ પ્રતિબંધનો કડક અમલ કરાવવામાં આવશે. વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો કોઈ માછીમાર કે બોટચાલક સરકારી આદેશનો ભંગ કરીને દરિયામાં જશે, તો તેમની સામે ગુજરાત મત્સ્ય ઉદ્યોગ કાયદા હેઠળ કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આવા કિસ્સાઓમાં, તેમની બોટ પણ જપ્ત કરી લેવામાં આવશે.

# વેપારીઓ સાથે 1 કરોડથી વધુની છેતરપિંડી કરનાર ગઠીયા ભૂજથી ઝડપાયા

## નકલી વેપારી અને આંગડિયા પેઢીના કર્મચારી બની વેપારીઓ સાથે ઠગાઈ આચરતા

(એજન્સી) અમરેલી । તા. 24

નકલી વેપારી અને આંગડિયા પેઢીના કર્મચારી બનીને ગુજરાત અને મુંબઈના વેપારીઓને ફોન મારફતે સંપર્ક કરીને પૈસા તેમજ ચીજ વસ્તુઓ મેળવી લઈને એક કરોડ રૂપિયાથી વધારેની છેતરપિંડી કરનાર બે આરોપીઓની કાગડાપીઠ પોલીસે ધરપકડ કરી છે. છેલ્લા સાત વર્ષમાં આરોપીઓએ મુંબઈમાં એક કરોડ અને ગુજરાતના અલગ અલગ વેપારીઓને પોતાની જાળમાં ફસાવીને પૈસા તેમજ ચીજ વસ્તુઓ પડાવી લીધી છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી મોબાઈલ એસેસરીઝ અને રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. કાગડાપીઠ પોલીસ સ્ટેશન પીઆઈ એસ. એ. ગોહિલે જણાવ્યું હતું કે, શહેરના ગીતામંદિર વિસ્તારમાં મોબાઈલ એસેસરીઝની મોટા પ્રમાણમાં દુકાનો આવેલી છે. ત્યારે મોબાઈલ એસેસરીઝની વસ્તુઓ અને આંગડિયા પેઢીના નામે ઓનલાઈન ફોટા મંગાવીને પૈસા તેમજ ચીજ વસ્તુઓ લેવાની વેપારીઓ સાથે છેતરપિંડીની બે વેપારીઓ ફરિયાદ લઈને આવ્યા હતાં. જ્યારે વડોદરાના એક વેપારીએ આ પ્રકારની છેતરપિંડી થઈ હોવા અંગેનો સોશિયલ મીડિયામાં વીડિયો મુક્યો તો જેના આધારે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી.

સમગ્ર ટેકનિકલ સર્વેલન્સ અને માહિતીના આધારે આરોપીઓ ભુજ ખાતે હોવાની બાતમી મળતા કાગડાપીઠ પોલીસ સ્ટેશનની ટીમે ભૂજથી જગદીશ ઠક્કર (ઉ. વ. 36, રહે વોકરા ફળિયું, ભુજ) અને તેના મિત્ર મુકેશ સોરઠીયા (ઉ. વ. 37, રહે. નાગેન્દ્ર પાર્ક, ભુજ)ની ધરપકડ કરી હતી.

બંને આરોપીઓ છેલ્લા સાત વર્ષથી ગુજરાતના અલગ અલગ શહેરોના વેપારીઓ પાસેથી લાખો રૂપિયાની ચીજ વસ્તુઓ અને રોકડ રકમ પડાવી છેતરપિંડી કરી છે. આરોપીઓ 10થી 15 હજાર જેવી નાની રકમની છેતરપિંડી કરતા હતા જેથી વેપારીઓ ફરિયાદ કરતા નહોતા.

## રોહિણી નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ,આહારમાં કાળજી લેવી જરૂરી

(એજન્સી) વલસાડ । તા. 24

જ્યોતિષ શાસ્ત્રનું હિન્દુ ધર્મમાં અનેરું મહત્વ છે. સોમવાર 25 મે થી 2 જૂન 2026 સુધી આકાશમાંથી કાળઝાળ આગ ઓકતા સૂરજદેવના લીધે નોતપા નવ દિન ધખધખતા તાપનો પ્રકોપ શરૂ થઈ રહ્યો છે. રોહિણી નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ પૃથ્વીના વિષુવવૃત્ત વિસ્તારમાં જીવતેજીવ અગ્નિકુંડમાં હોમી દેવા સક્ષમ છે, જ્યાં ફૂંકાતી સળગતી ગરમ લૂ અને પ્રચંડ તાપમાન માણસના શરીરને અંદરથી સૂકવીને હીટ સ્ટ્રોક- લૂ નો શિકાર બનાવી શકે છે.

જો આ ૯ દિવસોમાં સહેજ પણ બેદરકારી રાખી તો જીવલેણ ડિહાઈડ્રેશન અને ચક્કર જેવી આફતના શિકાર બની શકો છો. અસહ્ય જીવલેણ ગરમીમાં ટકી રહેવા માટે તમારે ખોરાકમાં ખાસ સાવધાની રાખવી પડશે. ભૂલેચૂકેય તીખો, તળેલો, વાસી ખોરાક, માસ-મદિરા કે પિત્ત ભડકાવતી ચા-કોફી પીવાની ભૂલ ન કરવી, તે શરીરની અંદર અગનજ્વાળા પેદા કરે છે.

તેના બદલે અંદરની આગને શાંત કરવા માટલાનું ઠંડું અમૃત જેવું પાણી, મોળી છાશ, લીંબુ-વરિયાળીનું શરબત, નાળિયેર પાણી અને તરબૂચ-ટેટી જેવા પાણીથી ભરપૂર ફળો જ ખાવા જે તમારા પ્રાણ બચાવશે.

# નડિયાદમાં વીજ ટ્રાન્સફોર્મરમાં આગ

## ઓવર હીટિંગથી માઈ મંદિર રોડ પર વીજ પુરવઠો ખોરવાયો હતો

(એજન્સી) નડિયાદ । તા. 24

નડિયાદના માઈ મંદિર રોડ પર આવેલી વિશ્વકર્મા વાડી નજીક એમજીવીસીએલના વીજ ટ્રાન્સફોર્મરમાં રાત્રીના સમયે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. શરૂઆતમાં ધુમાડા નીકળ્યા બાદ જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખું ટ્રાન્સફોર્મર તેની લપેટમાં આવી ગયું હતું. સ્થાનિક નાગરિકોએ તાત્કાલિક નડિયાદ ફાયર વિભાગ અને મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ના અધિકારીઓને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવીને ગણતરીની મિનિટોમાં જ ટ્રાન્સફોર્મરમાં લાગેલી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. ફાયર વિભાગની આ ત્વરિત કામગીરીને કારણે કોઈ મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, હવામાં વધતા તાપમાન અને સતત વીજ વપરાશને કારણે ઓવર હીટિંગ થવાથી આ ડીપીમાં શોર્ટ સર્કિટ થયું હતું, જેના કારણે આગ લાગી હતી. ટ્રાન્સફોર્મરમાં રહેલા ઓઈલના કારણે આગ ઝડપથી પ્રસરી હતી. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને સમયસર આગ પર કાબૂ મેળવી લેવાતા આસપાસના મકાનો કે મિલકતોને કોઈ નુકસાન થયું નથી. આ આગની ઘટનાને પગલે માઈ મંદિર રોડ અને તેની આસપાસના મોટા વિસ્તારનો વીજ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. ભરઉનાળે અચાનક લાઈટો ગુલ થતાં અને પંખા-એસી બંધ થઈ જતાં સ્થાનિક નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગરમીના કારણે લોકો ઘરોની બહાર નીકળી આવ્યા હતા અને વીજ પુરવઠો ક્યારે શરૂ થાય તેની રાહ જોઈ રહ્યા હતા.

આગ શાંત થયા બાદ MGVCLની ટેકનિકલ ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગના કારણે ટ્રાન્સફોર્મરની આખી સિસ્ટમ બળીને ખાખ થઈ ગઈ છે. વીજ કંપનીના કર્મચારીઓ દ્વારા હાલમાં બળી ગયેલા વાયરો અને સાધનો હટાવીને નવું ટ્રાન્સફોર્મર નાખવા સહિતની સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી.

## ગોધરામાં રેતી ભરેલું ડમ્પર ગટર ચેમ્બરમાં ખૂંપ્યું : પોલીસ હેડ ક્વાર્ટર નજીક ફસાયું

(એજન્સી) ગોધરા । તા. 24

ગોધરાના પોલીસ હેડ ક્વાર્ટર નજીક એક મોટી ઘટના ટળી હતી. રેતી ભરેલું એક ડમ્પર ભૂગર્ભ ગટરની ચેમ્બરમાં ફસાઈ ગયું હતું, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી અને રસ્તા પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસ હેડ ક્વાર્ટર પાસેથી પસાર થઈ રહેલું રેતી ભરેલું ડમ્પર અચાનક રસ્તા પર આવેલી ભૂગર્ભ ગટરની ચેમ્બરમાં ઉતરી ગયું હતું.

ડમ્પરનો વજન વધુ હોવાને કારણે તે ચેમ્બરમાં ખરાબ રીતે ફસાઈ ગયું અને એક તરફ નમી ગયું હતું.

આ ઘટનાને પગલે મુખ્ય રસ્તા પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. ડમ્પરનું ભારે વજન હોવાથી તેને સામાન્ય રીતે બહાર કાઢવું અશક્ય હતું. આથી, તેને બહાર કાઢવા માટે ઘટના સ્થળે બે મહાકાય ક્રેનની મદદ લેવામાં આવી હતી.

ભારે જહેમત અને કલાકોની મશક્કત બાદ આખરે ડમ્પરને ગટરની ચેમ્બરમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યું હતું. ડમ્પર હટાવ્યા બાદ ટ્રાફિક હળવો થતાં તંત્ર અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## નડિયાદમાં માર્ગો પર ઢોરોનો અડીંગો છતાં મનપાને 10 માસમાં માત્ર 560 ઢોર મળ્યાં

(એજન્સી) નડિયાદ । તા. 24

નડિયાદ શહેરમાં ઠેર-ઠેર અડીંગો જમાવી બેઠેલા ઢોર દ્વારા અવારનવાર રાહદારીઓ તેમજ વાહનચાલકો ઉપર હુમલાઓ કરી ઈજાઓ પહોંચાડવામાં આવી રહી છે. તેમછતાં મહાનગરપાલિકાની તંત્ર ઢોર પકડવાની કામગીરીમાં ઢીલી નીતી જોવા મળી રહી છે. મનપા તંત્રએ 10 મહિનામાં માત્ર 560 જ રખડતાં ઢોર પકડી સંતોષ માન્યો છે.

નડિયાદમાં રખડતા ઢોરોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે. ગલી-મહોલ્લામાં, સોસાયટીઓમાં તેમજ જાહેર માર્ગો ઉપર ઢોરોના અડીંગાને કારણે રાહદારીઓ તેમજ વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે તકલીફ પડી રહી છે. રાહદારીઓ તેમજ વાહનચાલકો ઉપર ઢોર દ્વારા હુમલાઓ કરાયાં હોવાના કિસ્સા પણ સમયાંતરે સામે આવતાં હોય છે. તેમછતાં નડિયાદ મહાનગરપાલિકામાં ઢોર પકડવાની કામગીરીમાં ઢીલાશ મુકી રહ્યું છે.

તંત્રની આવી ઢીલી નીતીને કારણે ગત શુક્રવારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં એક ગાયે રોડ પર ચાલતી જતી મહિલા અને તેના ચાર વર્ષીય પુત્ર ઉપર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે, નડિયાદ મહાનગરપાલિકાની ઢોર પકડવાની ઢીલી નિતી ઉપર પુન: સવાલો ઉઠવા લાગ્યાં છે. એક તરફ શહેરમાં ઠેર-ઠેર રખડતાં ઢોરનો અડીંગો જોવા મળી રહ્યો છે.

## વલસાડમાં કિશોર પટેલ પ્રમુખ, હસુમતિ ટંડેલ ઉપપ્રમુખ

વલસાડ : વલસાડ જિલ્લા અને તાલુકા પંચાયતોની 26 એપ્રિલ 2026ના રોજ યોજાયેલી ચૂંટણી અને 28 એપ્રિલે પરિણામોના 25 દિવસ બાદ 23 મેના રોજ જિલ્લાની 6 તાલુકા પંચાયતોમાં ભાજપ શાસનના પૂન: શ્રીગણેશ થયા છે. જિલ્લા પં. અને તમામ 6 તા. પંચાયતો ઉપર ભાજપે ભવ્ય વિજય પ્રાપ્ત કરી કબજો કર્યો હતો. દરમિયાન વલસાડમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર નિતીન સાંગવાને ચૂંટણી માટે સભા યોજવા આદેશ કરતાં જિલ્લાની વલસાડ, ધરમપુર, પારડી, કપરાડા, ઉમરગામ અને નાનાપોંઢા તાલુકા પંચાયતોમાં બંન્ને પદ માટેની ચૂંટણી માટે સભા બોલાવાઇ હતી. શનિવારે તમામ તા.પં.માં પાંચ વર્ષની ટર્મ પૈકીના પ્રથમ અઢી વર્ષ માટે પ્રમુખ ઉપપ્રમુખોની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઇ હતી. જેમાં ચૂંટણી અધિકારીઓ સમક્ષ દાવેદારી રજૂ કરવા ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઇ હતી. પરંતુ ધરમપુર સિવાયની તા. પંચાયતોમાં એક જ ફોર્મ ભરાતાં પ્રમુખ અને ઉપપ્રમુખની સભ્ય દ્વારા દરખાસ્ત મૂકવામાં આવતાં સામે કોઇ દાવેદારી નહિ થતાં ચૂંટણી સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હતા. વલસાડ તા.પં.ના નવા પ્રમુખ કિશોર પટેલને ધારાસભ્ય ભરતભાઇ પટેલે શુભેચ્છા પાઠવી હતી.

## 'વાઘદેવ' અને આકાશગંગાનું અદ્ભુત મિલન. સંસ્કૃતિ અને બ્રહ્માંડની સુંદરતાનો અનોખો સમન્વય..

ડાંગ | ડાંગ જિલ્લાના આદિવાસી સમાજની આસ્થાના પ્રતીક એવા પવિત્ર 'વાઘદેવ' અને બ્રહ્માંડની અદભુત આકાશગંગા (Milky Way)ને એક જ ફ્રેમમાં કેદ કરી નવસારી જિલ્લાના રાનકુવા ગામના જાણીતા ફાઇન આર્ટિસ્ટ અને પ્રોફેશનલ ફોટોગ્રાફર જિજ્ઞેશ પટેલે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ તસવીર હાલ કલાપ્રેમીઓ અને ફોટોગ્રાફી રસિકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.તાજેતરમાં જિજ્ઞેશ પટેલ ડાંગ જિલ્લાના સરહદી વિસ્તારમાં આવેલા ઘોડી ગામની મુલાકાતે પહોંચ્યા હતા.સ્થાનિક મિત્ર તુષારભાઈ કામડીના માર્ગદર્શન હેઠળ તેઓ ડાંગના આદિવાસી સમાજમાં આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર માનાતી પવિત્ર 'વાઘદેવ'ની પ્રતિમા સુધી પહોંચ્યા હતા.કલાકોની મહેનત, યોગ્ય સમયની રાહ અને ટેકનિકલ કુશળતાના સંયોજનથી તેમણે એક એવી ઐતિહાસિક તસવીર ક્લિક કરી, જેમાં પૃથ્વી પર સ્થાપિત 'વાઘદેવ'ની પ્રતિમા અને તેની પાછળ અનંત આકાશમાં ઝગમગતી આકાશગંગા એકસાથે નજરે પડે છે. તસવીર નિહાળતા એવું અનુભવે છે કે જાણે બ્રહ્માંડ પોતે વાઘદેવના ચરણોમાં નમન કરી રહ્યું હોય. ફાઈન આર્ટથી એસ્ટ્રોફોટોગ્રાફી સુધીનો સર્જનાત્મક સફર રાનકુવા ગામમાં 'તરંગ આર્ટ સ્ટુડિયો' ચલાવતા જિજ્ઞેશ પટેલે ફાઈન આર્ટ્સનો અભ્યાસ કર્યો છે અને છેલ્લા ૧૨ વર્ષથી ફોટોગ્રાફીના ક્ષેત્રે સક્રિય છે. તેઓ માત્ર વેડિંગ ફોટોગ્રાફી પૂરતા મર્યાદિત નથી, પરંતુ વાઈલ્ડલાઈફ, સ્ટ્રીટ ફોટોગ્રાફી અને ખાસ કરીને એસ્ટ્રોફોટોગ્રાફી જેવા પડકારજનક વિષયો પર પણ વિશેષ પકડ ધરાવે છે.તેમની સર્જનાત્મક દ્રષ્ટિ અને કલા પ્રત્યેના જુસ્સાને કારણે ડાંગની આદિવાસી સંસ્કૃતિ અને બ્રહ્માંડની અદભુત સુંદરતાનો આ અનોખો સમન્વય દુનિયા સમક્ષ આવી શક્યો છે.

## હારીજ તાલુકા પંચાયતમાં પ્રમુખ અન ઉપપ્રમુખની વરણી

(એજન્સી) હારીજ । તા. 24

હારીજ તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરવામાં આવી છે. 24 વર્ષીય શ્રવણજી ચેહુજી ઠાકોર પ્રમુખ બન્યા છે, જ્યારે 27 વર્ષીય ભાવનાબેન કનુભાઈ દેસાઈ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા છે. આ વરણી શનિવારે યોજાયેલી પ્રથમ સાધારણ સભામાં કરવામાં આવી હતી.

તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો વિજય થયા બાદ, પક્ષ દ્વારા પ્રમુખ અને ઉપપ્રમુખ માટે મેન્ડેડ અપાયા હતા. શુક્રવારે બિનહરીફ ઉમેદવારી પત્રો ભરાયા હતા અને અન્ય કોઈ ફોર્મ ન ભરાતા ચિત્ર સ્પષ્ટ થયું હતું.

આ સાધારણ સભામાં હારીજ મામલતદાર અને ઈન્ચાર્જ ટીડીઓ જયંતીજી ઠાકોર, પૂર્વ કેબિનેટ મંત્રી દિલીપજી ઠાકોર અને તાલુકા ભાજપ પ્રમુખ મુકેશજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. નવા ચૂંટાયેલા 80 ટકા યુવા સદસ્યોનું રજવાડી ફેટા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભાજપના જિલ્લા મહામંત્રી બાબુજી ઠાકોરે કારોબારી અધ્યક્ષ, પક્ષના નેતા અને દંડકના નામોની જાહેરાત કરી હતી, જેની વરણી 15 દિવસ બાદ થશે. નવનિયુક્ત યુવા ટીમ પાસેથી તાલુકાના વિકાસ કાર્યોને વેગ મળે તેવી આશા રાખવામાં આવી રહી છે.

## પાટણના આનંદ સરોવરમાં જળકુંભીનો વ્યાપક ફેલાવો

### ગટરના પાણીથી વેલ બેફામ ફેલાતા રોગચાળાનો ભય; કારોબારી ચેરમેને ગંદા પાણીનો આવરો બંધ કરવા પાલિકાને જાણ કરી

(એજન્સી) પાટણ । તા. 24

પાટણના આનંદ સરોવરમાં જળકુંભીનો વ્યાપક ફેલાવો થયો છે. આસપાસની સોસાયટીઓમાંથી આવતા ગટરના ગંદા પાણીને કારણે આ ઝેરી વેલ બેફામ રીતે ફેલાઈ રહી છે, જેના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને સ્થાનિક રહીશોમાં રોગચાળાની દહેશત ફેલાઈ છે. નગરપાલિકા તંત્ર દ્વારા આ સમસ્યાના કાયમી ઉકેલ માટે ગંદા પાણીનો આવરો સદંતર બંધ કરવાની માંગ ઉઠી છે. શહેરની શાન સમાન ગણાતા આ આનંદ સરોવરમાં જળકુંભીની લીલી ચાદર પથરાઈ જતાં પાણી દૂષિત બન્યું છે. સવારના સમયે મોર્નિંગ



વોક માટે આવતા નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગટરના પાણીમાં રહેલા પોષકતત્ત્વો જળકુંભીના ઝડપી વિકાસ માટે જવાબદાર છે.

વર્ષ 2004માં પાટણના તત્કાલીન ધારાસભ્ય આનંદીબેન પટેલના પ્રયાસો, લોકભાગીદારી અને સરકારી સહાયથી આ તળાવને 'આનંદ સરોવર' અને સુંદર બગીચા તરીકે વિકસાવવામાં આવ્યું હતું. જોકે, સમય જતાં યોગ્ય જાળવણીના અભાવે આ સુંદર બગીચો હવે ઉજ્જડ બની રહ્યો છે અને તળાવ તેના જૂના સ્વરૂપ 'ગુંગડી તળાવ' તરફ ધકેલાઈ રહ્યું છે. સ્થાનિક નાગરિકો અને તજજ્ઞોના મતે, આ સમસ્યાના કાયમી ઉકેલ માટે તળાવમાં આવતો ગટરના ગંદા પાણીનો આવરો બંધ કરવો અનિવાર્ય છે. આ ઉપરાંત, જો સરોવરમાં એક વખત 4 ફૂટ જેટલું ઊંડું ખોદકામ કરીને તમામ વેલોને મૂળમાંથી ખોદી કાઢવામાં આવે, તો જ આ સરોવર ફરીથી સ્વચ્છ અને સુંદર બની શકે તેમ છે. આ અંગે પાટણ નગરપાલિકાના કારોબારી ચેરમેન નીલમ પટેલે જણાવ્યું હતું કે, આનંદ સરોવરમાં પથરાયેલી કુંભવેલના કાયમી નિકાલ માટે જ્યાંથી પણ ગંદા પાણીનો આવરો આવે છે, તેને બંધ કરવા માટે નગરપાલિકાને જાણ કરવામાં આવી છે.

## વલસાડના ગાદીજી મંદિરે 151 વર્ષે પ્રથમવાર પ્રેરણા પર્વ

(એજન્સી) વલસાડ । તા. 24

વલસાડ સ્થિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના 151 વર્ષ પ્રાચીન અને ઐતિહાસિક ગાદીજી મંદિર (મોટી મહેતવાડ) ખાતે ઈતિહાસમાં પ્રથમ વખત દ્વિદિવસીય 'ગાદીજી પ્રેરણા પર્વ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શનિવારે પ્રથમ દિવસે વિવિધ દિવ્ય કાર્યક્રમો અને વચનામૃતનું આયોજન કરાયું હતું, જ્યારે આજે રવિવારે ઉત્સવના બીજા દિવસે ભવ્ય 56 ભોગ (બડો મનોરથ) ધરીને આ દિવ્ય અવસરની પૂર્ણાહુતિ કરવામાં આવશે. અધિક જેઠ સુદ આઠમ એટલે કે શનિવારે સાંજે ગાદીજી પ્રેરણા પર્વ સમિતિ દ્વારા આયોજિત આ મહોત્સવના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈ-બહેનો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમમાં આચાર્યચરણો દ્વારા દિવ્ય વચનામૃતનો લાભ આપવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગાદીજી મંદિર પ્રત્યેની વલસાડના વૈષ્ણવોની ગુરુભક્તિ અને અખૂટ શ્રદ્ધા સદાય જળવાઈ રહેવી જોઈએ. શનિવારે સાંજે યોજાયેલા 'વિવાહ ખેલના ભવ્ય મનોરથ' દર્શનનો લાભ લઈ તમામ વૈષ્ણવો ભાવવિભોર બન્યા હતા. આજે રવિવારે (અધિક જેઠ સુદ નોમ) પ્રેરણા પર્વના બીજા અને અંતિમ દિવસે ગાદીજી હવેલી ખાતે અલોકિક ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં સાંજે 5:30 વાગ્યાથી દિવ્ય વચનામૃત, સાંજે 6:30 વાગ્યે વિજય તિલક અને ત્યારબાદ સાંજે 5:30 થી 8:30 દરમિયાન પ્રભુ સન્મુખ ભવ્ય 'છપ્પન ભોગ' (બડો મનોરથ) ધરવામાં આવશે.

## 462 કરોડના પ્રોજેક્ટ્સની સમીક્ષા:માર્ગ-મકાન વિભાગના 36 કામમાંથી 23 પૂર્ણ, 85 કરોડનો ખર્ચ

પાટણ : પાટણ જિલ્લામાં યોજાયેલી 'દિશા' મીટિંગમાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) હસ્તકના વિકાસ કાર્યોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં વર્ષ 2024-25માં મંજૂર થયેલા રસ્તા, પુલો અને સરકારી મકાનોના બાંધકામની માર્ચ-2026 સુધીની ભૌતિક અને નાણાંકીય સિદ્ધિઓનો અહેવાલ રજૂ કરાયો હતો. જિલ્લામાં રસ્તા અને પુલોના કુલ 36 કામો માટે રૂ. 46206.55 લાખની નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હતી. જેમાંથી માર્ચ-2026 સુધીમાં 23 કામોમાં ભૌતિક સિદ્ધિ મેળવી કુલ રૂ. 8528.45 લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. બેઠકમાં બાકી રહેલા તમામ કામો સમયમર્યાદામાં અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવા સંબંધિત એજન્સીઓને કડક સૂચનાઓ આપવામાં આવી હતી. તાલુકાવાર કામોની વિગતો મુજબ, પાટણ તાલુકાના 4 કામો માટે રૂ. 2812.00 લાખ મંજૂર કરાયા હતા, જેમાંથી 3 કામો પૂર્ણ અથવા પ્રગતિમાં લાવી રૂ. 548.23 લાખનો ખર્ચ થયો છે. સરસ્વતી તાલુકાના 1 કામ માટે રૂ. 578.31 લાખ મંજૂર કરાયા હતા, જેમાં રૂ. 5.74 લાખનો ખર્ચ નોંધાયો છે. સિદ્ધપુરમાં સૌથી વધુ 6 કામો માટે રૂ. 15255.00 લાખ મંજૂર કરાયા હતા, જેમાંથી 4 કામોની ભૌતિક સિદ્ધિ સાથે રૂ. 757.38 લાખનો ખર્ચ થયો છે.

## 260માંથી 133 તાલુકા પંચાયતના પ્રમુખોની જાહેરાત:ક્યાંક ચિઠ્ઠી ઉછાળીને સત્તા મેળવી તો ક્યાંક બિનહરીફ ચૂંટાયા

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે લોકોને મહાનગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓના નામની રાહ છે. જ્યારે 84 નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ સહિતનાઓના નામની થોડા દિવસ પહેલા જાહેરાત થઈ ગઈ છે. હવે આજે 260 તાલુકા પંચાયતમાંથી 133 તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખના નામ જાહેર કરવામાં આવ્યાં છે. દરેક તાલુકામાં પ્રમુખોને હાર પહેરાવી અને ફટાકડા ફોડી જીતની ઉજવણી થઈ રહી છે. આગામી 25 મેના રોજ બાકી રહેલા 127 તાલુકા પંચાયતના પ્રમુખના નામ જાહેર કરવામાં આવશે.

આજે ભાવનગર, કચ્છ, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, જામનગર ખેડા, આણંદ તેમજ પાટણ સહિતના જિલ્લાના તાલુકા પંચાયતના પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવી હતી. પાટણ જિલ્લાની સરસ્વતીમાં તેમજ જામનગરની લાલપુર તાલુકા પંચાયતમાં ચિઠ્ઠી ઉછાળીને વિજેતા જાહેર કરાયા હતા. બીજી તરફ ચોટીલાની તાલુકા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી થઈ છે. પાટણ જિલ્લાની 9 તાલુકા પંચાયતમાં સૌથી વધુ રસપ્રદ સરસ્વતી તાલુકા પંચાયત રહી હતી. સરસ્વતી તાલુકાની 24 સીટોમાંથી ભાજપ અને કોંગ્રેસના ફાળે 12/12 સીટો આવી હતી.

## સિમેન્ટ ભરેલ ટ્રક બેકાબુ બનતા કાર ને અડફેટે લેતા માલેગામ ટોલ બુથ પાસે ગંભીર અકસ્માત..

ડાંગ | ડાંગ જિલ્લાના સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ટોલ બુથ નજીક આજે સિમેન્ટના પતરાનો જથ્થો ભરેલા એક લોડિંગ ટ્રકે ટ્રેક્ટર અને કારને અડફેટમાં લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં કુલ 9 લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચતા ટોલ બુથ નજીકથી પસાર થતા પ્રવાસીઓ સહીત સ્થાનિકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના નાસિક તરફથી સિમેન્ટના પતરાનો જથ્થો ભરી વાંસદા તરફ જઈ રહેલો ટ્રક નં. MH-12-TV-8917 નો ચાલક માલેગામ ટોલ બુથ નજીકથી પસાર થતી વખતે ગામમાંથી માટી ભરી જઈ રહેલા ટ્રેક્ટર નં. GJ-30-A-5452 ને અડફેટમાં લીધો હતો.અહી ટ્રકની જોરદાર ટક્કરથી ટ્રેક્ટર સહીત ટ્રોલીનો ખુરદો બોલી ગયો હતો.અને ટ્રેક્ટરથી ટ્રોલી છૂટી પડી માર્ગની સાઈડમાં પડી હતી.

આ બાદ ટ્રક બેકાબૂ બની સામે તરફથી આવી રહેલી સુરત જિલ્લાનાં ઓલપાડના પ્રવાસીઓ સવાર કાર નં. GJ-16-FB-0478 સાથે અથડાયો હતો. ટ્રકે કારને ટક્કર મારી દૂર સુધી ઘસડી જતા ઘટના સ્થળે ચકચાર મચી ગઈ હતી.અહી ટ્રકે કારને દૂર સુધી ઘસડી જતા કારમાં સવાર એક જ પરિવારનાં સભ્યોનો જીવ અધ્ધર થઈ ગયો હતો.અને બૂમાબૂમ કરી મૂકી હતી.આ અકસ્માત દરમિયાન ટ્રકે ટોલ પ્લાઝા પાસેના ડિવાઈડર અને પથ્થરોને પણ નુકસાન પહોંચાડ્યુ હતુ.આ બનાવમાં ટ્રેક્ટર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## મીનાવાડા દશામા મંદિરમાંથી સોનાના હારની ચોરી

(એજન્સી) નડિયાદ । તા. 24

મહુધા તાલુકાના પ્રસિદ્ધ મીનાવાડા ગામમાં આવેલા દશા માતાના મંદિરમાંથી મૂર્તિઓ પર પહેરાવવામાં આવેલા સોનાના આભૂષણોની ચોરીની ગંભીર ઘટના સામે આવી હતી. ખેડા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને મહુધા પોલીસની ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે ચોરી કરનાર પંચમહાલ જિલ્લાની એક મહિલાને મુદ્દામાલ સાથે ઝડપી પાડી છે. આ ઘટના મીનાવાડા ગામે આવેલા સુપ્રસિદ્ધ દશા માતા મંદિરના મુખ્ય પરિસરમાં આવેલા નાના મંદિરમાં બની હતી. કોઈ અજાણ્યા શખ્સે લોખંડની બંધ જાળી ખોલીને ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. મંદિરમાં સ્થાપિત દશામા તથા મહાકાળી માતાની મૂર્તિને પહેરાવવામાં આવેલા અંદાજે 10 તોલા વજનના બે સોનાના હારની ચોરી થઈ હતી.

# કેદારનાથ અને કૈલાસની યાત્રા ભાગ્યેજ બધા થી પુરી થતી હોય છે

નમો નમો જી શંકરા ભોલેનાથ શંકરા

મોટાભાગે હિન્દુ સંસ્કૃતિ માં બાર જ્યોતિર્લિંગ,એકાવન શક્તિ પીઠ અને બાર વૈષ્ણવ ધામ ના દર્શન નો સંકલ્પ લેવાતો હોય છે. બાર જ્યોતિર્લિંગ ની યાત્રા નો સંકલ્પ તો જાણ્યે અજાણ્યે હિન્દુ લોકો પૂરો કરવા પ્રયત્ન કરતા હોય છે છતાંય કેદાર નાથ જ્યોતિર્લિંગ અને કૈલાસ માનસરોવર ની યાત્રા ભાગ્યેજ બધા થી પુરી થતી હોય છે.કેદાર નાથ ધામ અને કૈલાસ માનસરોવર ની યાત્રા ખૂબ આકરી કસોટી સાબિત થાય છે. વર્ષ માં માત્ર અમુક જ દિવસો કેદારનાથ મંદિરના દર્શન ના કપાટ ખુલતા હોય છે.શિયાળા ના છ મહિના ભારે હિમવર્ષા ને લીધે મંદિર બંધ રહે છે.

ઉત્તરાખંડ ના રુદ્ર પ્રયાગ જિલ્લામાં આવેલ કેદાર નાથ દરિયાઈ સપાટી થી ૩૫૮૫ મીટર ઉંચે આવેલ છે. કેદાર નાથ ની યાત્રા ખૂબ વિકટ છે પણ જે ને એકવાર બાબા ભોલેનાથ ના દર્શન થઈ જાય એનું જીવન ધન્ય થઇ ગયું સમજો. કેદારનાથ નું મંદિર એ દેવદાર ના લાકડા અને પથ્થરો થી બનેલું છે યુગો પહેલા શંકરાચાર્ય જી એ કેદારનાથ મંદિર નો જીર્ણોધાર કરાવેલ હતો. આમ તો કેદાર નાથ ની યાત્રા એ જવા માટે ગૌરીકુંડ સુધી વાહનો મળી જાય છે પરંતુ ત્યાંથી યાત્રીઓ એ ૧૪ કિલોમીટર ની કરવી પડતી પગપાળા યાત્રા થોડી જોખમી હોય છે. કેદાર નાથ ધામ એ માત્ર એક મંદિર નથી સાક્ષાત ભગવાન શિવ નું ધામ છે.ભારે બરફ વર્ષા કે હિમ સ્ખલન માં પણ કેદાર નાથ ધામ યુગોના યુગો થી "શિવ ના અસ્તિત્વ ની ચાડી ખાતું" અડીખમ ઊભું છે.

કથા : મહાભારત ના યુદ્ધ બાદ પાંડવો ને હસ્તિનાપુર તો મળ્યું પણ પાંડવો ના જીવન માંથી ભગવાન શ્રી કૃષ્ણ નીકળી ગયા એટલે પાંડવો એ હસ્તિનાપુર ની રાજગાદી પર પરીક્ષિત ને બેસાડી ને પ્રાયશ્ચિત કરવા વન તરફ પ્રયાણ કર્યું. મહાભારતના યુદ્ધ માં થયેલ નરસંહાર અને પિતરાઈ ભાઈઓ અને છળ કપટ થી ગુરુ ના વધ નું પાપ પાંચેય પાંડવો ને ચેન પડવા દેતું નહતું એટલે યુધિષ્ઠિર સહિત ચારેય એ હિમાલય તરફ પ્રયાણ કર્યું. ભગવાન શિવ ને પ્રસન્ન કરવા પાંચેય પાંડવો એ હિમાલય માં ઉગ્ર તપસ્યા કરી. પાંચેય પાંડવો એ ઉગ્ર તપસ્યા થી ભગવાન શિવ ને પ્રસન્ન તો થયા પણ એ પાંચેય પાંડવો થી નારાજ હતા એટલે બળદ સ્વરૂપે દર્શન આપીને તુરંત ત્યાંથી ભગવાન શિવ બળદ સ્વરૂપે પ્રગટ થયા ત્યારે પાંડવો હજુ કશું સમજે એ પહેલા બળદ સ્વરૂપે પ્રગટ થયેલ શિવ ત્યાંથી ભાગવા લાગ્યા. ભૂમિ ની અંદર શિવ પ્રવેશ કરવા લાગ્યા એ ભેગા ભીમ એ બળદ સ્વરૂપે આવેલ શિવની પીઠ મજબૂતી થી પકડી લીધી હતી.આ કારણોસર કેદારનાથ માં શિવલિંગ નો આકાર એ બળદ ની પીઠ સમાન છે.



કેદાર નાથ ધામ

- રુપાલી દવે

માન્યતા અનુસાર સૌ પ્રથમ કેદારનાથ નું વિધિ વિધાન થી પૂજન અર્ચન પાંડવો દ્વારા થયું હતું એટલે આ સ્થાન ભગવાન શિવ નું અગિયારમું જ્યોતિર્લિંગ બન્યું હતું.પાંચ પાંડવો નો અંતિમ પડાવ એક પછી એક કેદારનાથ ની ભૂમિ પર પૂર્ણ થયો હતો.

કેદાર નાથ ની યાત્રા નું મહત્વ : આઠમી સદી માં આદિ શંકરાચાર્યજી એ નિર્માણાધિન મંદિર નો જીર્ણોધાર કરાવ્યો હતો. આ જગ્યા પર જ એ મહા સમાધિ માં લિન થઈ ગયા હતા. મંદિર નું ગર્ભગૃહ ની અંદર બિરાજમાન કેદારનાથ શિવલિંગ નો આકાર એ પ્રાકૃતિક પિરામિડ જેવો છે. અક્ષય તૃતિયા થી કાર્તિકેય પૂર્ણિમા ના દિવસ સુધી કેદાર નાથ જ્યોતિર્લિંગ ના દર્શન ખુલા રહે છે. પાંચ નદી ઓ મંદાકિની,મધુ ગંગા,ક્ષીર ગંગા,સરસ્વતી અને સ્વર્ણગૌરી નદી નું સંગમ કેદાર નાથ પર્વત પર થાય છે પણ કાળેક્રમે અમુક નદીઓ લુપ્ત થઇ ગઈ છે. કેદાર નાથ મંદિર ની એવી માન્યતા છે કે જ્યારે મંદિર કપાટ બંધ હોય છે ત્યારે સ્વયં ભૈરવ મંદિર નું રક્ષણ કરે છે. દર વર્ષે મંદિર ના કપાટ ખુલે એ પહેલા ભૈરવ નાથ ની પૂજા થાય છે. ભગવાન શિવ ના ધામ કેદાર નાથ ની યાત્રા વગર ભગવાન વિષ્ણુ ના ધામ બદ્રીનાથ ની યાત્રા ફળતી નથી. આ કારણોસર બદરીનાથ ની યાત્રા કરતા પહેલા કેદારનાથ ની યાત્રા કરવી જરૂરી છે. આ સ્થાન પર સત્યુગમાં નર નારાયણ એ ભગવાન શિવ ની તપસ્યા કરી હતી એટલે એની તપસ્યા થી પ્રસન્ન થઇ ને ભગવાન શિવ જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. આ કારણોસર પણ કેદારનાથ ધામ નું મહત્વ વધી જાય છે. શિયાળા માં હીમ વર્ષા ને કારણે ઉમીમઠ સ્થિત ઓમકારેશ્વર મંદિર માં કેદારનાથ બાબા ના નિજ સ્વરૂપ ની પૂજા નિત્ય કરવામાં આવે છે.

તર્ક વિતર્ક:

વિદ્વાનો નું માનવું છે કે મંદિર નું નિર્માણ ભોજકલીન શૈલી ને દર્શાવે છે.કુમાઉ ક્ષેત્ર માં ૯ થી ૧૧ મી સદી સુધી કત્યુરિ રાજાઓ નું શાસન હતું એટલે અયોધ્યા ના સૂર્યવંશી રાજાઓ એ કેદારનાથ મંદિર નું નિર્માણ કર્યું છે.મંદિર ના ગર્ભ ગૃહ માં ચારેય બાજુ એ પાષાણ સ્તંભ આવેલા છે જેના પર મંદિર ની છત ટકેલી છે.કેદાર નાથ નું મંદિર એ ૮૫ ફૂટ ઊંચું,૧૮૭ફૂટ લાંબુ અને ૮૦ ફૂટ પહોળું છે તેની દીવાલ મજબૂત પથ્થરો થી બનેલ ૧૨ફૂટ મોટી છે. ગર્ભગૃહ માં ચારેય બાજુ ફરતે પ્રદક્ષિણા પથ છે ને બહાર ચોક પર નદી બિરાજમાન છે.

આસ્થા અને શ્રદ્ધા: કેદાર નાથ મંદિર ની મજબૂતી વિશે વિચારીએ તો ૨૦૧૩ માં આવેલ વિનાશક પૂર માં એક હજાર થી વધારે વર્ષ થી બંધાયેલ કેદારનાથ ધામ મંદિર ને નાની સરખી તિરાડ પણ નહતી આવી. આ પૂર માં લાખો માણસો,હિમ શીલાઓ વગેરે તણાઈ ગયા હતા પણ મંદિર એના સ્થાને અડીખમ ઊભું રહ્યું હતું. આને આસ્થા સાથે જોડી ને સમજો તો સમજાશે કે શિવ એટલે કલ્યાણ અને શિવ એટલે આક્રોશ.આ સૃષ્ટી ના અંત માં અને આરંભ માં સદાશિવ સદાય પ્રગટ્ય સ્વરૂપે હોય છે. ભગવાન સદા શિવના અગિયારમાં જ્યોતિર્લિંગ કેદાર નાથની યાત્રા સરળ નથી પણ જેના પર શિવ ની કૃપા થાય છે એને કેદારનાથ યાત્રા સરળતા થી પ્રાપ્ત થતી હોય છે.ખાસ ધ્યાન રાખવા જેવું: સરકારે યાત્રા સ્થળો પર વેપારી કરણ થતું અટકાવી ને ધાર્મિક સ્થળોની પવિત્રતા સાચવવા ની ખાસ જરૂર છે.યાત્રા સ્થળો ને વિકાસ ની નહી શાંતિની જરૂર છે એટલે વ્યવસ્થા વધારવા થી જાણે અજાણ્યે યાત્રાધામ ની શાંતિ હણાતી હોય છે. યાત્રાધામ એ ફરવા જવાના સ્થળો નથી યોગીઓ અને ભક્તો ના આશ્રય સ્થાન હોય છે.વર્ષો પહેલાં ઘોઘા પાસે આવેલા બેત્રણ મંદિરોની શાંતિ માં દરિયાના ઘૂઘવતા મોજા સિવાઈ નીરવ શાંતિ હતી અત્યારે આ જગ્યા એ મોજાંઓ દૂર દૂર સુધી દેખાતા નથી ને ફેરિયાના અવાજો માં શાંતિ સાવ હણાઈ ચૂકી છે..





# કપૂર ખાનદાનની લાડલીનો બોલ્ડ બિકિની લુક:ખુશી કપૂરે ગ્રીસના ધોમધખતા તાપમાં સ્વિમિંગ અને આઈસક્રીમની મજા માણી, વેકેશનના PHOTOS વાયરલ

(એજન્સી) મુંબઇ | તા 24

દિવંગત એક્ટ્રેસ શ્રીદેવી અને પ્રોડ્યુસર બોની કપૂરની દીકરી ખુશી કપૂર ફિલ્મો ઉપરાંત તેના અફેર અને બોલ્ડ લુકને કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં એક્ટ્રેસ યુરોપમાં વેકેશન માણી રહી છે. ત્યારે તેના સમર વેકેશનના બિકિની લુકના ફોટો પર ચાહકો ક્લીનબોલ્ડ થઈ રહ્યા છે.

જાહ્નવી કપૂરની નાની બહેન ખુશી હાલમાં ગ્રીસમાં સમર વેકેશન એન્જોય કરી રહી છે. તેવામાં ખુશીનો બોલ્ડ બિકિની લુક વાયરલ થઈ રહ્યો છે. ખુશીએ ધોમધખતા તાપથી રાહત મેળવવા મેડિટેરિનિયન સીમાં ડુબકી લગાવી હતી. ખુશીએ બ્રાઉન કલરની બિકિની પહેરી છે, જેમાં ટોપમાં પાતળી સ્ટ્રેપ્સ વચ્ચે ગોલ્ડન રિંગ દેખાઈ રહી છે, જે સિમ્પલ લુકને મોર્ડન ટચ આપી રહી છે, જ્યારે હાઈ વેસ્ટેડ બોટમ તેના ફિઝિકને કોમ્પ્લીમેન્ટ કરી રહ્યું છે.

સમર લુકને વધુ કૂલ બનાવવા માટે તેણે બ્લેક કલરના ક્લાસિક ઓવલ સનગ્લાસીસ પહેર્યા છે. તેણે ગળામાં એકદમ પાતળી ચેઈન પહેરી છે, જેના પેન્ડન્ટમાં 'P' લખેલું છે. સાથે જ હાથમાં બ્રોડ સ્ટ્રેપવાળી મેટાલિક સ્માર્ટવોચ પહેરી છે.

ખુશી કપૂર વેકેશન પર તેની મિત્રો સાથે પહોંચી હતી. ગ્રીસના રસ્તાઓ પર ચાલતા ચાલતા થાકી ગયેલી ખુશીએ આઈસક્રીમનો સહારો લીધો હતો.

તેણે વિવિધ ફ્લેવરના આઈસક્રીમના ફોટો શેર કર્યા હતા. એક ફોટોમાં તે તેની બહેનપણીઓ સાથે આઈસક્રીમની મજા માણતી નજરે પડી હતી.

અન્ય એક ફોટોમાં તે બીચવેરમાંથી કમ્ફર્ટેબલ કેઝ્યુઅલ કપડાંમાં આવીને પાછળ ફેલાયેલા દરિયાના નજારા સાથે મેટલ રેલિંગના સહારે ઉભેલી જોવા મળી હતી. તેણે આઈકોનિક ટેડી બેર ગ્રાફિકવાળું ઓવરસાઈઝ્ડ ઓલિવ-ગ્રીન રાલ્ફ લોરેન સ્વેટર પહેર્યું હતું, જેને તેણે ડાર્ક ડેનિમ જીન્સ અને બ્લેક-એન્ડ-વ્હાઈટ સ્નીકર્સ સાથે પેર કર્યું હતું. ઈન્સ્ટાગ્રામ પર ફોટો પોસ્ટ કરીને ખુશીએ લખ્યું, 'કાલીમેરા.' આ ગ્રીક શબ્દ છે, જે સામાન્ય રીતે 'ગુડ મોર્નિંગ' કહેવા માટે વપરાય છે. આ પોસ્ટ પર ટૂંક સમયમાં જ ચાહકો અને સેલેબ્સે કોમેન્ટ્સ કરી હતી.







## 'પેદ્દી'ના પ્રમોશનમાં રામચરણે ભાંગરો વાટ્યો

# જસપ્રીત બુમરાહને ફૂટબોલર ગણાવી દીધો, વીડિયો વાયરલ થતાં સાઉથ સ્ટારે ક્રિકેટરની માફી માંગી

(એજન્સી) મુંબઇ | તા 24

સાઉથ સ્ટાર રામચરણ તેમની આગામી ફિલ્મ 'પેદ્દી'ના મ્યુઝિક લોન્ચ માટે ભોપાલ પહોંચ્યો હતો. આ ઈવેન્ટમાં તેની સાથે એઆર રહેમાન અને જાહ્નવી કપૂર પણ હાજર હતાં. વાતચીત દરમિયાન રામચરણે ભારતીય ક્રિકેટરોની પ્રશંસા કરી, પરંતુ ઝડપી બોલર જસપ્રીત બુમરાહનો ઉલ્લેખ કરતી વખતે તેનાથી એક ભૂલ થઈ ગઈ.

તેણે ક્રિકેટને બદલે ભૂલથી ફૂટબોલ સાથે જોડી દીધું. તેનો વીડિયો સામે આવ્યા પછી રામચરણે તરત જ બુમરાહની માફી માંગી અને તેને ભીડ વચ્ચે થયેલા ઉત્સાહમાં થયેલી ભૂલ ગણાવી છે. તે જ સમયે, કાર્યક્રમ દરમિયાન તેણે મધ્યપ્રદેશને બિહાર કહીને સંબોધિત કર્યું. જ્યારે તે સ્ટેજ પરથી જનતાને સંબોધિત કરી રહ્યો હતો, ત્યારે તેણે કહ્યું કે, 'અમારા, બિહારના લોકોને, બિહારના લોકો, તમે મારી સાથે છો ને?'

ક્રિકેટરોને કહ્યા લેજન્ડ અને ફાયર ભોપાલમાં યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન રામચરણને ભારતીય ક્રિકેટરો વિશે થોડા શબ્દોમાં જણાવવા માટે કહેવામાં આવ્યું હતું. તેણે સચિન તેંડુલકરની કારકિર્દીને 'લાંબી અને મહાન સફર' ગણાવી. મહેન્દ્ર સિંહ ધોનીને 'શાંત અને કૂલ' કહ્યા, જ્યારે રોહિત શર્માને 'દરેકનો મનપસંદ વ્યક્તિ' ગણાવ્યા. વિરાટ કોહલીનું નામ સામે આવતા તેણે માત્ર એક શબ્દ 'ફાયર' કહ્યો.

માફી માંગી, પોતાને ભૂલકણો ગણાવ્યો વીડિયો સામે આવ્યા બાદ રામચરણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોસ્ટ શેર કરીને બુમરાહની માફી માંગી. તેણે લખ્યું, 'ઉફ્ફ... હું ક્યારેક નામોને લઈને વસ્તુઓ ભૂલી જાઉં છું. આ ગડબડ માટે જસપ્રીત બુમરાહજીની માફી માંગુ છું. આટલા ઉત્સાહ અને ભારે ભીડ વચ્ચે આ માત્ર એક માનવીય ભૂલ હતી.' રામચરણે આગળ લખ્યું કે, તે બુમરાહનું ખૂબ સન્માન કરે છે અને તેની રમતની પ્રશંસા કરે છે.

જોકે, રામચરણની આ ભૂલ પછી તેના ઘણા ચાહકો તેને સપોર્ટ કરતા જોવા મળ્યા. એક યુઝરે લખ્યું કે "રામચરણે બુમરાહને ફૂટબોલના લેજન્ડ બનાવી દીધા. પણ મને ગમ્યું કે તેમણે આ વાત કેટલા આત્મવિશ્વાસથી કહી." ફિલ્મ 'પેદ્દી' વિશે જાણો ફિલ્મ 'પેદ્દી' એક મોટી પાન-ઈન્ડિયા ફિલ્મ છે, જેની સ્ટારકાસ્ટ ભોપાલમાં તેના સંગીતને પ્રમોટ કરવા આવી હતી. આ ફિલ્મમાં રામચરણ સાથે જાહ્નવી કપૂર મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે સંગીત ઓસ્કર વિજેતા એઆર રહેમાને તૈયાર કર્યું છે. રામચરણની છેલ્લી ફિલ્મ 'RRR'ની સફળતા પછી ઉત્તર ભારતમાં પણ તેની ફિલ્મો પ્રત્યે દર્શકોમાં ઘણી રુચિ રહે છે. આ ફિલ્મ 4 જૂને રિલીઝ થશે.



# 'મા બહેન'માં દેખાશે એક ભયાનક કાંડ અને ઘમાસાણ કલેશ

## નેટફ્લિક્સે રિલીઝ કર્યું 'મા બહેન'નું ટ્રેલર, જેમાં જોવા મળી રહ્યાં છે માધુરી દીક્ષિત, રવિ કિશન, તૃપ્તિ ડિમરી અને ધારણા દુર્ગા



મુંબઈ | ધ્યાનથી જુઓ આજે થયો છે એક ભયાનક કાંડનો ખુલાસો! વાત કરી રહ્યા છીએ આદર્શ કોલોનીની પ્રખ્યાત રેખા, જયા અને સુષ્માના કારનામાઓની! હવે આ કાંડની આખી પોલ ખોલતા, નેટફ્લિક્સે પોતાની નવી ફિલ્મ 'મા બહેન'નું ટ્રેલર રિલીઝ કરી દીધુ છે. જે એક ધમાલભરી ક્રાઈમ-કોમેડી છે, જ્યાં જુઠ્ઠાણાં પર જુઠ્ઠાણાં બોલાઈ રહ્યાં છે, શંકાઓ ચારે તરફ ફેલાઈ જાય છે અને આ ગડબડભર્યું મા-દીકરીનો પરિવાર પોતાના અત્યાર સુધીના સૌથી મોટા કાંડથી બચવાનો પ્રયાસ કરે છે. શું છે આ કાંડ અને કોણે કર્યો આ કાંડ - આ બધું જ જાણવા મળશે 4 જૂને માત્ર નેટફ્લિક્સ પર.

અબન્ડેન્શિયા એન્ટરટેઈનમેન્ટ દ્વારા ઓપનિંગ ઈમેજ ફિલ્મ્સના સહયોગમાં બનેલી આ ફિલ્મનું નિર્દેશન સુરેશ ત્રિવેણીએ કર્યું છે. આ કહાની એક એવી ગૂંચવાયેલી માં-દીકરીઓની ત્રિપુટીની છે, જે એક લાશને છૂપાવવાની કોશિશ કરે છે. આ દરમિયાન તેમને વિચિત્ર સંજોગો, પરાણે આવી જતા પાડોશી અને પોતાના જ અનોખા પરિવારની ગૂંચવણોનો સામનો કરવો પડે છે. ફિલ્મમાં રેખાના પાત્રમાં માધુરી દીક્ષિત, જયાના પાત્રમાં તૃપ્તિ ડિમરી, સુષ્માના પાત્રમાં ધારણા દુર્ગા, ગુપ્તાજીના રોલમાં રવિ કિશન, ગુપ્તાઈનના પાત્રમાં ગીતાંજલી કુલકર્ણી, મહેશ્વરીના રોલમાં અરૂણોદય સિંહ અને માનસના પાત્રમાં શાર્દુલ ભારદ્વાજ જોવા મળશે.

ટ્રેલરમાં રેખા, જયા અને સુષ્માની જિંદગીમાં ફેલાયેલી અફરાતફરી દેખાડવામાં આવી છે, જે પહેલાથી જ એક-બીજાને સહન કરવાને લઈને પરેશાન છે અને ત્યાં જ તેમની જિંદગીમાં સૌથી ખરાબ ઘટના ઘટે છે. રેખાજીના ઘરમાં છે એક ડેડ બોડી! આખરે શું થયું હતુ તે રાત્રે? ત્યારબાદ શરૂ થાય છે, ગભરાટ, રહસ્ય છૂપાવવાની કવાયત, ઈમોશનલ ડ્રામા અને અનેક રસપ્રદ પરંતુ વિચિત્ર નિર્ણયોનું રોલરકોસ્ટર. ફૂલ તબાહી... પરંતુ ચાની ચૂસ્કી સાથે!

# 'રામાયણ'ની રિલીઝ ડેટ બદલાશે...!

## દિવાળી 2026ના એક અઠવાડિયા પહેલાં જ ફિલ્મ થિયેટર્સમાં આવશે તેવો દાવો; ડિસ્ટ્રીબ્યુટર્સે ₹450 કરોડની ઓફર આપ્યાની ચર્ચા...

(એજન્સી) મુંબઇ | તા 24

રણબીર કપૂર સ્ટારર ફિલ્મ 'રામાયણ: પાર્ટ વન' દિવાળી 2026 (8 નવેમ્બર)થી એક અઠવાડિયા પહેલા રિલીઝ થઈ શકે છે.

ખરેખર, 'બોલિવૂડ હંગામા' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે 'રામાયણ: પાર્ટ વન' હવે 30 ઓક્ટોબર 2026ના રોજ રિલીઝ થઈ શકે છે. અગાઉ તેને દિવાળી 2026 પર રિલીઝ કરવાની યોજના હતી. રિપોર્ટ અનુસાર, નિર્માતાઓ ઈચ્છે છે કે ફિલ્મ દિવાળીના સપ્તાહ પહેલા થિયેટરોમાં આવે, જેથી સકારાત્મક વર્ડ ઓફ માઉથ બને અને બીજા સપ્તાહમાં ફિલ્મનો બિઝનેસ વધુ વધે.

સૂત્ર અનુસાર, રિલીઝ ડેટ પર અંતિમ નિર્ણય જલ્દી લેવામાં આવશે. આ જાહેરાત ડિસ્ટ્રીબ્યુશન ડીલ ફાઈનલ થયા પછી કરી શકાય છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, મેકર્સને ટોચના ડિસ્ટ્રીબ્યુટર્સ તરફથી 450 કરોડ રૂપિયાની ઓફર મળી છે.

હનુમાન જયંતિના અવસરે ફિલ્મમાંથી રણબીરનો ભગવાન રામના રૂપમાં લુક પણ સામે આવ્યો હતો. આ ટીઝરમાં રણબીર કપૂર ભગવાન રામના રૂપમાં દિવ્ય અને શાંત લુકમાં જોવા મળ્યા હતા.



### ફિલ્મ 'રામાયણ' સાથે જોડાયેલી મહત્વની વાતો-

- ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા, યશ રાવણ, સની દેઓલ હનુમાન અને રવિ દુબે લક્ષ્મણના રોલમાં જોવા મળશે.
- 1987ના ટીવી શો 'રામાયણ'માં રામનું પાત્ર ભજવનાર અરુણ ગોવિલ આ ફિલ્મમાં રાજા દશરથની ભૂમિકામાં જોવા મળશે.
- ફિલ્મનું કુલ બજેટ લગભગ 4,000 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે, જે તેને ભારતીય સિનેમાની સૌથી મોંઘી ફિલ્મોમાં સામેલ કરે છે.
- ફિલ્મને નિતેશ તિવારી ડિરેક્ટ કરી રહ્યા છે, જેમણે સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ 'દંગલ' બનાવી હતી.
- ફિલ્મનું સંગીત ઓસ્કર વિજેતા એ.આર. રહેમાન અને હોલીવુડ કમ્પોઝર હેન્સ ઝિમર તૈયાર કરી રહ્યા છે.
- ફિલ્મને નમિત મલ્હોત્રાના પ્રાઈમ ફોકસ સ્ટુડિયો, DNEG અને યશના મોન્સ્ટર માઈન્ડ ક્રિએશન્સ બનાવી રહ્યા છે. ફિલ્મ IMAX પર રિલીઝ થશે.
- ફિલ્મના વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (VFX)નું કામ ઓસ્કર વિજેતા સ્ટુડિયો DNEG અને પ્રાઈમ ફોકસ સંભાળી રહ્યા છે.
- ફિલ્મને બે ભાગમાં રિલીઝ કરવામાં આવશે. પ્રથમ ભાગ દિવાળી 2026 અને બીજો ભાગ દિવાળી 2027માં સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# પ્રકાશ રાજનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર

(એજન્સી) મુંબઇ | તા 24

'સિંઘમ' સ્ટાર પ્રકાશ રાજે પોતાને કોકરોચ (વંદો) ગણાવ્યા છે. આ નિવેદન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા આપ્યું છે. પ્રકાશ રાજ અવારનવાર ભાજપ અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ નિવેદનો આપતા રહે છે.

ખરેખર, અક્ષય કુમારને આપેલા જૂના ઈન્ટરવ્યુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તેઓ કેરી ખાય છે અને તેમને કેરી ખાવી ખૂબ ગમે છે, પરંતુ તેઓ બાળપણમાં ગરીબ હતા, તેથી કેરી ખરીદવી તેમના માટે સામાન્ય બાબત ન હતી.

તેમના આ જ નિવેદનને હાઈલાઈટ કરતા પ્રકાશ રાજે પોતાના સત્તાવાર X (પહેલા ટ્વિટર) એકાઉન્ટ પરથી કેરીને અનોખી રીતે ખાતા વીડિયો પોસ્ટ કર્યો છે. પ્રકાશ રાજે કેરીનો ગોટલો કાઢ્યો અને તેમાં આઈસ્ક્રીમ ભેળવીને ચમચી વડે ખાધો. આ સાથે તેમણે કહ્યું છે, 'આ શું છે મોદીજી, કેરીને આમ કાપીને ઈમામ પસંદ છે. તેમાં આઈસ્ક્રીમ નાખીને કોકરોચ આમ ખાય છે.'

આ વીડિયો સાથે પ્રકાશ રાજે લખ્યું છે, 'કોકરોચ ઈટિંગ મેંગો. હેશટેગ કોકરોચ જનતા પાર્ટી.'

પ્રકાશ રાજ, સતત ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ નિવેદનો આપતા રહ્યા છે. હવે તેઓ ખુલ્લેઆમ, કોકરોચ જનતા પાર્ટીને સમર્થન આપી રહ્યા છે.

# રણદીપ હુડ્ડાએ 'છાવા'માં ઔરંગઝેબનો રોલ ઠુકરાવ્યો હતો

(એજન્સી) મુંબઇ | તા 24

એક્ટર રણદીપ હુડ્ડાએ તાજેતરમાં જણાવ્યું કે, તેને ફિલ્મ 'છાવા'માં ઔરંગઝેબનો રોલ ઓફર થયો હતો, પરંતુ તેણે તે કરવાની ના પાડી દીધી હતી.

રણદીપે 'ઝૂમ' (એન્ટરટેઈમેન્ટ વેબસાઈટ)ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું, 'હું લક્ષ્મણ ઉતેકરને એક ડિરેક્ટર અને માણસ, બંને તરીકે ખૂબ પસંદ કરું છું. તેઓ મારી પાસે ફિલ્મ 'છાવા'માં ઔરંગઝેબના રોલ માટે આવ્યા હતા. તે સમયે મારું વજન ઘણું ઓછું થઈ ગયું હતું અને મેં મારું માથું પણ મુંડાવી લીધું હતું.'

એક્ટરે આગળ કહ્યું, 'મેં તે સમયે ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'નું શૂટિંગ પૂરું કર્યું હતું અને તેના પોસ્ટ-પ્રોડક્શન પર કામ કરી રહ્યો હતો. આ દરમિયાન હું એક કોર્ટ કેસમાંથી પણ પસાર થઈ રહ્યો હતો. તે સમયે હિંદુ-મુસ્લિમ વિશે ઘણી વાતો થઈ રહી હતી. તેથી મેં તે રસ્તે આગળ વધવાની ના પાડી દીધી.'

વર્ષ 2025માં રિલીઝ થયેલી ફિલ્મ 'છાવા' મરાઠા સામ્રાજ્યના બીજા છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારિત હતી. ફિલ્મમાં સંભાજી મહારાજનું પાત્ર વિકી કૌશલે ભજવ્યું છે, જ્યારે મહારાણી યેશુબાઈનો રોલ રશ્મિકા મંદાનાએ પ્લે કર્યો હતો. ઔરંગઝેબના રોલમાં અક્ષય ખન્ના જોવા મળ્યો હતો. ફિલ્મનું ડિરેક્શન લક્ષ્મણ ઉતેકરે કર્યું છે અને તેને મેડૉક ફિલ્મ્સના બેનર હેઠળ દિનેશ વિજાને પ્રોડ્યુસ કરી હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર રહી અને તેણે દુનિયાભરમાં 795 કરોડથી વધુની કમાણી કરી હતી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ભારતની ટોચની ચેસ પ્રતિભાઓ હવે ઈડબ્લ્યુસી પ્લેઓફમાં

● ટોપ 8 ખેલાડીઓ વચ્ચે હવે જંગ જામશે, વિજેતાને પેરિસમાં રમવાની તક મળશે



(એજન્સી) મુંબઈ । તા. 24

ભારતના અગ્રણી ચેસ ગ્રાન્ડમાસ્ટર્સ અર્જુન એરિગાસી, વિદિત ગુજરાતી, રોનક સાધવાની અને કાર્તિકેયન મુરલીએ 'ઈન્ડિયા રાઈઝિંગ: રોડ ટુ ઈડબ્લ્યુસી' (EWC) ચેસ ક્વોલિફાયર્સના ટોપ 8માં સ્થાન મેળવીને ક્લોઝડ પ્લેઓફમાં પ્રવેશ કર્યો છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ઉભરતા ખેલાડી એમ. પ્રણેશે પણ પોતાની શાનદાર રમત વડે ક્વોલિફાઈ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. આ ક્વોલિફાયર્સ 'જિયોબ્લાસ્ટ' (JioBLAST) અને 'ઈસ્પોર્ટ્સ ફાઉન્ડેશન' દ્વારા શરૂ કરવામાં આવી છે. આ નવ-રાઉન્ડની સ્વિસ ફોર્મેટની સ્પર્ધામાં ભારત અને વિશ્વના ૧૨ ગ્રાન્ડમાસ્ટર્સ સહિત અનેક ઉભરતા પ્રતિભાશાળી ખેલાડીઓએ ભાગ લીધો હતો. એમ. પ્રણેશની સફળતા એક પ્રેરણાદાયી વાર્તા બની છે, જે એક સાધારણ પૃષ્ઠભૂમિમાંથી આવીને હવે વૈશ્વિક મંચ પર પોતાનું સ્થાન બનાવી રહ્યો છે.

આ ક્લોઝડ પ્લેઓફ રવિવાર, ૨૪ મે ના રોજ સાંજે ૬:૩૦ વાગ્યે ઓનલાઈન યોજાશે, જેમાં ટોપ 8 ખેલાડીઓ વચ્ચે મુકાબલો થશે. તેમાંથી બે ફાઈનલિસ્ટ ખેલાડીઓ મુંબઈમાં યોજાનારી 'ઈન્ડિયા રાઈઝિંગ લેન ફાઈનલ્સ' (LAN Finals) માટે ક્વોલિફાઈ થશે. આ લેન ફાઈનલ્સમાં ૨૭.૫ લાખ રૂપિયાનું ઈનામી ભંડોળ રાખવામાં આવ્યું છે. આ સ્પર્ધાનું મહત્વ એટલા માટે પણ છે કે, તેનો અંતિમ વિજેતા પેરિસમાં યોજાનારા 'ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપ ૨૦૨૬'માં સ્થાન મેળવશે, જ્યાં ૧.૫ મિલિયન અમેરિકી ડોલરનું કુલ ઈનામી ભંડોળ છે.

# ગુલવીર સિંઘે 5000 મીટરમાં રચ્યો રાષ્ટ્રીય રેકોર્ડ



## એલએ ટ્રેક ફેસ્ટમાં ગુલવીર સિંઘ બીજા સ્થાને

(એજન્સી) લોસ એન્જલસ । તા. 24

ભારતીય લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહે અમેરિકાના લોસ એન્જલસમાં યોજાયેલા સાઉન્ડ રનિંગ ટ્રેક ફેસ્ટમાં શાનદાર પ્રદર્શન કરતા નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપિત કર્યો છે. પુરુષોની ૫૦૦૦ મીટર આઉટડોર ઈવેન્ટમાં ગુલવીરે ૧૩:૦૩.૯૩ મિનિટના સમય સાથે સિલ્વર મેડલ જીતીને ભારતનું નામ રોશન કર્યું છે. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આ સિદ્ધિ અંગે માહિતી આપવામાં આવી છે.

### ઐતિહાસિક પ્રદર્શન અને રેકોર્ડની સફર

ગુલવીર સિંહે આ રેસમાં ખૂબ જ સંઘર્ષપૂર્ણ પ્રદર્શન કર્યું હતું. ન્યૂ મેક્સિકોના હેબટોમ સેમ્યુઅલે ૧૨:૫૭.૨૨ મિનિટના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે ગુલવીર બીજા સ્થાને રહ્યો હતો. નોંધનીય છે કે ગુલવીરે પોતાનો જ અગાઉનો ૧૩:૧૧.૮૨ મિનિટનો રાષ્ટ્રીય રેકોર્ડ લગભગ ૮ સેકન્ડના મોટા ગાળાથી તોડીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. આ અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૪માં જાપાનમાં તેણે પોતાનો જ રેકોર્ડ બનાવ્યો હતો.

### મલ્ટિપલ રેકોર્ડ ધારક બનનાર પ્રથમ ભારતીય

૨૭ વર્ષીય ગુલવીર સિંહ હાલમાં ભારતના સૌથી સફળ લાંબા અંતરના દોડવીરોમાંના એક છે. ૩૦૦૦ મીટર ટ્રેકથી લઈને ૨૫ કિમી રોડ રેસ સુધીના અનેક રાષ્ટ્રીય રેકોર્ડ તેના નામે છે. આ વર્ષની શરૂઆતમાં જ તેણે ન્યૂયોર્ક સિટી હાફ મેરેથોનમાં ૧ કલાકથી ઓછા સમયમાં રેસ પૂર્ણ કરીને ઈતિહાસ રચ્યો હતો. તે હાફ મેરેથોન એક કલાકથી ઓછા સમયમાં પૂરી કરનાર પ્રથમ ભારતીય બન્યો છે. અગાઉ આ રેકોર્ડ અવિનાશ સાબલેના નામે હતો.

### આગામી લક્ષ્યાંક અને આત્મવિશ્વાસ

ગુલવીરે ૨૦૨૫ એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૫૦૦૦ અને ૧૦૦૦૦ મીટર બંને રેસમાં સુવર્ણ પદક જીતીને પોતાની ક્ષમતા સાબિત કરી દીધી હતી. હવે તે જુલાઈ મહિનામાં ગ્લાસગોમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ અને સપ્ટેમ્બરમાં એશિયન ગેમ્સ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. આ જીત બાદ ગુલવીરનો આત્મવિશ્વાસ સાતમા આસમાને છે અને તે બંને વૈશ્વિક સ્પર્ધાઓમાં પોડિયમ ફિનિશ (મેડલ) મેળવવા માટે મક્કમ છે. લોસ એન્જલસની આ સ્પર્ધામાં ઓસ્ટ્રેલિયાના જેક્સન શાર્પ ૧૩:૦૫.૨૨ મિનિટના સમય સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો. ગુલવીરનો વ્યક્તિગત શ્રેષ્ઠ સમય ૧૨:૫૯.૭૭ મિનિટનો છે, જે તેણે ૨૦૨૫માં બોસ્ટન યુનિવર્સિટી ખાતે ઈન્ડોર સ્પર્ધામાં નોંધાવ્યો હતો. પરંતુ આઉટડોર સ્પર્ધાઓમાં તેનું આ પ્રદર્શન અત્યાર સુધીનું શ્રેષ્ઠ અને રાષ્ટ્રીય સ્તરે અજોડ છે. ગુલવીરની આ સતત સફળતા ભારતીય એથ્લેટિક્સ માટે ખૂબ જ પ્રોત્સાહક છે. ગુલવીર સિંહની આ સફળતા માત્ર તેના માટે જ નહીં, પરંતુ ભારતના રમત જગત માટે એક નવી દિશા ખોલે છે. લાંબા અંતરની દોડમાં ભારત વિશ્વના મંચ પર જે રીતે આગળ વધી રહ્યું છે, તેમાં ગુલવીરનું યોગદાન અત્યંત મહત્વનું છે.

# અર્જુન તેંડુલકરની બોલિંગ પર સચિન ભાવુક



(એજન્સી) અમદાવાદ । તા. 24

ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકર માટે ૨૩ મે, ૨૦૨૬નો દિવસ અત્યંત યાદગાર બની રહ્યો. તેમના પુત્ર અર્જુન તેંડુલકરે આઈપીએલ ૨૦૨૬માં લખનઉ સુપર જાયન્ટ્સ તરફથી શાનદાર ડેબ્યૂ કર્યું અને પોતાની બોલિંગથી સૌને પ્રભાવિત કર્યા. અર્જુનનું આ પ્રદર્શન જોઈને પિતા સચિન તેંડુલકર પોતાની લાગણીઓ પર કાબૂ રાખી શક્યા નહીં અને સોશિયલ મીડિયા પર પુત્ર માટે એક ખાસ પોસ્ટ મૂકી, જે હાલ સમગ્ર ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બની છે.

લખનઉના એકાના સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સ સામે રમાયેલી મેચમાં અર્જુન તેંડુલકરે પાવરપ્લે દરમિયાન જ્યારે બોલિંગ શરૂ કરી ત્યારે તે ખૂબ જ આત્મવિશ્વાસમાં જણાતો હતો. જોકે, શરૂઆતની ઓવરોમાં કેપ્ટન રિષભ પંતે એક સરળ કેચ છોડતા તેને પ્રથમ વિકેટથી વંચિત રહેવું પડ્યું હતું. આટલી નિરાશા છતાં અર્જુને હિંમત ન હારી. તેણે પોતાના બીજા સ્પેલમાં પ્રભસિમરન સિંહને ઘાતક યોર્કર બોલ પર એલબીડબ્લ્યૂ આઉટ કરીને પોતાની ક્ષમતા સાબિત કરી દીધી હતી. ડેથ ઓવરોમાં પણ તેણે અત્યંત શિસ્તબદ્ધ બોલિંગ કરીને ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં માત્ર ૫ રન જ આપ્યા હતા.

જોકે મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સની ટીમને હારનો સામનો કરવો પડ્યો, પરંતુ અર્જુન તેંડુલકર આ મેચમાં સૌથી ઈકોનોમિકલ બોલર સાબિત થયા હતા. તેમણે પોતાના ક્વોટાની ૪ ઓવરમાં ૩૬ રન આપીને ૧ મહત્વની વિકેટ ઝડપી હતી. તેના ડેથ ઓવરના યોર્કર્સ અને લેન્થ બોલિંગને લઈને રમત પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. નિષ્ણાતો માને છે કે અર્જુનમાં જે શિસ્ત છે, તે તેને ભવિષ્યનો એક મોટો બોલર બનાવી શકે છે.

### સચિનની ભાવુક પોસ્ટ અને ગૌરવ

પુત્રના આ સંઘર્ષ અને પરિણામને જોઈને સચિન તેંડુલકરે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "શાબાશ અર્જુન! આખી સીઝન તે જે રીતે પોતાની જાતને સંભાળી છે, તેના પર મને ગર્વ છે. તે ધીરજ રાખી અને સકારાત્મક વલણ અપનાવ્યું છે. ક્રિકેટ માત્ર સ્કીલની નહીં, પણ ધીરજની પણ કસોટી લે છે અને તે આ બંને પરિસ્થિતિને શાનદાર રીતે સંભાળી છે." સામાન્ય રીતે સચિન પુત્રના કરિયર વિશે જાહેરમાં ઓછું બોલે છે, પરંતુ આ પોસ્ટમાં તેમની લાગણીઓ સ્પષ્ટપણે દેખાઈ આવતી હતી. આ પોસ્ટ પર યુવરાજ સિંહ સહિતના દિગ્ગજોએ પણ કમેન્ટ કરીને અર્જુનને અભિનંદન પાઠવ્યા હતા.

## ગુરિન્દરવીર સિંઘે 100 મીટરમાં રચ્યો નવો ઈતિહાસ

(એજન્સી) રાંચી । તા. 24



રાંચી ખાતે આયોજિત ફેડરેશન કપ ૨૦૨૬માં ભારતીય એથ્લેટિક્સે ગૌરવશાળી સિદ્ધિઓ હાંસલ કરી છે. ૨૪ વર્ષીય સ્પ્રિન્ટર ગુરિન્દરવીર સિંઘે ૧૦૦ મીટરની રેસમાં ૧૦.૦૯ સેકન્ડના સમય સાથે નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપિત કરીને સુવર્ણ પદક જીત્યો છે. આ સાથે જ તેઓ ૧૦.૧૦ સેકન્ડથી ઓછો સમય લેનાર પ્રથમ ભારતીય પુરુષ એથ્લેટ બની ગયા છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ગુરિન્દરવીરને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આ સ્પર્ધામાં ભારે રસાકસી જોવા મળી હતી. એક દિવસ પહેલા જ એનિમેશ કુજુરે ૧૦.૧૫ સેકન્ડના સમય સાથે રેકોર્ડ બનાવ્યો હતો, જેને ગુરિન્દરવીરે તોડીને આ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ગુરિન્દરવીર અને એનિમેશ કુજુરે શાનદાર પ્રદર્શન કરીને ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય કરી લીધું છે, જ્યાં તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

ફેડરેશન કપમાં માત્ર ૧૦૦ મીટર જ નહીં, પરંતુ ૪૦૦ મીટર દોડમાં પણ એક નવો ઈતિહાસ રચાયો છે. વિશાલ થેન્નારાસુ કાયલવિઝીએ ૪૪.૯૮ સેકન્ડના સમય સાથે ૪૦૦ મીટર દોડ પૂર્ણ કરીને નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે. તેઓ ૪૫ સેકન્ડની મર્યાદા તોડનાર પ્રથમ ભારતીય પુરુષ એથ્લેટ બન્યા છે. ગુરિન્દરવીર અને વિશાલની આ ડબલ સિદ્ધિએ ભારતીય દોડવીરો માટે એક યાદગાર સાંજ પૂરી પાડી છે.

# હેરી કેનની હેટ્રિકથી બેયર્ન મ્યુનિક ચેમ્પિયન, બેયર્ન મ્યુનિકે જીત્યું ડોમેસ્ટિક ડબલ ટાઈટલ

(એજન્સી) બર્લિન । તા. 24



ઈંગ્લિશ સુપરસ્ટાર હેરી કેનના જાદુઈ પ્રદર્શનની મદદથી બેયર્ન મ્યુનિકે શનિવારે રાત્રે જર્મન કપની ફાઈનલમાં વીએફબી સ્ટુટગાર્ટને ૩-૦થી હરાવીને ટાઈટલ પર કબજો કર્યો છે. આ જીત સાથે બેયર્ન મ્યુનિકે પોતાની ૨૧મી કપ ટ્રોફી જીતવા ઉપરાંત બુન્ડેસલીગા ટાઈટલ સાથે 'ડોમેસ્ટિક ડબલ' સિદ્ધિ મેળવી છે. છ વર્ષના લાંબા ગાળા બાદ જર્મન કપ જીતતા ક્લબમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું છે.

મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, હેરી કેને ૫૪મી, ૭૯મી અને વધારાના સમયમાં (૯૦+૧) પેનલ્ટી દ્વારા ગોલ કરીને હેટ્રિક પૂરી કરી હતી. કેપ્ટન મેન્યુઅલ ન્યુઅર ઈજાના કારણે ટીમમાં ન હોવા છતાં, બેયર્ન મ્યુનિકના ખેલાડીઓએ રમત પર સંપૂર્ણ વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. વિન્સેન્ટ કોમ્પનીના માર્ગદર્શન હેઠળ ટીમે આ સીઝનમાં ખૂબ જ શાનદાર પ્રદર્શન કર્યું છે અને ક્લબના ઈતિહાસમાં ૧૪મી વખત ડોમેસ્ટિક ડબલ પૂર્ણ કર્યું છે.

ફાઈનલની પ્રથમ હાફમાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. સ્ટુટગાર્ટે બેયર્ન મ્યુનિકના ડિફેન્સને પરેશાન કરવામાં કોઈ કસર છોડી ન હતી, પરંતુ બીજા હાફમાં હેરી કેને પોતાનો અસલી રંગ બતાવ્યો હતો. મેચ બાદ હેરી કેને પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે, "હું ટીમને ગર્વ અપાવવા માંગતો હતો. ફાઈનલમાં હેટ્રિક નોંધાવવી એ ખૂબ જ ખાસ અનુભવ છે." ટીમના મેનેજર કોમ્પનીએ પણ ખેલાડીઓના મનોબળ અને મેદાન પરના નિર્ણયોના વખાણ કર્યા હતા.

બેયર્ન મ્યુનિક માટે આ સીઝન અત્યંત યાદગાર રહી છે. તેમણે આ વર્ષે કુલ ૪૬ મેચો જીતી છે, જે આંકડો ક્લબના ૨૦૧૨-૧૩ના સુવર્ણ સીઝન સાથે સમાનતા ધરાવે છે. તે સમયે ક્લબ ટ્રેબલ વિજેતા બન્યું હતું. સ્ટુટગાર્ટ જેવી મજબૂત ટીમને હરાવીને કપ જીતવો તે બેયર્ન મ્યુનિક માટે મનોવૈજ્ઞાનિક રીતે પણ મોટી જીત છે. હવે ચાહકોની નજર ક્લબના આવનારા ભવિષ્ય અને આગામી સીઝનની તૈયારીઓ પર રહેશે. હેરી કેનનું આગમન ક્લબ માટે અત્યંત સફળ સાબિત થયું છે અને તે ટીમના મુખ્ય ખેલાડી તરીકે ઉભરી આવ્યો છે. સમગ્ર વિશ્વના ફૂટબોલ ચાહકો માટે આ ફાઈનલ એક રોમાંચક અનુભવ બની રહી છે.

# સાકિબ હુસૈને IPLમાં રચ્યો ઐતિહાસિક રેકોર્ડ, ડેબ્યૂ બાદ સતત ૧૦ મેચમાં વિકેટ

## સાકિબની બોલિંગે ટીમને પ્લેઓફમાં પહોંચાડી

(એજન્સી) હૈદરાબાદ । તા. 24



ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં સનરાઈઝર્સ હૈદરાબાદના યુવા ઝડપી બોલર સાકિબ હુસૈને પોતાની ધારદાર બોલિંગથી ક્રિકેટ જગતમાં નવો ઈતિહાસ રચ્યો છે. 'ગોપાલગંજ એક્સપ્રેસ' તરીકે જાણીતા સાકિબે આ સીઝનમાં ડેબ્યૂ કર્યા બાદ રમેલી તમામ ૧૦ મેચોમાં સતત વિકેટ ઝડપીને એક એવો રેકોર્ડ બનાવ્યો છે, જે આઈપીએલના ઈતિહાસમાં અગાઉ ક્યારેય કોઈ બોલર નોંધાવી શક્યો ન હતો.

મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, બિહારના વતની સાકિબ હુસૈને પોતાની પ્રથમ મેચમાં જ રાજસ્થાન રોયલ્સ સામે ૪ વિકેટ ઝડપીને સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. પોતાની સચોટ લાઈન-લેન્થ અને વિકેટ લેવાની ક્ષમતાને કારણે તેને સીઝનની બાકીની તમામ મેચોમાં પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું હતું. ૧૦ લીગ મેચોમાં તેણે કુલ ૧૫ વિકેટ ઝડપીને ટીમના વિજય અભિયાનમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

માત્ર ૩૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઈઝમાં સનરાઈઝર્સ હૈદરાબાદે સાકિબને ટીમમાં સામેલ કર્યો હતો. શરૂઆતમાં તેને તક મળી ન હતી, પરંતુ ટીમની જરૂરિયાતને ધ્યાને રાખી મેનેજમેન્ટે તેના પર વિશ્વાસ મૂક્યો, જે સાકિબ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો. વર્ષ ૨૦૨૪માં કોલકાતા નાઈટ રાઈડર્સે તેને ખરીદ્યો હોવા છતાં ડેબ્યૂની તક મળી ન હતી, અને ત્યારબાદ ૨૦૨૫માં તે અનસોલ્ડ રહ્યો હતો. પરંતુ ૨૦૨૬ની આ સીઝન તેના કરિયર માટે ખૂબ જ ખાસ સાબિત થઈ છે.

સાકિબની શાનદાર બોલિંગના સહારે સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ આઈપીએલ ૨૦૨૬ના પ્લેઓફમાં ક્વોલિફાય થવામાં સફળ રહી છે. હૈદરાબાદની ટીમ હાલ પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજા સ્થાને રહીને પ્લેઓફની સફર આગળ વધારી રહી છે. આરસીબી અને ગુજરાત ટાઈટન્સ સામેની ટક્કર બાદ હૈદરાબાદની ટીમ હવે ખિતાબ જીતવા માટે તૈયારી કરી રહી છે. સાકિબનું ફોર્મ સનરાઈઝર્સ માટે સૌથી મોટું સકારાત્મક પાસું છે.

ફૂટબોલ // સાફ મહિલા ચેમ્પિયનશિપ માટે બ્લૂ ટાઈગ્રેસ સજ્જ, સાફ મહિલા ચેમ્પિયનશિપ માટે ૨૩ ખેલાડીની ટીમ

# ભારતીય મહિલા ફૂટબોલ ટીમની ગોવામાં તૈયારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

ગોવાના મડગાંવ ખાતે ૨૫ મે થી ૬ જૂન દરમિયાન રમાનારી સાફ મહિલા ચેમ્પિયનશિપ ૨૦૨૬ માટે ભારતીય મહિલા ફૂટબોલ ટીમ એટલે કે 'બ્લૂ ટાઈગ્રેસ' ની ૨૩ સભ્યોની અંતિમ ટીમની જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય કોચ ક્રિસ્પિન છેત્રીએ આ મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ માટે ખેલાડીઓના નામ જાહેર કર્યા છે. ૨૬ ખેલાડીઓના પ્રાથમિક જૂથમાંથી ત્રણ ખેલાડીઓને પડતી મૂકીને આ અંતિમ યાદી તૈયાર કરવામાં આવી છે.

### ટીમની પસંદગી અને તૈયારી

હાલમાં ૨૨ ખેલાડીઓ તાલીમ શિબિરમાં ભાગ લઈ રહ્યા છે, જ્યારે મનીષા કલ્યાણ જે પેરુમાં ક્લબ ફૂટબોલ રમે છે, તે ૧ જૂનના રોજ ફિફાની આંતરરાષ્ટ્રીય મેચ વિન્ડો શરૂ થતા ટીમ સાથે જોડાશે. મધ્યસ્થ અને સંરક્ષણ પંક્તિમાં અનુભવી ખેલાડીઓ સાથે નવી પ્રતિભાઓનું મિશ્રણ આ ટીમમાં જોવા મળે છે. ગોલકીપર તરીકે પાન્થોઈ ચાનુ



ઈલાંગબામ, રિબાનસી જામુ અને શ્રેયા હુડ્ડાનો સમાવેશ કરાયો છે, જે ટીમની મજબૂત કડી સાબિત થશે.

### ટુર્નામેન્ટનું માળખું અને મુકાબલા

ભારતને ગ્રુપ બીમાં સ્થાન આપવામાં આવ્યું છે. બ્લૂ ટાઈગ્રેસ ૨૫ મેના રોજ માલદીવ સામેની મેચથી પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. ત્યારબાદ ૩૧ મેના રોજ ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. ગ્રુપ એમાં નેપાળ, શ્રીલંકા અને ભૂટાન જેવી ટીમો છે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો સેમીફાઈનલમાં પ્રવેશ કરશે, જે ૩ જૂનના રોજ રમાશે. ફાઈનલ મુકાબલો ૬ જૂનના રોજ પંડિત જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ, મડગાંવ ખાતે યોજાશે. તમામ મેચોનું જીવંત પ્રસારણ ફેન-કોડ પર કરવામાં આવશે.

### ટીમની શક્તિ અને રણનીતિ

મુખ્ય કોચ ક્રિસ્પિન છેત્રીની આગેવાનીમાં ટીમ સાફ ચેમ્પિયનશિપ જીતવા માટે આશાવાદી છે. આસિસ્ટન્ટ કોચ સુજાતા કાર અને નિવેથા રામદૌસ, ગોલકીપિંગ કોચ મારિયો એગ્યુઆર તથા સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ કોચ અમિત યાદવનો સમાવેશ કોચિંગ સ્ટાફમાં કરવામાં આવ્યો છે. ટીમની ફોર્વર્ડ લાઈનમાં ગ્રેસ ડાંગમેઈ, કરિશ્મા શિરવોઈકર અને લિન્ડા કોમ સેરટો જેવા અનુભવી ખેલાડીઓ વિરોધી ટીમોના સંરક્ષણને તોડવા માટે સજ્જ છે.

આગામી ઈટીપીએલ માટે ખેલાડીઓ સજ્જ

# ગ્લાસગો કોસ્મિકે ઈટીપીએલ માટે જાહેર કરી સ્ટાર ટીમ, ગ્લાસગો કોસ્મિકની સ્ટાર ટીમ જાહેર

(એજન્સી) ગ્લાસગો । તા. 24

ક્રિકેટની દુનિયામાં ઉત્તેજના વધારતા, ગ્લાસગો કોસ્મિકે આગામી 'ઈટીપીએલ' (ETPL) માટે તેમના અત્યંત આકર્ષક અને પ્રતિભાશાળી ખેલાડીઓની યાદી આજે જાહેર કરી દીધી છે. ટીમમાં વિશ્વભરના જાણીતા ક્રિકેટરોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ ટુર્નામેન્ટને વધુ રોમાંચક બનાવશે તેવી પૂરી શક્યતા છે.

મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ગ્લાસગો કોસ્મિકે આગામી ટુર્નામેન્ટ માટે સંતુલિત અને શક્તિશાળી ટીમ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. પસંદ કરાયેલા ખેલાડીઓમાં યુવા પ્રતિભાઓ અને અનુભવી દિગ્ગજોનું સુંદર મિશ્રણ જોવા મળે છે. ટીમ મેનેજમેન્ટનો દાવો છે કે આ ખેલાડીઓ મેદાન પર વિરોધીઓ માટે મોટો પડકાર સાબિત થશે. ગ્લાસગો કોસ્મિક દ્વારા જાહેર કરાયેલી આ ફાઈનલ લાઈન-અપ ટુર્નામેન્ટના આગામી પડકારોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે.

ઈટીપીએલ માટે ફ્રેન્ચાઈઝીએ લાંબા સમયથી ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા હાથ ધરી હતી. ટીમની રચના પાછળનું મુખ્ય કારણ ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું અને ચાહકોને મનોરંજક ક્રિકેટ પીરસવાનું છે. ગ્લાસગો કોસ્મિકના સુત્રોએ જણાવ્યું છે કે, ટૂંક સમયમાં ટીમનો કેમ્પ શરૂ થશે જ્યાં તમામ સ્ટાર ખેલાડીઓ એકસાથે મળીને આગામી ટુર્નામેન્ટ માટે રણનીતિ બનાવશે. ચાહકોમાં પણ આ લાઈન-અપને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ગ્લાસગો કોસ્મિક દ્વારા જાહેર કરવામાં આવેલી આ યાદીમાં અનેક એવા નામ છે જેઓ હાલના સમયમાં શાનદાર ફોર્મમાં છે. ક્રિકેટ નિષ્ણાતો માને છે કે જો આ ખેલાડીઓ પોતાની લય જાળવી રાખશે, તો ગ્લાસગો કોસ્મિક આ વખતે ટાઈટલ જીતવા માટે પ્રબળ દાવેદાર બની શકે છે.

## લુહાન્સ્ક હુમલામાં ૧૮ નાગરિકોના મોત, પુતિન આદેશ બાદ રશિયાની વળતી કાર્યવાહી

# રશિયા યુક્રેન યુદ્ધમાં લુહાન્સ્ક હુમલો ભયાનક

(એજન્સી) મોસ્કો । તા. 24

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ વધુ એક હિંસક વળાંક પર આવી પહોંચ્યું છે. પૂર્વ યુક્રેનના રશિયાના નિયંત્રણ હેઠળના લુહાન્સ્ક પ્રદેશમાં આવેલી એક કોલેજ હોસ્ટેલ પર થયેલા પ્રચંડ ડ્રોન હુમલામાં અત્યાર સુધી ૧૮ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. આ ઘટના બાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અત્યંત આક્રમક વલણ અપનાવતા પોતાની સેનાને યુક્રેન સામે સખત વળતી કાર્યવાહી કરવા માટેના તમામ વિકલ્પો તૈયાર રાખવાનો આદેશ આપ્યો છે.

### હોસ્ટેલનો વિનાશ અને આક્રોશ

સ્ટારોબિલ્સ્ક શહેરમાં બનેલી આ દુર્ઘટનામાં હોસ્ટેલ ઈમારતનો એક મોટો હિસ્સો તાસના તાશ થઈ ગયો છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં મોટી સંખ્યામાં યુવા મહિલાઓનો સમાવેશ થાય છે, જેમાંથી એક યુવતી તાજેતરમાં જ ૧૮ વર્ષની થઈ હતી. હોસ્ટેલના મલબા નીચે હજુ પણ ત્રણ લોકો ફસાયા હોવાની આશંકા છે, જેમને બચાવવા માટે આપત્તિ વ્યવસ્થાપન વિભાગની ટીમો સતત કામ કરી રહી છે. આ હુમલામાં અન્ય ૪૧ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમાં ૧૫ વર્ષના એક કિશોરની સ્થિતિ ચિંતાજનક હોવાનું જાણવા મળ્યું છે.

### આરોપ-પ્રત્યારોપ અને સત્યની શોધ

રશિયન સત્તાવાળાઓએ દાવો કર્યો છે કે યુક્રેને જાણીજોઈને નાગરિકોને નિશાન બનાવી આ હુમલો કર્યો છે. રાષ્ટ્રપતિ પુતિને સ્પષ્ટતા કરી છે કે હુમલાના સ્થળની આસપાસ કોઈ પણ પ્રકારનું લશ્કરી મથક કાર્યરત નહોતું. બીજી તરફ, યુક્રેનની સેનાએ આ આરોપોને સદંતર ફગાવી દીધા છે. યુક્રેનનું કહેવું છે કે તેમણે માત્ર રશિયાના એક સ્પેશિયલ ડ્રોન કમાન્ડ



યુનિટને લક્ષ્ય બનાવ્યું હતું અને તેમની સેના આંતરરાષ્ટ્રીય નિયમોનું કડક પાલન કરે છે. આ વિવાદ હવે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પણ પહોંચ્યો છે, જ્યાં બંને દેશોએ એકબીજા પર ગંભીર આક્ષેપો કર્યા છે.

લુહાન્સ્કની આ ઘટના બાદ યુક્રેને પણ રશિયાની સરહદની અંદર પોતાના હુમલા તેજ કર્યા છે. શનિવારે વહેલી સવારે બ્લેક સી નજીક આવેલા નોવોરોસિસ્ક બંદરના ઓઈલ ટર્મિનલ પર યુક્રેની ડ્રોનનો મલબો પડતા ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં બે લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. રશિયાએ આ કૃત્યને 'યુદ્ધ અપરાધ' ગણાવીને યુએનમાં તેની ફરિયાદ કરી છે. બંને દેશો વચ્ચે વધતી જતી આ હિંસાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનો માહોલ પેદા કર્યો છે.

સ્થાનિક સાક્ષીઓનું કહેવું છે કે હુમલો બે તબક્કામાં થયો હતો. પ્રથમ રોકેટ દ્વારા જૂના સૈન્ય મથકને નિશાન બનાવવામાં આવ્યું અને ત્યારબાદ ડ્રોન હોસ્ટેલ સાથે અથડાતા આખી ઈમારતમાં ભયાનક આગ પ્રસરી ગઈ હતી. લુહાન્સ્કમાં રશિયા સમર્થિત વહીવટીતંત્રના વડા લિયોનિડ પાસેચનિકે જણાવ્યું હતું કે પીડિતોના પરિવારોને દરેક પ્રકારની સહાય પૂરી પાડવામાં આવી રહી છે. આ આખી ઘટનાને પગલે આસપાસના વિસ્તારોમાં રહેતા નાગરિકોમાં ભયનો માહોલ છે અને લોકો સુરક્ષિત સ્થળોએ આશરો લઈ રહ્યા છે.

## ઈરાન અમેરિકા સંબંધ સુધરવાની આશા

# ઈરાન યુરેનિયમ જથ્થો સોંપવા સહમત બન્યું



(એજન્સી) તેહરાન । તા. 24

અમેરિકા અને ઈરાન વચ્ચે વર્ષોથી ચાલી રહેલા તણાવપૂર્ણ સંબંધોમાં એક મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, ઈરાન પોતાના સંવર્ધિત યુરેનિયમનો જથ્થો સરન્ડર કરવા માટે સૈદ્ધાંતિક રીતે રાજી થઈ ગયું છે. આ પગલાને બંને દેશો વચ્ચે પ્રસ્તાવિત શાંતિ કરાર માટેનું સૌથી મહત્વનું કદમ માનવામાં આવી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ દાવો અમેરિકાના બે વરિષ્ઠ અધિકારીઓના હવાલાથી કરવામાં આવ્યો છે, જે સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે.

લાંબા સમયથી બંને દેશો વચ્ચે પરમાણુ કાર્યક્રમને લઈને જે અણબનાવ ચાલી રહ્યો હતો, તેમાં હવે બરફ ઓગળતો દેખાઈ રહ્યો છે. ઈરાને પોતાના હાઈ-એનરિચ્ડ યુરેનિયમના સ્ટોકને છોડવા માટે સંમતિ દર્શાવી છે. જોકે, આ જથ્થો કઈ પ્રક્રિયા દ્વારા અને કઈ શરતો હેઠળ સોંપવામાં આવશે, તેની સ્પષ્ટતા હજી બાકી છે. આગામી સમયમાં યોજાનારી સત્તાવાર પરમાણુ વાર્તામાં આ પ્રક્રિયા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવશે. અમેરિકાનું લાંબા સમયથી એવું માનવું હતું કે પરમાણુ તણાવ ઘટાડવા માટે યુરેનિયમના જથ્થાનું સરન્ડર થવું અનિવાર્ય છે.

### વૈશ્વિક નેતાઓની મધ્યસ્થતા અને ટ્રમ્પનો દાવો

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગે ખુશી વ્યક્ત કરતા દાવો કર્યો છે કે, બંને દેશો વચ્ચેનું યુદ્ધ હવે સમાપ્ત થવાની આરે છે. વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ને ફરીથી વ્યાપારી પ્રવૃત્તિઓ માટે ખુલ્લો મૂકવા માટે પણ સહમતી સધાઈ રહી છે. પ્રમુખ ટ્રમ્પે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, પાકિસ્તાન, તુર્કી, ઈજિપ્ત, જોર્ડન તથા બહેરીનના નેતાઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી આ શાંતિ સમજૂતીને આખરી ઓપ આપ્યો છે. આ સમજૂતીને વિશ્વ શાંતિ માટે એક સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે.

### આગામી સંભાવનાઓ અને પડકારો

જોકે, હજી પણ કેટલીક બાબતો પર સત્તાવાર જાહેરાત થવાની બાકી છે. ઈરાન અને ઈઝરાયલ તરફથી આ તાજા અહેવાલો પર કોઈ તાત્કાલિક પ્રતિક્રિયા આપવામાં આવી નથી, પરંતુ રાજદ્વારી વર્તુળોમાં આ એક મોટી સફળતા તરીકે જોવામાં આવે છે. યુરેનિયમનો જથ્થો સોંપવો એ માત્ર એક શરૂઆત છે; વાસ્તવિક પડકાર તો બંને દેશો વચ્ચે વિશ્વાસનું વાતાવરણ કાયમી ધોરણે જાળવી રાખવાનો રહેશે. આગામી દિવસોમાં યોજાનારી પરમાણુ વાર્તાઓ પર સમગ્ર વિશ્વની મીટ મંડાયેલી રહેશે.

### પાકિસ્તાનની ભૂમિકા અને પ્રાદેશિક સ્થિરતા

આ સમગ્ર શાંતિ પ્રક્રિયામાં પાકિસ્તાનની મધ્યસ્થતા ખૂબ જ નિર્ણાયક સાબિત થઈ છે. અહેવાલ મુજબ, એક સમયે ઈરાન પર નવા સૈન્ય હુમલાની તૈયારી કરી રહેલા અમેરિકાને મધ્યસ્થતાના પ્રયાસો દ્વારા પાછા વાળવામાં સફળતા મળી છે. પ્રાદેશિક દેશોના આ સહયોગને કારણે એક સંભવિત યુદ્ધવિરામ ભંગ થતા બચી ગયો છે. ઈઝરાયલના વડાપ્રધાન સાથેની વાતચીતને પણ અમેરિકાએ હકારાત્મક ગણાવી છે, જે સૂચવે છે કે મધ્ય-પૂર્વમાં હવે સ્થિરતાનો નવો યુગ શરૂ થઈ શકે છે.

આ ઐતિહાસિક સમજૂતી જો સફળતાપૂર્વક અમલમાં આવશે, તો માત્ર અમેરિકા-ઈરાન જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા અને સુરક્ષા પર સકારાત્મક અસર પડશે. યુદ્ધના ભણકારા વચ્ચે શાંતિની આ એક નાની પણ મજબૂત આશા દેખાઈ રહી છે. શું આ શાંતિ કરાર લાંબો સમય ટકી શકશે? તે જોવું રહ્યું, પરંતુ અત્યારના સંજોગો જોતા આ એક મોટો રાજદ્વારી વિજય ગણાય છે.

## ન્યૂઝ બ્રીફ

### ટ્રમ્પનો વિઝા બોમ્બ ગ્રીન કાર્ડ માટે વતનમાં જવું પડશે



વોશિંગ્ટન | અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રએ ઈમિગ્રેશન નીતિમાં એક મોટો અને વિવાદાસ્પદ ફેરફાર કરતા વિઝા બોમ્બ ફોડ્યો છે. આ નવા નિયમ મુજબ, હવે કાયમી ધોરણે અમેરિકન નાગરિક બનવા માંગતા ગ્રીન કાર્ડના દરેક અરજદારે પોતાની અરજી ફાઈલ કરવા માટે પોતાના મૂળ દેશમાં પરત ફરવું પડશે. અડધી સદીથી ચાલી આવતી સ્ટેટસ એડજસ્ટમેન્ટની પ્રક્રિયા હવે બંધ કરી દેવામાં આવતા, અમેરિકામાં કાયદેસર રીતે રહેતા વિદેશીઓ માટે મુશ્કેલીઓ વધી ગઈ છે. અગાઉ વિદેશી નાગરિકો અમેરિકામાં રહીને જ કાયમી નાગરિકત્વ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરી શકતા હતા. આમાં સ્ટુડન્ટ વિઝા, એચ-૧બી વર્ક વિઝા અને અન્ય કાયદેસરના વિઝાધારકોનો સમાવેશ થતો હતો. પરંતુ હવે નવા નિયમ હેઠળ, નોકરિયાતો અને સ્ટુડન્ટ્સ સહિતના તમામે પોતાના દેશમાં જઈને જ અમેરિકન દૂતાવાસમાં અરજી કરવી પડશે. આ નિર્ણયથી ખાસ કરીને ઈબી-ટુ અને ઈબી-3 કેટેગરીમાં આવતા ભારતીય વ્યાવસાયિકો પર વિપરીત અસર પડવાની સંભાવના છે. ટ્રમ્પ તંત્રના આ પગલાં સામે આકરી ટીકાઓ થતા ઈમિગ્રેશન વિભાગે બે અપવાદો જાહેર કર્યા છે. આર્થિક ફાયદો અને રાષ્ટ્રીય હિત માટે ઉપયોગી હોય તેવા ગણતરીના લોકોને જ અમેરિકામાં રહીને પ્રક્રિયા કરવાની મંજૂરી મળશે.

### બલૂચ લિબરેશન આર્મીએ પાક અધિકારીનું કર્યું અપહરણ



કલાત | બલુચિસ્તાનના કલાત વિસ્તારમાં શનિવારે બલૂચ લિબરેશન આર્મી (બીએલએ) દ્વારા પાકિસ્તાની લશ્કરી અધિકારીના અપહરણની ઘટનાએ સમગ્ર ક્ષેત્રમાં ભારે તણાવ પેદા કર્યો છે. પાકિસ્તાનના એરપોર્ટ સિક્યોરિટી ફોર્સ (એએસએફ) ના ડેપ્યુટી ડીરેક્ટર વાસીમ અહમદનું સશસ્ત્ર સંગઠન દ્વારા અપહરણ કરી લેવામાં આવતા પાકિસ્તાની સુરક્ષા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આ ઘટના ત્યારે બની જ્યારે વાસીમ અહમદ પોતાની કારમાં કલાત પાસેના હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. બીએલએના પ્રવક્તા જીયાંદ બલોચે દાવો કર્યો છે કે તેમની જાસૂસી શાખા 'ઝીરાબ' દ્વારા અગાઉથી જ આ અધિકારીની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી હતી. સંગઠનના સભ્યોએ હાઈવે પર વાહનોના ચેકિંગ દરમિયાન આ અધિકારીને આંતરી લીધા હતા અને ત્યારબાદ તેમને પોતાની કસ્ટડીમાં લઈ લીધા હતા. હાલમાં આ અધિકારી બીએલએના કબજામાં હોવાનું સંગઠન દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

## 23 લોકોના મોત થયા, જ્યારે ૫૩થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

# પાકિસ્તાનના અશાંત ગણાતા બલૂચિસ્તાન પ્રાંતમાં ક્વેટા ટ્રેન પર જીવલેણ હુમલો

(એજન્સી) ક્વેટા । તા. 24

પાકિસ્તાનના અશાંત ગણાતા બલૂચિસ્તાન પ્રાંતમાં આજે એક ભયાનક આતંકવાદી ઘટના સામે આવી છે. ક્વેટા શહેરના ચમન ફાટક વિસ્તારમાં રેલવે ટ્રેક પર થયેલા પ્રચંડ વિસ્ફોટને કારણે સમગ્ર વિસ્તાર હચમચી ઉઠ્યો છે. કેન્ટોનમેન્ટ તરફ જઈ રહેલી ટ્રેનને નિશાન બનાવીને કરવામાં આવેલા આ હુમલામાં અત્યાર સુધીમાં ૨૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૫૩થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.

આજે સવારે બનેલી આ ઘટનામાં વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે ટ્રેનની બોગીના ફુરચેફુરચા ઊડી ગયા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ફ્રન્ટિયર કોરના હેડક્વાર્ટરના ગેટ પાસે ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. કેટલાક પ્રત્યક્ષદર્શીઓના મતે આ આત્મઘાતી હુમલો હોવાની પ્રબળ શક્યતા છે. બ્લાસ્ટ બાદ ઘટનાસ્થળે ગોળીબારના અવાજો પણ સંભળાયા હતા, જેનાથી સ્થાનિક લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. વિસ્ફોટને પગલે ટ્રેનના કેટલાક ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા અને તેમાં ભયાનક આગ લાગી હતી. આસપાસના વિસ્તારમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટા છવાઈ ગયા હતા, અને નજીકમાં પાર્ક કરેલા અનેક વાહનો પણ આગની જ્વાળાઓમાં ખાખ થઈ ગયા હતા.

### બચાવ કામગીરી અને તબીબી સહાય

ઘટનાની જાણ થતા જ સુરક્ષા દળો અને બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. સમગ્ર વિસ્તારને સુરક્ષા એજન્સીઓએ ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ઈજાગ્રસ્તોને યુદ્ધના ધોરણે ક્વેટાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલ તંત્ર દ્વારા ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃતકોની સંખ્યામાં વધારો થઈ શકે છે કારણ કે અનેક ઈજાગ્રસ્તોની હાલત નાજુક હોવાનું જણાઈ





રહ્યું છે.

### તણાવપૂર્ણ માહોલ અને સુરક્ષા વ્યવસ્થા

બલૂચિસ્તાનમાં છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક બલૂચ સંગઠનો અને વર્તમાન સરકાર વચ્ચેના સંબંધો વણસ્યા છે. સરકારને આપવામાં આવતા અલ્ટીમેટમ અને ચાલી રહેલા તણાવ વચ્ચે આ આતંકી ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે મોટા પ્રશ્નો ઉભા કર્યા છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને હુમલાખોરોની શોધખોળ માટે વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ હુમલાની જવાબદારી અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી મળી નથી, પરંતુ ઘટનાની ગંભીરતાને જોતા ઉચ્ચસ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

### શહેરમાં અફરાતફરી અને જાનમાલનું નુકસાન

આ વિસ્ફોટ માત્ર રેલવે ટ્રેક અને ટ્રેનને જ નહીં, પરંતુ નજીકની મિલકતોને પણ ભારે નુકસાન પહોંચાડ્યું છે. શહેરના મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે અને લોકોમાં ભયનો માહોલ છે. વહીવટી તંત્રએ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે. આ ઘટનાએ પાકિસ્તાનની આંતરિક સુરક્ષા સામે મોટો પડકાર ફેંક્યો છે. અત્યારે સમગ્ર ક્વેટા શહેર શોક અને આક્રોશમાં ડૂબેલું છે, જ્યારે હોસ્પિટલોમાં ઘાયલોને બચાવવા માટે તબીબી સ્ટાફ સતત પ્રયત્નશીલ છે. આગામી કલાકોમાં આ મામલે વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે, પરંતુ અત્યારે તમામનું ધ્યાન માત્ર અને માત્ર ઘાયલોના જીવન બચાવવા પર કેન્દ્રિત છે.

આ આતંકવાદી હુમલાને પગલે સુરક્ષા એજન્સીઓ અત્યંત એલર્ટ પર છે અને આસપાસના તમામ વિસ્તારોમાં કડક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આટલી મોટી જાનહાનિ થવાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આ ઘટનાને લઈને સમગ્ર પાકિસ્તાનમાં ચર્ચાઓનું મોજું ફરી વળ્યું છે.

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર ઈરાનનો કંટ્રોલ યથાવત, ઈરાનની મંજૂરી બાદ જ જહાજોને પ્રવેશ

(એજન્સી) તેહરાન । તા. 24

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈને ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ નેવી (આઈઆરજીસી) એ એક મોટો દાવો કર્યો છે. ઈરાની નૌસેનાના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી કુલ ૨૫ જહાજો પસાર થયા છે, જેમને ઈરાન પાસેથી અગાઉથી મંજૂરી અને સુરક્ષા સમન્વય મેળવ્યો હતો. આ જહાજોમાં મુખ્યત્વે ઓઈલ ટેન્કર્સ, કન્ટેનર શિપ્સ અને અન્ય વ્યાપારી જહાજોનો સમાવેશ થાય છે.

ઈરાની નેવીએ સ્પષ્ટ કર્યું છે કે હાલના તણાવપૂર્ણ માહોલ છતાં આ મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગ પર તેમનું સંપૂર્ણ નિયંત્રણ છે. દરેક જહાજને જરૂરી સુરક્ષા તપાસ અને પરવાનગી બાદ જ આગળ વધવાની મંજૂરી આપવામાં આવી હતી. આ દાવો એવા સમયે સામે આવ્યો છે જ્યારે આ વિસ્તારમાં વૈશ્વિક શક્તિઓ વચ્ચેની ખેંચતાણ ચરમસીમા પર છે. ઈરાની નૌસેનાનું કહેવું છે કે તેઓ સમુદ્રના આ માર્ગ પર ૨૪ કલાક ચાંપતી નજર રાખી રહ્યા છે.

આ વિવાદની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૨૬માં થઈ હતી, જ્યારે અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યો હતો. તેના પ્રત્યાઘાતરૂપે ઈરાને પોતાના દુશ્મન દેશો અને તેમના સાથી રાષ્ટ્રો માટે હોર્મુઝ ખાડી બંધ કરી દીધી હતી. ત્યારથી, આ માર્ગ પર ઈરાનની પરવાનગી અનિવાર્ય બની ગઈ છે. જે જહાજો ઈરાનની શરતો સ્વીકારે છે અને પરવાનગી લે છે, તેમને જ અહીંથી પસાર થવા દેવામાં આવે છે. આ નીતિને કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર સીધી અસર પડી છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ વિશ્વનો સૌથી વ્યસ્ત અને મહત્વપૂર્ણ સામુદ્રિક માર્ગ છે, જ્યાંથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલની હેરફેર થાય છે.

# વ્હાઈટ હાઉસ બહાર ગોળીબાર ટ્રમ્પ સુરક્ષિત, સુરક્ષા એજન્સીની સતર્કતાથી હુમલાખોર ઠાર

### વ્હાઈટ હાઉસ સુરક્ષિત પ્રમુખ ટ્રમ્પ હેમખેમ

(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 24

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસી સ્થિત વ્હાઈટ હાઉસ સંકુલ બહાર શનિવારે સાંજે અચાનક અંધાધૂંધ ગોળીબારની ઘટના સામે આવતા ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. એક ૨૧ વર્ષીય યુવકે વ્હાઈટ હાઉસની સિક્રેટ સર્વિસ ચેકપોઈન્ટ પર પહોંચીને અચાનક હથિયારમાંથી ગોળીબાર શરૂ કરી દીધો હતો. ઘટના સમયે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસની અંદર જ હાજર હતા, જોકે સુરક્ષા દળોએ ત્વરિત કાર્યવાહી કરીને હુમલાખોરને ઠાર માર્યો હતો.

મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, શનિવારે સાંજે ૬ વાગ્યાના અરસામાં ૧૭મી સ્ટ્રીટ અને પેન્સિલવેનિયા એવન્યુ વિસ્તારમાં એક યુવક બેગ લઈને



ચેકપોઈન્ટ તરફ આગળ વધ્યો હતો. સુરક્ષાકર્મીઓ કંઈ સમજે તે પહેલા જ તેણે હથિયાર કાઢીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં એક સામાન્ય નાગરિક પણ ઘાયલ થયો હોવાનું જાણવા મળે છે. સિક્રેટ સર્વિસના જવાનોએ વળતો પ્રહાર કરતા હુમલાખોરને ઘટનાસ્થળે જ ગોળી મારી ઢાળી દીધો હતો, જેનું હોસ્પિટલ લઈ જતા રસ્તામાં જ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારને ઘેરાબંધી હેઠળ લઈ લેવાયો છે.

હુમલાખોરની ઓળખ ૨૧ વર્ષીય નેસિર બેસ્ટ તરીકે થઈ છે, જે માનસિક સ્વાસ્થ્ય સંબંધી ગંભીર બીમારીઓથી પીડાતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે તે પોતાને ઈશ્વરનો દૂત માનતો હતો અને અગાઉ પણ સુરક્ષા એજન્સીઓના રડાર પર હતો. જૂન ૨૦૨૫માં એજન્ટોને ધમકી આપવા બદલ તેની અટકાયત કરવામાં આવી હતી. ગોળીબારની ઘટના બાદ વ્હાઈટ હાઉસને હાઈ-સિક્યોરિટી લોકડાઉન હેઠળ લાવી દેવાયું હતું. સિક્રેટ સર્વિસની સ્નાઈપર ટીમો ઈમારતની છત પર તૈનાત કરી દેવામાં આવી હતી અને પ્રેસ રૂમ પણ તાત્કાલિક બંધ કરી દેવાયો હતો.

મીડિયા અહેવાલ અનુસાર, ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ) ના ડાયરેક્ટર કાશ પટેલે પુષ્ટિ કરી છે કે એફબીઆઈની ટીમ સિક્રેટ સર્વિસ સાથે મળીને આ મામલે તપાસ ચલાવી રહી છે. રિપબ્લિકન પાર્ટીએ સિક્રેટ સર્વિસની કામગીરીની પ્રશંસા કરતા પ્રમુખ ટ્રમ્પની સલામતી માટે રાહત વ્યક્ત કરી છે.

## એઆઈ | સંશોધકોએ વિકસાવ્યું અદ્યતન એઆઈ ટૂલ, હિટ્ટાઈટ સંસ્કૃતિના રહસ્યો બહાર આવશે

# એઆઈ હવે ૩,૫૦૦ વર્ષ જૂની ક્યુનિફોર્મ લિપિ ઉકેલશે

(એજન્સી)બર્લિન। તા. 24

આધુનિક યુગમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ) માત્ર રોજિંદા જીવનમાં જ નહીં, પરંતુ માનવ ઈતિહાસના અંધારામાં ખોવાયેલા રહસ્યોને પ્રકાશમાં લાવવા માટે પણ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. જર્મનીના સંશોધકોએ એક ક્રાંતિકારી એઆઈ ટૂલ વિકસાવ્યું છે, જે ૩,૫૦૦ વર્ષ જૂની પ્રાચીન ક્યુનિફોર્મ લિપિને સરળતાથી ઓળખી અને વાંચી શકે છે. આ ટેકનોલોજીથી હિટ્ટાઈટ સંસ્કૃતિના અનેક વણઉકેલ્યા રહસ્યો હવે દુનિયા સામે આવી શકે તેમ છે.

મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ અદ્યતન ટેકનોલોજીનું નામ 'પેલિયોગ્રાફિક્મ' રાખવામાં આવ્યું છે. યુનિવર્સિટી ઓફ વુર્ઝબર્ગના નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલી આ સિસ્ટમ માટીના પ્રાચીન પાટિયાઓ (ટેબ્લેટ્સ) પર કંડારાયેલા ક્યુનિફોર્મ ચિહ્નોના આકાર અને શૈલીનું સૂક્ષ્મ વિશ્લેષણ કરે છે. અગાઉ, તૂટેલા ટેબ્લેટ્સના ટુકડાઓને જોડીને તેનો અર્થ સમજવામાં





સંશોધકોને ત્રણ દિવસ જેટલો લાંબો સમય લાગતો હતો, જે કાર્ય હવે આ એઆઈ ટૂલ માત્ર પાંચ મિનિટમાં પૂર્ણ કરી શકે છે.

ક્યુનિફોર્મ લિપિ વિશ્વની સૌથી પ્રાચીન લેખન પદ્ધતિઓમાંની એક છે, જે મેસોપોટેમિયા અને હિટ્ટાઈટ સંસ્કૃતિ દરમિયાન માટીના પાટિયાઓ પર દબાવીને લખવામાં આવતી હતી. સદીઓ વીતતા આ પાટિયાં તૂટી ગયા અને તેના ભાગો વિશ્વભરના મ્યુઝિયમોમાં વિખેરાઈ ગયા હતા. આટલા વર્ષો પછી આ ટુકડાઓને મેળવવા અને લખાણ વાંચવું એ એક દુષ્કર કાર્ય હતું. નવી એઆઈ સિસ્ટમ ૭૦,૦૦૦થી વધુ ડિજિટાઈઝ્ડ ફોટોગ્રાફ્સ અને ૫૦ લાખ ક્યુનિફોર્મ ચિહ્નોના ડેટા પર કામ કરે છે. તે માત્ર લખાણ જ નહીં, પરંતુ અલગ-અલગ લેખકોની લખવાની શૈલીને પણ ઓળખી કાઢવાની ક્ષમતા ધરાવે છે.

સંશોધકોનું માનવું છે કે આ ટેકનોલોજી ઈતિહાસના અભ્યાસમાં એક નવી ક્રાંતિ લાવશે. પ્રાચીન સંસ્કૃતિઓના દસ્તાવેજો અને શાસકોની માહિતી હવે ઝડપથી ઉપલબ્ધ બનશે. આ સફળતા બાદ, વિશ્વના અન્ય ભાગોમાં સંગ્રહિત પ્રાચીન લિપિઓને ઉકેલવા માટે પણ આ પ્રકારના એઆઈ મોડેલનો ઉપયોગ થઈ શકે છે. હિટ્ટાઈટ સંસ્કૃતિના સામાજિક અને રાજકીય પાસાઓને સમજવા માટે આ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ સાબિત થશે. તકનીકી ક્ષેત્રે થયેલી આ પ્રગતિ માનવતાના સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત અને જીવંત રાખવામાં ચોક્કસપણે મદદરૂપ થશે.

# ઈવાન્કા ટ્રમ્પની હત્યાની સાજીશ અમેરિકાએ નિષ્ફળ બનાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનાં પુત્રી ઈવાન્કા ટ્રમ્પની હત્યાનું એક ગંભીર ષડયંત્ર અમેરિકાની આંતરરાષ્ટ્રીય જાસૂસી એજન્સી દ્વારા સમયસર નકામું કરી દેવામાં આવ્યું છે. આ ષડયંત્ર પાછળ ઈરાન સાથે જોડાયેલા આતંકી સંગઠનોનો હાથ હોવાની આશંકા સેવાઈ રહી છે. આ મામલે ૩૨ વર્ષીય મોહમ્મદ-બાકર-સાદ-દાઉદ-અલ-સાદી નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, જેણે ટ્રમ્પ પરિવારના ખાસ કરીને ઈવાન્કા ટ્રમ્પના જીવ લેવાની કસમ ખાધી હતી.

આરોપી અલ-સાદી એક ઈરાકી નાગરિક છે અને તેણે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) પાસેથી વિશેષ તાલીમ મેળવી હતી. તે વર્ષ ૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી કરવામાં આવેલા ડ્રોન હુમલામાં ઈરાની સૈન્ય કમાન્ડર



કાસીમ સુલેમાનીના મોતનો બદલો લેવા માંગતો હતો. ધરપકડ બાદ તેની પાસેથી ઈવાન્કા ટ્રમ્પના આલીશાન નિવાસસ્થાનની બ્લ્યુ-પ્રિન્ટ પણ મળી આવી છે, જે તેની ગંભીર સાજીશનો પુરાવો આપે છે. ન્યૂયોર્ક પોલીસના અહેવાલ અનુસાર, આતંકી અલ-સાદી લાંબા સમયથી ટ્રમ્પ પરિવાર પર નજર રાખી રહ્યો હતો. તેણે સુરક્ષા એજન્સીઓને પડકારતા દાવો કર્યો હતો કે કોઈ પણ સુરક્ષા વ્યવસ્થા તેને ઈવાન્કાને નિશાન બનાવતા રોકી શકશે નહીં.

### હાઈવે પર દોડતા ટ્રેલર બન્યા 'યમરાજ'

# બે રાજ્યમાં ભયાનક અકસ્માતમાં 5 લોકોના કમકમાટીભર્યા મોત

(એજન્સી) નવી દિલ્હી | તા 24

ઝારખંડ અને રાજસ્થાનમાંથી રવિવારે વહેલી સવારે બે અલગ-અલગ ભયાનક માર્ગ અકસ્માતો સર્જાયા છે, જેમાં અનિયંત્રિત ટ્રેલરની ટક્કરથી બે માસૂમ બાળકીઓ સહિત કુલ 5 લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. સ્પીડમાં આવી રહેલા અનિયંત્રિત ટ્રેલરોએ સર્જેલી આ તબાહીમાં બે માસૂમ બાળકીઓ સહિત કુલ 5 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલ ખસેડાયા છે.

ઝારખંડના હઝારીબાગ જિલ્લાના ચરહી નેશનલ હાઈવે (NH) પર આવેલા ઓવરબ્રિજ પાસે રવિવારે સવારે આશરે 6 વાગ્યે એક દર્દનાક અકસ્માત થયો હતો. બિહાર શરીફથી ઈંટો ભરીને રાંચી તરફ જઈ રહેલું એક તેજ રફતાર ટ્રેલર અચાનક કાબૂ બહાર ગયું હતું અને રસ્તા કિનારે આવેલી પ્રકાશ હોટેલ પાસે ઊભેલા ત્રણ વાહનો સાથે ધડાકાભેર અથડાયું હતું. ટક્કર એટલી પ્રચંડ હતી કે ટ્રેલરનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો અને તેમાં સવાર બે લોકોના દબાઈ જવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રાથમિક તપાસ મુજબ, અકસ્માતનો ભોગ બનેલો એક ટ્રક ચાલક ચા પીવા માટે હોટેલ પાસે ઊભો રહ્યો હતો, ત્યારે જ પાછળથી આવેલા કાળમુખા ટ્રેલરે તેને અડફેટે લીધો હતો. ચરહી પોલીસ અને સ્થાનિક લોકોએ ભારે જહેમત બાદ વાહનમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા.




#### રાજસ્થાનના રાજસમંદમાં વેકેશન માણવા આવેલી બે માસૂમ દીકરીઓ અને યુવકનું મોત

બીજી તરફ, રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના સેલાગુડા ગામ નજીક ભેરુજી મોડ પર રવિવારે વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક બેકાબૂ ટ્રેલરે સામેથી આવી રહેલી બાઈકને જોરદાર ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર બે માસૂમ બાળકીઓ અને એક યુવકનું દર્દનાક મોત નીપજ્યું હતું, જ્યારે એક મહિલા અને અન્ય એક બાળકી ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર અર્થે હોસ્પિટલ દાખલ કરાયા છે. મળતી વિગતો અનુસાર, ગરમીની રજાઓ (વેકેશન) હોવાથી આ મહિલા પોતાના બાળકો સાથે પીહર (માયકે) આવી હતી અને આ ખુશીનો માહોલ પળભરમાં માતમમાં ફેરવાઈ ગયો હતો. આમેટ થાણા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને લાશોને કબજે કરી તપાસ શરૂ કરી છે.

#### ગઈકાલે અલવરમાં પણ એક્સપ્રેસ-વે પર સ્લીપર બસ પલટી હતી

રાજસ્થાનમાં અકસ્માતોનો સિલસિલો યથાવત છે. આ ઘટનાના એક દિવસ પહેલા એટલે કે 23 મેના રોજ અલ્વર જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ડ્રાઈવરને જોકું આવી જતાં એક સ્લીપર કોચ બસ કાબૂ બહાર જઈને ઊંડા ખાડામાં પલટી ગઈ હતી. મધ્ય પ્રદેશથી ઉત્તર પ્રદેશ જઈ રહેલી આ બસના અકસ્માતમાં આશરે 40 મુસાફરો ઘાયલ થયા હતા, જેમાંથી 6 ની હાલત હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

## માર્કો રુબિયોની ભારત મુલાકાતને તેલંગાણા ભાજપ અધ્યક્ષે ગણાવી ભારતની રાજદ્વારી સફળતા

હૈદરાબાદ : તેલંગાણા ભાજપના અધ્યક્ષ એન. રામચંદ્ર રાવે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોની ભારત મુલાકાતને ભારત સરકારની એક મોટી રાજદ્વારી સફળતા ગણાવી છે. આ મુલાકાત દરમિયાન માર્કો રુબિયોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અમેરિકાની સત્તાવાર મુલાકાત માટે આમંત્રણ આપતા ભારત અને અમેરિકાના સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થયો હોવાનું મનાઈ રહ્યું છે. ભાજપ નેતા એન. રામચંદ્ર રાવે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની આંતરરાષ્ટ્રીય છબી અને સંબંધોમાં અભૂતપૂર્વ પ્રગતિ જોવા મળી છે. રાવે વધુમાં ઉમેર્યું, "જ્યારે પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે, ત્યારે વિશ્વમાં ભારતનું મહત્વ સતત વધી રહ્યું છે. માર્કો રુબિયોની આ મુલાકાત અને પીએમ મોદીને આપેલું આમંત્રણ એ સાબિત કરે છે કે વૈશ્વિક સ્તરે ભારતની રાજદ્વારી પહોંચ મજબૂત બની છે."

દિલ્હીમાં વિદેશ મંત્રી એસ. જયશંકર અને માર્કો રુબિયો વચ્ચે હૈદરાબાદ હાઉસમાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત થઈ હતી. આ મુલાકાત દરમિયાન માર્કો રુબિયોએ ભારત અને અમેરિકાના સંબંધોને માત્ર મૈત્રીપૂર્ણ જ નહીં, પરંતુ 'વ્યૂહાત્મક ભાગીદારી' (Strategic Alliance) તરીકે વર્ણવ્યા હતા. રુબિયોએ કહ્યું કે, ભારત અને અમેરિકા વિશ્વના બે સૌથી મોટા લોકશાહી દેશો છે.

## News Brief

### ઈંધણની અછત માટે વડાપ્રધાન સીધી રીતે જવાબદાર: સંજય સિંહ

ભુવનેશ્વર : આમ આદમી પાર્ટી (AAP) ના સાંસદ સંજય સિંહે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કરતા દેશમાં ચાલી રહેલી ઈંધણની કટોકટી માટે તેમને "સીધી રીતે જવાબદાર" ઠેરવ્યા છે. ભુવનેશ્વરમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કેન્દ્ર સરકારની નીતિઓ પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.સંજય સિંહે દાવો કર્યો હતો કે હાલમાં દેશ સૌથી મોટા ઊર્જા સંકટનો સામનો કરી રહ્યો છે, જ્યાં પેટ્રોલ, ડીઝલ અને ગેસની અછત છે. તેમણે કહ્યું, "છેલ્લા 10 દિવસમાં ઈંધણના



ભાવ ત્રણ વખત વધારવામાં આવ્યા છે. લોકો પેટ્રોલ પંપ પર લાંબી કતારોમાં ઉભા છે, પરંતુ સરકાર આ સમસ્યાના ઉકેલ માટે કંઈ વિચારી રહી નથી." તેમણે વડાપ્રધાનને પડકાર ફેંકતા પૂછ્યું કે જો ચીન ઈરાન પાસેથી સસ્તું તેલ ખરીદી શકે છે, તો ભારત કેમ નહીં? તેમણે આક્ષેપ કર્યો કે વડાપ્રધાન અમેરિકી આર્થિક દબાણથી "ડરેલા" છે, જેના કારણે ભારત સસ્તું ઈંધણ મેળવવામાં મુશ્કેલી અનુભવી રહ્યું છે. ઈંધણની કટોકટી સિવાય, સંજય સિંહે કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હી જિમખાના ક્લબનો કબજો લેવાના પ્રયાસોની પણ આકરી ટીકા કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર માત્ર "જમીન હડપવા" પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેમણે કહ્યું કે, "જિમખાના ક્લબ પર કબજો કરવાનો સરકારનો પ્રયાસ દર્શાવે છે કે તેમનું ધ્યાન સુરક્ષાના બહાને કિંમતી જમીનો મેળવીને તેમના મિત્રોને સોંપવા પર છે. સરકાર પાસે દેશના લોકોના કલ્યાણ માટે કોઈ સ્પષ્ટ નીતિ નથી."AAP સાંસદે એમ પણ કહ્યું કે ભારત હાલમાં વેનેઝુએલાથી તેલ આયાત કરી રહ્યું છે, જે મોંઘું છે અને તેને રિફાઈન કરવું મુશ્કેલ છે.

### NEET પેપર લીક વિવાદ: રાહુલ ગાંધીએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી

નવી દિલ્હી : NEET પરીક્ષામાં પેપર લીક થયાના આક્ષેપોને લઈને દેશભરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે ફરી એકવાર કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કરતા શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે સરકાર આ મામલે જવાબદારી સ્વીકારવાને બદલે સતત છટકી રહી છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, જ્યારે લાખો યુવાનો રસ્તા પર ઉતરી



આવ્યા છે અને 22 લાખ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં છે, ત્યારે વડાપ્રધાન સંપૂર્ણપણે મૌન છે. તેમણે કહ્યું કે, "જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે અને પેપર લીકને રોકવા માટે એક મજબૂત અને ફૂલપ્રૂફ સિસ્ટમ તૈયાર નહીં થાય, ત્યાં સુધી કોંગ્રેસ અટકશે નહીં." ગાંધીએ વડાપ્રધાન મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે એક તરફ તેઓ વિદેશમાં કેન્ડી વહેંચીને રીલ બનાવી રહ્યા છે, જ્યારે બીજી તરફ ભારતના યુવાનો પેપર લીકથી પીડાઈને ન્યાય માટે રસ્તા પર લડી રહ્યા છે. કોંગ્રેસ પક્ષે આરોપ લગાવ્યો છે કે મોદી સરકારમાં "પેપર લીક માફિયાઓ" ફૂલીફાલી રહ્યા છે. હૈદરાબાદમાં NSUI ના કાર્યકરોએ ફૂટ માર્ચ કાઢીને સરકારને ચેતવણી આપી હતી કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કરવામાં આવતી ચેડાં જરાય સાંખી લેવામાં આવશે નહીં. રાજસ્થાનમાં પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોમાં પોલીસે લાઠીચાર્જ કર્યો હોવાના અહેવાલો છે, જેના પર રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યા હતા કે "વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ લાઠીથી આપતી સરકાર જવાબદારીથી નહીં, પણ ડરથી ચાલે છે."

### દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ 'મિશન યમુના' અંતર્ગત 1,000 કરોડથી વધુના પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

નવી દિલ્હી : દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ રાજધાનીમાં પ્રદૂષણ ઘટાડવા અને યમુના નદીના પુનરુત્થાન માટે એક મોટું પગલું ભર્યું છે. મુખ્યમંત્રીએ રવિવારે 'મિશન યમુના' હેઠળ 1,000 કરોડ રૂપિયાથી વધુના મેગા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. મુખ્યમંત્રી કાર્યાલય (CMO) ના જણાવ્યા અનુસાર, આ રકમ મુખ્યત્વે નજફગઢ ડ્રેઈનની વ્યાપક સફાઈ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) ના અપગ્રેડેશન અને પાણી વ્યવસ્થાપનની અત્યાધુનિક સિસ્ટમ્સ માટે ફાળવવામાં આવી છે.મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે, "દિલ્હીની પ્રદૂષણ સામેની લડાઈ અવિરત ચાલુ છે. આ માત્ર મોસમી પ્રયાસ નથી, પરંતુ શુદ્ધ હવા અને બહેતર જાહેર આરોગ્ય માટે વર્ષના 365 દિવસ ચાલતું અભિયાન છે." મિશન યમુનાના ભાગરૂપે આ ફંડિંગનો ઉપયોગ યમુના નદીમાં પ્રદૂષણ ઘટાડવા અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થાને વધુ સક્ષમ બનાવવા માટે કરવામાં આવશે. મુખ્યમંત્રીએ શનિવારે કેબિનેટ મંત્રી મનજિંદર સિંહ સિરસા અને ધારાસભ્ય હરીશ ખુરાના સાથે દિલ્હીમાં સ્થાપિત અત્યાધુનિક એર પ્યુરિફિકેશન ટેકનોલોજીનું સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું. આ ટેકનોલોજીમાં મુખ્યત્વે નીચે મુજબની સુવિધાઓનો સમાવેશ થાય છે: સતગુરુ રામ સિંહ માર્ગ પર 21 ડિવાઈસ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. તે દર કલાકે લગભગ 3 લાખ લિટર હવાને શુદ્ધ કરી PM2.5 અને PM10 જેવા હાનિકારક કણોને નિયંત્રિત કરે છે.EV-માઉન્ટેડ એન્ટી-સ્મોગ ગન: કીર્તિ નગર અને માયાપુરી જેવા ટ્રાફિકવાળા વિસ્તારોમાં ભારતની પ્રથમ ઝીરો-એમિશન મૂવિંગ સિસ્ટમ ગોઠવવામાં આવી છે.

### ઉદયનિધિના નિવેદન પર કોંગ્રેસ સાંસદનો વળતો પ્રહાર

## મુશ્કેલ સમયમાં કોંગ્રેસે હંમેશા ડીએમકેનો સાથ આપ્યો છે: માણિકમ ટાગોર

શિવકાશી : તમિલનાડુમાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ભારતીય જનતા પાર્ટીની સતત ચૂંટણી જીત માટે કોંગ્રેસને જવાબદાર ઠેરવનારા ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિનના નિવેદન બાદ હવે કોંગ્રેસના સાંસદ માણિકમ ટાગોરે આકરા પ્રહાર કર્યા છે. રવિવારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, મુશ્કેલ સમયમાં કોંગ્રેસે હંમેશા ડીએમકેને સાથ આપ્યો છે અને આવા નિવેદનો અસ્વીકાર્ય છે. માણિકમ ટાગોરે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, જ્યારે ડીએમકે લઘુમતીમાં હતું ત્યારે કોંગ્રેસ તેમની સાથે ઉભી હતી. તેમણે વધુમાં કહ્યું, "ભાજપ ડીએમકે અને એઆઈએડીએમકે (AIADMK) વચ્ચે જોડાણ કરાવવાનો પ્રયાસ કરી રહ્યો છે, જે કોંગ્રેસના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. ભાજપ સાથેની કોઈપણ પ્રકારની સમજૂતી કોંગ્રેસ સહન કરશે નહીં." કોંગ્રેસ હંમેશા ધર્મનિરપેક્ષ ગઠબંધન સાથે મક્કમતાથી ઉભી રહી છે.

ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિને તાજેતરમાં એક નિવેદનમાં ભાજપની ચૂંટણી જીત માટે કોંગ્રેસને જવાબદાર ગણાવી હતી. આ નિવેદન બાદ બંને પક્ષો વચ્ચે મતભેદો સપાટી પર આવ્યા છે. કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતા થિરુનાવુક્કરસેરે પણ આ બાબતે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ડીએમકે પોતે કોંગ્રેસના ગઠબંધનનો ભાગ રહી છે, તેથી ભાજપની જીત માટે ડીએમકે પણ એટલી જ જવાબદાર છે. તેમણે બંને પક્ષોને સલાહ આપી છે કે હવે અલગ રસ્તે ચાલીને રાજ્યના લોકોના કલ્યાણ માટે કામ કરવું જોઈએ.

### ઘટનાસ્થળે અફરાતફરી, બે સગીરોની અટકાયત

## કેન્દ્રીય મંત્રી જીતનરામ માંઝી પર હુમલો, મંચ પર ભાષણ આપતી વખતે પથ્થરમારો, બેની અટકાયત

(એજન્સી) નવી દિલ્હી | તા 24

બિહારના ગયાજી જિલ્લામાં એક મોટી ઘટના સામે આવી છે, જ્યાં કેન્દ્રીય મંત્રી અને હિન્દુસ્તાની આવામ મોરચા (HAM) ના પ્રમુખ જીતનરામ માંઝી પર હુમલો કરવામાં આવ્યો છે. શુક્રવારે સાંજે ખિજરસરાઈ વિસ્તારમાં એક ખાનગી શાળાના પ્રોગ્રામમાં તેઓ ભાષણ આપી રહ્યા હતા, ત્યારે કેટલાક અસામાજિક તત્વોએ તેમના પર પથ્થરમારો કર્યો હતો. પથ્થરો કેન્દ્રીય મંત્રીની સાવ નજીક આવીને પડ્યા હતા, પરંતુ સદનસીબે તેઓ આબાદ બચી ગયા હતા. મંત્રી પર થયેલા આ પથ્થરમારાને કારણે તેમની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા થયા છે. આ મામલામાં પોલીસે અત્યાર સુધીમાં બે સગીર વયના છોકરાઓની અટકાયત કરી છે. આ હુમલાની ઘટનાને કારણે પ્રશાસન અને પોલીસ વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ હતી. પથ્થરમારાની માહિતી મળતા જ આસપાસના અનેક પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને થોડીવાર માટે કાર્યક્રમ સ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના સમયે હાજર લીમચક બથાનીના ડીએસપી સુરેન્દ્ર કુમાર સિંહ અને એસડીઓ કેશવ આનંદે પકડાયેલા સગીરોની પૂછપરછ હાથ ધરી હતી. જોકે, આ છોકરાઓએ કેન્દ્રીય મંત્રી પર પથ્થર કેમ ફેંક્યા તે અંગે હજુ સુધી કોઈ ખુલાસો કર્યો નથી અને પોલીસ વધુ તપાસ કરી રહી છે. આ



ઘટના પર પ્રતિક્રિયા આપતા જીતનરામ માંઝીએ જણાવ્યું હતું કે, 'શું આવ્યું અને શું ગયું તે મેં જોયું નથી. કેટલાક લોકો સારું કામ થવા દેવા નથી માંગતા, એટલે જ તેઓ આવું કરી રહ્યા છે.'અહીં ઉલ્લેખનીય છે કે જીતનરામ માંઝીના પરિવાર પર હુમલાની આ કોઈ પ્રથમ ઘટના નથી. આ પહેલા ગત રવિવારે જ ગયાજી જિલ્લાના બારાચટ્ટી વિસ્તારના 'હમ' પક્ષના ધારાસભ્ય અને માંઝીના વેવાણ જ્યોતિ દેવી (જ્યોતિ માંઝી) પર પણ કથિત રીતે હુમલો થયો હતો. ગંભીરા ગામ પાસે રસ્તા પરથી ગાડી હટાવવા બાબતે થયેલા વિવાદમાં અસામાજિક તત્વોએ તેમની સાથે ગેરવર્તણૂક કરી હતી અને તેમની ગાડીના કાચ તોડવાનો પ્રયાસ કર્યો હતો.

## GM/NFR એ અરરિયા - ગલગલિયા વિભાગમાં વિદ્યુતીકરણ કાર્યો અને વિશ્વ કક્ષાના NJP સ્ટેશન પર પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 22 મે, 2026 ના રોજ અરરિયા - ગલગલિયા વિભાગમાં ચાલી રહેલા વિદ્યુતીકરણ કાર્યોનું વ્યાપક નિરીક્ષણ કર્યું, સાથે જ ન્યુ જલપાઈગુડી (NJP) સ્ટેશન પર પુનર્વિકાસ અને અપગ્રેડેશન કાર્યોની સમીક્ષા પણ કરી. નિરીક્ષણ કાર્યક્રમ દરમિયાન તેમની સાથે NFR મુખ્યાલય અને કટિહાર વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ હતા.મુલાકાત દરમિયાન, જનરલ મેનેજરે કટિહાર વિભાગ હેઠળ રાઉતારા ખાતે નવી વિકસિત બુટ લોન્ડ્રી સુવિધાનું ઉદ્ઘાટન કર્યું જેથી રેલ્વે સ્ટાફ સાધનો અને ઓપરેશનલ ગિયરની જાળવણી અને સફાઈ વ્યવસ્થામાં વધારો થાય. શ્રી શ્રીવાસ્તવે છોડ વાવીને વૃક્ષારોપણ અભિયાનમાં પણ ભાગ લીધો, જે NFR ની પર્યાવરણીય ટકાઉપણું અને રેલ્વે પરિસરમાં



હરિયાળી પહેલને પ્રોત્સાહન આપવા માટેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.જનરલ મેનેજરે અરરિયા-ગલગલિયા સેક્શનમાં કાર્યક્ષમતા વધારવા, સીમલેસ ઈલેક્ટ્રિક ટ્રેન કામગીરીને સરળ બનાવવા અને ઉર્જા કાર્યક્ષમ રેલ્વે માળખાને પ્રોત્સાહન આપવાના હેતુથી વિદ્યુતીકરણ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે ટ્રેકની સ્થિતિ, સિગ્નલિંગ સિસ્ટમ્સ, પુલો, લેવલ ક્રોસિંગ ગેટ અને રૂટ પર મુસાફરોની સુવિધાઓનું મૂલ્યાંકન કરવા માટે વિન્ડો ટ્રેઈલિંગ નિરીક્ષણ પણ કર્યું.ન્યૂ જલપાઈગુડી (NJP) ખાતે શ્રી શ્રીવાસ્તવે વર્લ્ડ ક્લાસ સ્ટેશન પ્રોજેક્ટ હેઠળ ચાલી રહેલા સ્ટેશન પુનઃવિકાસ કાર્યોનું વિગતવાર નિરીક્ષણ કર્યું. NJP ને આધુનિક સુવિધાઓ, અત્યાધુનિક પ્લેટફોર્મ, ઉન્નત મુસાફરોની સુવિધાઓ અને સુધારેલા પરિભ્રમણ વિસ્તારો સાથે વિશ્વ કક્ષાના સ્ટેશન અને આંતરરાષ્ટ્રીય ટર્મિનસમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે. તેમણે મુસાફરો માટે આધુનિક, કાર્યક્ષમ અને ભવિષ્ય માટે તૈયાર ટ્રાવેલ હબ બનાવવાના ઉદ્દેશ્યથી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ હાથ ધરવામાં આવી રહેલા પુનર્વિકાસ પહેલોની પણ સમીક્ષા કરી.જનરલ મેનેજરે ગુણવત્તા, સલામતી અને કાર્યકારી શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખીને તમામ ચાલુ પ્રોજેક્ટ્સને સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂક્યો.

## દિલ્હી કોર્ટે જાસૂસી કેસમાં આર્મી અને બીએસએફના જવાનો સહિત 5 લોકોને નિર્દોષ જાહેર કર્યા

નવી દિલ્હી : વર્ષ 2015 માં નોંધાયેલા એક હાઈ-પ્રોફાઈલ જાસૂસી કેસમાં દિલ્હીની એક અદાલતે મહત્વપૂર્ણ ચુકાદો આપતા પાંચ આરોપીઓને નિર્દોષ મુક્ત કર્યા છે. આ આરોપીઓમાં ભારતીય સેનાના એક જવાન અને બીએસએફ (BSF) ના એક જવાનનો પણ સમાવેશ થાય છે. કોર્ટે આ કેસની તપાસમાં ગંભીર ખામીઓ હોવાનું જણાવીને પ્રોસિક્યુશનની ટીકા કરી છે.આ કેસ 2015 નો છે, જેમાં આરોપ હતો કે મુખ્ય આરોપી કફાયત ઉલ્લાહ ખાન જમ્મુ-કાશ્મીરમાં એલઓસી (LoC) પર સૈન્યની તૈનાતી સંબંધિત માહિતી પાકિસ્તાની એજન્ટ ફૈઝલ ઉર રહેમાનને મોકલી રહ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ નેટવર્કમાં બીએસએફના હેડ કોન્સ્ટેબલ અબ્દુલ રશીદ ખાન, સેનાના જવાન ફરીદ અહેમદ, પૂર્વ આર્મી ઓફિશિયલ મનાવર અહેમદ મીર અને સાયબર નિષ્ણાત મોહમ્મદ સાબેર સામેલ હતા. આ તમામ લોકો જમ્મુ-કાશ્મીરના રહેવાસી હતા.એડિશનલ સેશન્સ જજ શેફાલી બરનાલા ટંડને પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે પ્રોસિક્યુશન એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે.

### ચૂંટણી પ્રચારમાં આપેલું વચન પૂરું કર્યું

## બાંગ્લાદેશી અને રોહિંગ્યાઓને ડિપોર્ટ કરવા માટે હોલ્ડિંગ સેન્ટર બનશે, શુભેન્દુ સરકારનો મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા 24

પશ્ચિમ બંગાળમાં સત્તા સંભાળ્યા બાદ શુભેન્દુ સરકારે ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકો વિરુદ્ધ એક મોટું અને મક્કમ પગલું ભર્યું છે. રાજ્યમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો, ખાસ કરીને બાંગ્લાદેશી અને રોહિંગ્યા પ્રવાસીઓને તેમના દેશ પાછા મોકલવાની તૈયારીઓ સરકારે શરૂ કરી દીધી છે. આ અંતર્ગત રાજ્ય સરકારે ખાસ હોલ્ડિંગ સેન્ટર બનાવવાનો આદેશ આપ્યો છે. શુભેન્દુ સરકાર દ્વારા આ સંદર્ભે પશ્ચિમ બંગાળના તમામ જિલ્લાધિકારીઓ (DM) ને લેખિત નિર્દેશો અને ગાઈડલાઈન્સ જારી કરવામાં આવી છે. તમામ જિલ્લાધિકારીઓને પોતાના વિસ્તારમાં આ હોલ્ડિંગ સેન્ટર્સ બનાવવા માટે યોગ્ય જગ્યાની ઓળખ કરવા કહેવાયું છે. આ પ્રક્રિયાને વહેલી તકે શરૂ કરવા માટેની કડક સૂચના અપાઈ છે. વહીવટીતંત્રનું મુખ્ય ફોકસ ખાસ કરીને સરહદી જિલ્લાઓ અને એવા વિસ્તારો પર છે, જ્યાં ગેરકાયદેસર પ્રવાસીઓ છુપાયા હોવાની આશંકા વધુ છે. આ હોલ્ડિંગ સેન્ટરો બનાવવાનો મુખ્ય હેતુ ગેરકાયદેસર રીતે રહેતા લોકો પર ચુસ્ત નજર રાખવાનો છે. રાજ્યના અલગ-અલગ ભાગોમાંથી પકડાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોને હવે સીધા જેલમાં રાખવાને બદલે આ સ્પેશિયલ હોલ્ડિંગ સેન્ટરોમાં ટ્રાન્સફર કરવામાં આવશે. જ્યાં સુધી



આ પકડાયેલા વિદેશી નાગરિકોની ઓળખની પુષ્ટિ ન થાય અને તેમને કાનૂની રીતે તેમના મૂળ દેશ પાછા મોકલવાની પ્રક્રિયા પૂરી ન થાય, ત્યાં સુધી તેમને આ જ સેન્ટરોમાં સુરક્ષિત રાખવામાં આવશે. નોંધનીય છે કે, ભાજપે આ જ વર્ષે યોજાયેલી બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન રાજ્યમાંથી ગેરકાયદેસર પ્રવાસીઓને બહાર કાઢવાનું વચન આપ્યું હતું.ચૂંટણી રેલીઓ દરમિયાન દેશના ગૃહમંત્રી અમિત શાહે પોતાના સંબોધનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, "જે રીતે ભાજપે આસામમાં ઘૂસણખોરીને સંપૂર્ણપણે નાબૂદ કરી છે, તે જ રીતે પાર્ટી બંગાળમાં પણ ગેરકાયદેસર ઘૂસણખોરીનો સફાયો કરશે." હવે રાજ્યમાં ભાજપની સરકાર બન્યા બાદ, પાર્ટી પોતાના એ વચનને પૂરું કરવા માટે એક્શન મોડમાં આવી ગઈ છે.

### મકાન માલિકે આપી બે મહિનાની નોટિસ | TMC નવી જગ્યાની શોધમાં લાગશે

## મમતાની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ સામે નવું સંકટ, પાર્ટીનું હેડક્વાર્ટર ખાલી કરવાની નોબત આવી

(એજન્સી) નવી દિલ્હી | તા 24

પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ની મુશ્કેલીઓ સતત વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. કોલકાતામાં પોતાના વર્તમાન મુખ્ય મથક (હેડક્વાર્ટર)ને લઈને પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. જે બિલ્ડિંગમાં અત્યારે TMCની મુખ્ય ઓફિસ ચાલી રહી છે, તેના માલિકે પાર્ટી નેતૃત્વને આ જગ્યા ખાલી કરી દેવા માટે કહી દીધું છે. ચૂંટણીના પરિણામો બાદ આવેલી આ સમસ્યાએ મમતા બેનરજીની પાર્ટીની ચિંતાઓમાં વધારો કર્યો છે.

મળતી માહિતી મુજબ, બિલ્ડિંગના માલિકે TMCના વરિષ્ઠ નેતાઓને મૌખિક રીતે જણાવી દીધું છે કે પાર્ટી આગામી બે મહિનાની અંદર આ પ્રોપર્ટી ખાલી કરી દે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ બિલ્ડિંગ માલિકે પોતાની પ્રોપર્ટીની સુરક્ષાને લઈને ચિંતા



વ્યક્ત કરી છે. આ સિવાય આ પ્રોપર્ટીના લીઝ એગ્રીમેન્ટનો સમયગાળો પણ પૂરો થઈ ગયો છે, જેના કારણે માલિકે હવે આ જગ્યા ખાલી કરાવવાનો નિર્ણય લીધો છે.

બીજી તરફ, સૂત્રોના જણાવ્યા અનુસાર, TMC નેતૃત્વએ પણ બિલ્ડિંગ માલિકને ભરોસો આપ્યો છે કે પાર્ટી ટૂંક સમયમાં જ પોતાની ઓફિસ બીજી જગ્યાએ શિફ્ટ કરી લેશે. તૃણમૂલ કોંગ્રેસે મે 2022માં આ ભાડાની બિલ્ડિંગમાં પોતાનું કામકાજ શરૂ કર્યું હતું. કોલકાતાના ઈસ્ટર્ન મેટ્રોપોલિટન બાયપાસની એકદમ નજીક આવેલી આ G+4 (ચાર માળની) બિલ્ડિંગમાંથી અત્યાર સુધી પાર્ટીની તમામ મુખ્ય ગતિવિધિઓ ચાલતી હતી, પણ હવે હારના આંચકા વચ્ચે પાર્ટીએ ટૂંક સમયમાં જ નવું અસ્થાયી ઠેકાણું શોધવું પડશે.

અહીં એ જાણવું પણ મહત્ત્વનું છે કે ટોપ્સિયા સ્થિત TMCનું અસલી હેડક્વાર્ટર અત્યારે આધુનિક ઓફિસ તરીકે રી-ડેવલપ કરવામાં આવી રહ્યું છે. ત્યાં બાંધકામ ચાલતું હોવાને કારણે જ પાર્ટીએ અસ્થાયી રૂપે પોતાનું મુખ્યાલય આ બિલ્ડિંગમાં શિફ્ટ કર્યું હતું. પરંતુ હવે આ અસ્થાયી ઓફિસ પણ ખાલી કરવાનો વારો આવતા ચૂંટણી હારની નિરાશા વચ્ચે તૃણમૂલ કોંગ્રેસ માટે આ એક મોટો રાજકીય અને વ્યવસ્થાપકીય ઝટકો માનવામાં આવી રહ્યો છે.

# RBIની તિજોરીમાંથી 9 બોક્સ ભરીને 8.70 કરોડની ઉઠાંતરી કરાઈ

## 7 ખોખા ટ્રોલીમાં ગોઠવ્યા અને બીજા બેને ધક્કો મારીને લઈ ગયા, અમદાવાદમાં એ રાત્રે રોકડાનો ખેલ કરી ગયા

અમદાવાદ | અમદાવાદના ગાંધીરોડની બેંક ઓફ બરોડામાં આવેલી RBIની કરન્સી ચેસ્ટમાંથી 8.70 કરોડની ચોરી મામલે ચોરી કરનાર કસ્ટોડિયનની પોલીસે ધરપકડ કરી છે. આરોપીની ધરપકડ બાદના 13 જાન્યુઆરીના રાતના 9.12 વાગ્યાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. જેમાં ભંગારના ખોખાની આડમાં કરોડો રૂપિયા લઈ જતો કસ્ટોડિયન અને તેના બે સાથીઓ દેખાઈ રહ્યા છે. પોલીસે આરોપીના બે સાથીઓની પણ અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી છે.

બેંક ઓફ બરોડામાં હરસિદ્ધ કડિયાર કસ્ટોડિયન તરીકે ફરજ બજાવતા હતા. લાંબા સમયની નોકરી બાદ વધુ પૈસા કમાવવા અને આરામની જિંદગી જીવવા માટે આરોપીએ RBIની કરન્સી ચેસ્ટમાંથી 8.70 કરોડની ચોરી કરી હતી. આરોપી પાસેથી 2.20 કરોડ રોકડ મળી આવી છે.

આરોપીએ 13 જાન્યુઆરી 2026ના રાતના સમયે ચોરી કરી હતી જે ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. સીસીટીવીમાં દેખાય છે તે મુજબ પૈસા ભરેલા ખોખા લઈને



આરોપી અને તેના બે સાથીઓ બેન્કમાંથી જઈ રહ્યા છે. આરોપીએ સિક્યુરિટી સ્ટાફને ભંગાર વેચવાનો છે કહીને પૈસા બહાર કાઢ્યા હતા. સીસીટીવીમાં આરોપી સાથે સુલતાન અને ઝુલ્ફીકાર પણ સીસીટીવીમાં આરોપીની મદદ કરતા દેખાઈ રહ્યા છે. પોલીસે તેની પણ અટકાયત કરી છે. અન્ય બે આરોપીઓ પાસેથી પણ 50 લાખ મળી આવ્યા છે.

આરોપીએ ચોરીના પૈસાથી ચાંદકેડામાં 2 કરોડનો બંગલો,1.40 કરોડની દુકાન,15 લાખનો છોટા હાથી ટેમ્પો ખરીદ્યો હતો. આરોપીએ સાથે કામ કરતી વૈશાલીને પણ 23 લાખ રૂપિયા મકાન માટે આપ્યા હતા. આ ઉપરાંત આરોપીએ ક્રિપ્ટો કરન્સીમાં પણ 1 કરોડથી વધુનું રોકાણ કર્યું હતું.પકડાયેલા અન્ય આરોપીઓ પાસેથી અંદાજિત 40 લાખથી વધુ રકમ મળી આવી છે.પોલીસે દ્વારા આ મામલે વધુ તપાસ કરી બેંકના અન્ય કયા કર્મચારી સંડોવાયેલા છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદના કાલુપુર ગાંધીરોડ બ્રાંચના ચીફ મેનેજર હરીહર દેવ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ બેંકમાં RBI દ્વારા કરન્સી ચેસ્ટ (મોટી તિજોરી) રાખવામાં આવી છે, જ્યાંથી અન્ય બેંકોને જરૂરિયાત મુજબ નાણાં મોકલાય છે. આ કરોડોની રોકડના હિસાબ માટે મુખ્ય કસ્ટોડિયન તરીકે સંજય શર્મા અને જોઈન્ટ કસ્ટોડિયન તરીકે હરસિદ્ધ કડિયાર (રહે. ચાંદખેડા, અમદાવાદ) કાર્યરત હતા.બેંકમાં ઓડિટ કરવાનો સમય આવ્યો અને નવા કસ્ટોડિયનોએ તપાસ કરી ત્યારે રૂપિયા 500ના દરની કુલ 174 રીલ (બંડલો) ઓછી જોવા મળી હતી. જેની કુલ કિંમત 8.70 કરોડ રૂપિયા થતી હતી.

બેંક સત્તાવાળાઓએ તાત્કાલિક સીસીટીવી (CCTV) ફૂટેજ તપાસતા માલૂમ પડ્યું કે, ગત 13 જાન્યુઆરીના રોજ આરોપી હરસિદ્ધ કડિયાર બેંકમાંથી કેટલાક બોક્સ લઈને બહાર જઈ રહ્યો હતો. તે સમયે તેણે અન્ય સ્ટાફને એવું બહાનું આપ્યું હતું કે, આ બોક્સમાં ભંગાર ભરેલો છે અને તે ભંગાર બહાર ફેંકવા જઈ રહ્યો છે.ગત 13 એપ્રિલના રોજ તેણે ચીફ મેનેજરને તબિયત ખરાબ હોવાનો મેસેજ કરીને એક દિવસની રજા લીધી. તે પછી વધુ 5 દિવસની મેડિકલ લીવ લીધી અને ત્યારબાદ 20 એપ્રિલથી ગાયબ થઈ ગયો હતો.

ફરિયાદ થતા પોલીસે તપાસ શરૂ કરી હતી ત્યારે ઝોન 3 એલસીબી સ્કોડના PSI વી.એચ રાઠોડની ટીમે આરોપીને સોલા વિસ્તારમાંથી ઝડપી લીધો હતો.આરોપી સોલામાં ઔડાના મકાનમાં રોકાયો હતો. ઔડાના મકાનની નીચે પાર્ક કરેલી આર્ટિકા કારમાંથી પોલીસને 2.20 કરોડ રોકડ પણ મળી આવી હતી જે આરોપીએ ચોરી કરી હતી.આરોપીની ધરપકડ કરીને 2.20 કરોડ,આર્ટિકા કાર અને મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા હતા.

આરોપીની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપીએ જાન્યુઆરી મહિનામાં જ ચોરી કરી હતી.આરોપીએ ભંગારના ખોખાની આડમાં ચોરી કરી રોકડ પોતાના ઘરે લઈ ગયો હતો.જે બાદ 90 દિવસમાં સીસીટીવી ફૂટેજ ડિલીટ થઈ જશે તેવું માનીને 90 દિવસ સુધી નોકરી પણ કરી હતી.ચોરીના 90 દિવસ બાદ બહાના બનાવી નોકરી આવવાનું બંધ કરી દીધું હતું.

આરોપીના પત્ની રેલવે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ છે. ફરિયાદ થયા બાદ આરોપી પરિવાર સાથે મનાલી ફરવા ગયો હતો.જોકે આરોપીને મનાલીમાં જાણ થઈ ગઈ હતી કે, ફરિયાદ થઈ છે અને પોલીસ શોધે છે જેથી બહાનું કાઢીને ત્યાંથી પણ નાસી ગયો હતો.આરોપી સાથે અન્ય બે ઈસમો પણ સંડોવાયેલા છે જે કેશ ટ્રાન્સફર કરવાનું કામ કરે છે જેમાંથી એક સુલતાન અને બીજો ઝુલ્ફીકાર હતા.બંનેની પોલીસે અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે.

આરોપી છેલ્લા 15 વર્ષથી બેન્ક ઓફ બરોડામાં નોકરી કરતો હતો.વર્ષો નોકરી કર્યા બાદ આરામથી જિંદગી જીવવા આરોપીએ ચોરી કરી હોવાની કબૂલાત કરી છે.આરોપી સાથે તેની પત્ની સંડોવાયેલી હતી કે કેમ તેની તપાસ ચાલી રહી છે.આરોપી સાથે અન્ય ઈસમો પણ સંડોવાયેલા હોવાની શંકા છે જેની પોલીસ તપાસ કરી રહી છે.

### હરસિદ્ધ કડિયારની પત્ની રેલવે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ

આરોપીના પત્ની રેલવે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ છે. ફરિયાદ થયા બાદ આરોપી પરિવાર સાથે મનાલી ફરવા ગયો હતો.જોકે આરોપીને મનાલીમાં જાણ થઈ ગઈ હતી કે, ફરિયાદ થઈ છે અને પોલીસ શોધે છે જેથી બહાનું કાઢીને ત્યાંથી પણ નાસી ગયો હતો.

આરોપી સાથે અન્ય બે ઈસમો પણ સંડોવાયેલા છે જે કેશ ટ્રાન્સફર કરવાનું કામ કરે છે જેમાંથી એક સુલતાન અને બીજો ઝુલ્ફીકાર હતા.બંનેની પોલીસે અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે.

# જ્યોર્જિયામાં MBBS કરી રહેલો અમદાવાદનો વિદ્યાર્થી 10 દિવસથી ગુમ:ફ્લેટ માલિક ધમકાવતા હોવાનો પરિવારજનોનો આક્ષેપ, માતાએ રડતા રડતા કહ્યું- 'સરકાર મારા દીકરાને પરત લાવી આપે'

અમદાવાદ | જ્યોર્જિયામાં MBBSનો અભ્યાસ કરી રહેલો અમદાવાદનો વિદ્યાર્થી 10 દિવસથી ગુમ થઈ જતા અમદાવાદમાં રહેતા પરિવારજનો ચિંતિત બન્યા છે. ધ્વનિત રાજદીપ નામના યુવકનો 14 તારીખથી ગુમ છે. અમદાવાદમાં રહેતા માતાપિતા સાથે છેલ્લે 14 તારીખે ફોન પર વાત થઈ હતી. માતાપિતાનું માનીએ તો, છેલ્લે જ્યારે પુત્ર સાથે વાત થઈ ત્યારે તે જે ફ્લેટમાં ભાડે રહેતો હતો તેના મકાન માલિક દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હતી અને ધમકી આપવામાં આવી હતી. જેના કારણે યુવાન અન્ય જગ્યાએ રહેવા જવાની તૈયારી કરતો હતો. ત્યારબાદ તેનો સંપર્ક કપાઈ જતા પરિવારજનો ચિંતિત બન્યા છે. માતાએ રડતા રડતા કહ્યું હતું કે, સરકાર મારા દીકરાને પરત લાવી આપે. અમદાવાદના સાંસદે પણ વિદેશ મંત્રાલયના ધ્યાન પર સમગ્ર મામલો મૂક્યો છે.

અમદાવાદના વિરાટનગર ખાતે રહેતા પરિવારનો દીકરો ધ્વનિત જ્યોર્જિયામાં ગુમ થતાં પરિવાર પર આફત આવી પડી છે. ધ્વનિત રાજદિપ અગાઉ મેડિકલના અભ્યાસ માટે યુક્રેન ગયો હતો. પરંતુ રશિયા યુક્રેનના યુદ્ધના કારણે તેને ભારત પરત આવવું પડ્યું હતું. જેથી તે બાદ અધુરો અભ્યાસ પૂર્ણ કરવા માટે તે 4 વર્ષ અગાઉ જ્યોર્જીયા ગયો હતો. તે જ્યોર્જિયાની કોકસસ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી ખાતે MBBSનો અભ્યાસ કરતો હતો.

તેના નવમા સેમેસ્ટરનો અભ્યાસ ચાલુ હતો તે દરમિયાન 14મેના રોજ ધ્વનિતની માતા ધર્મીષ્ઠાબેન સાથે તેની વાત થઇ હતી. 10 દિવસ પહેલા વાત થઈ પરંતુ તે બાદ અચાનક તેનો ફોન સ્વીચઓફ થઈ ગયો હતો. જે બાદ અત્યાર સુધી કોઈપણ સંપર્ક થઈ શક્યો નથી. અચાનક દીકરો ગુમ થઈ જતા પરિવાર પર આભ ફાટી પડ્યું છે. તેમજ બીજા દીકરાને પણ ધ્વનિતને શોધવા માટે જ્યોર્જિયા મોકલવામાં આવ્યો છે. ત્યાંની એમ્બેસીને અને પોલીસ જાણ કરવામાં આવી છે છતાં કોઈપણ પ્રકારનો યોગ્ય જવાબ ન મળતો હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે. ધ્વનિત રાજદીપ જ્યોર્જિયામાં ભાડાના ફ્લેટમાં રહેતો હતો. જે ફ્લેટના માલિક અનિલ તથા અનિલની ગલફ્રેન્ડ માન્યા સતત તેને માનસિક ત્રાસ આપતા હોવાનો પરિવાર ગંભીર આક્ષેપ કર્યા છે. ફ્લેટ માલિકના ત્રાસથી કંટાળી ધ્વનિતે રૂમ બદલીને અન્ય જગ્યાએ ફ્લેટ રાખ્યો હતો. પરંતુ અનિલ અને તેની ગર્લફ્રેન્ડ દ્વારા ધ્વનિતનો સામાન રાખીને તેના પાસેથી પૈસાની માંગણી કરવામાં આવી હતી. જો પૈસા નહીં આપે તો જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવતા પરિવાર ચિંતામાં મુકાયો હતો. જેથી દીકરાની સુરક્ષાને કારણે જેટલા પણ રૂપિયા માંગ્યા હતા તે તમામ આપી દેવામાં આવ્યા હતા. પરંતુ તે બાદ પણ ધ્વનિતને માનસિક રીતે હેરાન કરવામાં આવતો હતો.

કેટલોક સામાન લેવા જ્યારે તે અનિલના રૂમ પર ગયો ત્યારે તેને રૂમમાં પુરી દેવામાં આવ્યો હતો અને તેની પાસે રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. અનિલની માંગણી મુજબ રૂપિયા આપ્યા હતા અને ધ્વનિતને અમદાવાદ પરત આવવા જણાવ્યું હતું. જેની ટિકિટ પણ અમદાવાદથી કરાવી હતી. ધ્વનિત 14 તારીખના રોજ સવારે પાસપોર્ટ લઈ ભારત આવવા માટે એરપોર્ટ રવાના થયો હતો. પરંતુ ત્યારબાદ તેનો ફોન અચાનક બંધ થઈ ગયો છે. પરિવારને ચિંતા છે કે, અનિલ અને તેની ગર્લફ્રેન્ડે તેને અમદાવાદ આવવા દીધો નથી. જેથી 10 દિવસ સુધી દીકરા સાથે કોઈ સંપર્ક ન થતા પરિવારે રડતા રડતા સાંસદ દિનેશ મકવાણાને રજૂઆત કરી છે. તેમજ ગુજરાત સરકાર અને ભારત સરકાર તેમના દીકરાને સલામત રીતે પરત લાવે તેવી માંગ કરી છે.

### મારા દીકરાને ફ્લેટના માલિક દ્વારા હેરાન કરવામાં આવતો હતો- પિતા

ધ્વનિતના પિતા મયુરકુમાર રાજદીપે જણાવ્યું હતું કે, મારો દીકરો છેલ્લા બે વર્ષથી જ્યોર્જિયામાં છે.પરંતુ 14 તારીખે દોઢ વાગ્યા બાદ તેનો ફોન અચાનક સ્વીચઓફ થઈ ગયો છે. જે બાદ અમારો કોઈ પણ પ્રકારે સંપર્ક થઈ શક્યો નથી. જ્યોર્જિયા કોકસસ મેડિકલ ઈન્ટરનેશનલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. તેમજ ટીબલીસી સિટીમાં એક ફ્લેટમાં ભાડે રહેતો હતો. જેના પાસેથી ફ્લેટ લીઝ પર લેવામાં આવ્યો હતો તે લોકો મારા દીકરાને મેન્ટલી હેરેસમેન્ટ કરતા હતા. અનિલ અને તેની ગર્લફ્રેન્ડ માન્યા અને તેનો પાર્ટનર ઝાકી મેન્ટલી પરેશાન કરતા હતા. જેથી તેને અલગ ફ્લેટ લીધો હતો પરંતુ તેમ છતાં તેને સતત હેરાન કરવામાં આવતો હતો. છેલ્લે અમારે તેની સાથે 14 તારીખે વાત થઈ હતી.

ફ્લેટના માલિક મેન્ટલી હેરેસમેન્ટ કરતા હોવાના આક્ષેપ સાથે મયુરકુમારે જણાવ્યું હતું કે, ધ્વનિતે આગલા દિવસે અન્ય ફ્લેટ પર અડધો સામાન શિફ્ટ કરી દીધો હતો. પરંતુ ત્યારબાદ અનિલે તેને ધમકી આપવાની શરૂઆત કરી હતી. 'તું જે નવી જગ્યાએ જાય છે તે અમને ખ્યાલ આવી ગયો છે, જેથી ત્યાં આવીને તને મારી નાખીશું' તેવી ધમકી આપવામાં આવી હતી. તેમજ તેને મેસેજમાં મારી નાખવાની પણ ધમકી આપવામાં આવી હતી. જે બાદ અનિલે મારા દીકરા પાસે પૈસાની માંગણી કરી હતી. જેથી મારો દીકરો પૈસા આપવા માટે, સામાન લેવા માટે અને ભાડે લીધેલા ફ્લેટની ચાવી આપવા માટે ત્યાં ગયો હતો. ત્યાં પણ તેને મેન્ટલી હેરાન કરવામાં આવ્યો હતો. જેથી આખરે કંટાળીને મારા દીકરાએ મને ફોન કર્યો હતો. પૈસા આપવા છતાં હેરાન કરતા હોવાનું મને જણાવ્યું હતું.

# CNGમાં ભાવ વધારાથી સ્કૂલ વાનના ભાડા વધવાના સંકેત

## સ્કૂલ વર્ધી એસોસિયેશન ભાવ વધારો કરવાના સમર્થનમાં, જૂનની શરૂઆતમાં બોલાવેલી બેઠકમાં લેવાશે નિર્ણય...



અમદાવાદ | અમદાવાદ સહિત ગુજરાતભરમાં પેટ્રોલ અને ડીઝલની સાથે સાથે CNGના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. વધતા જતા CNGના ભાવ વધારાની અસર સ્કૂલ વર્ધી એસોસિએશન પર થવાની છે. જેથી CNGના ભાવમાં વધારો થતા સ્કૂલ વર્ધી એસોસિએશન સ્કૂલ વાહનના ભાડામાં વધારો કરવાની તરફેણમાં આવ્યું છે. CNGના ભાવ વધારા સામે ભાડામાં વધારો કરવો કે નહીં તેને લઈને જૂન મહિનાની શરૂઆતમાં અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશનની બેઠક બોલાવવામાં આવી છે. સ્કૂલ વર્ધીના ભાડામાં વધારો કરવો કે નહીં તેનો નિર્ણય લેવામાં આવશે.

છેલ્લા કેટલાક દિવસથી પેટ્રોલ - ડીઝલ ભાવમાં વધારો થઈ રહ્યો છે. એની સાથે CNGના ભાવમાં વધારો થતા સ્કૂલ વર્ધી ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે જે CNGના હાલના ભાવ પ્રમાણે ભાડા દર પર વાન અને રિક્ષા ચલાવવી મુશ્કેલ બની રહી છે. જેના કારણે નવા શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓના સ્કૂલ વર્ધીના ભાડામાં વધારો થાય તેવી શક્યતા છે. જો સ્કૂલ વર્ધીના ભાડામાં વધારો થશે તો તેનો સીધો બોઝ વાલીઓ પર પડવાનો છે. જો કે સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા ભાડામાં દર ત્રણ વર્ષે વધારો કરવો તેવું નક્કી કરવામાં આવ્યું હતું. વર્ષ 2024માં સ્કૂલ વર્ધીના ભાડામાં 200 રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો હતો. જેથી વાલીઓ પર બોઝ ન પડે તે માટે 2027માં ભાડામાં વધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ વર્ષ 2024માં કરેલા ભાડામાં વધારા બાદ અંદાજે 10 રૂપિયા જેટલો CNGના ભાવમાં વધારો થઈ ગયો છે. 11 જૂન 2024ના ભાડામાં વધારો કરાયો ત્યારે CNGનો ભાવ 76 રૂપિયા હતો જે અત્યારે વધીને 86 રૂપિયા પર પહોંચી ગયો છે.

સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા 2024માં ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો. 2024ની સરખામણીએ CNGમાં પ્રતિ કિલો 10 રૂપિયાનો ભાવ વધ્યો છે. તેમ છતાં અત્યારે પ્રતિ કિલોમીટરે સ્કૂલ વાનમાં મહિને 1200 રૂપિયા ફી લેવામાં આવે છે. એક કિલોમીટરથી વધુ દૂર હોય તો પ્રતિ કિમી 200 વધારે ભાડું લેવાય છે. સ્કૂલ રિક્ષામાં ઓછામાં ઓછું 750 રૂપિયા ભાડું લેવામાં આવે છે. મિનિમમ ભાડા પર પ્રતિ કિલો મીટર 100 રૂપિયાથી વધુ ભાડું વસૂલાય છે. જેથી ભાડામાં વધારો થાય તો તેની સીધી અસર વાલીઓને થવાની છે.

# વંદે માતરમ આર્કેડ પાસેની મોબાઈલની દુકાનમાંથી ₹65,000ની મતા સાફ કરી તસ્કર ફરાર

(એજન્સી) અમદાવાદ | તા. 23

શહેરના વંદે માતરમ આર્કેડ પાસે આવેલી એક મોબાઈલની દુકાનમાં મોડીરાત્રે ચોરીની એક અનોખી ઘટના પ્રકાશમાં આવી છે. બાઈક પર હેલ્મેટ પહેરીને આવેલા એક શાતિર ચોરે જાણે પોતે દુકાનનો માલિક હોય તેમ અત્યંત આરામથી શટરનું તાળું તોડ્યું હતું અને અંદર પ્રવેશીને ચોરી કરી હતી. એટલું જ નહીં, ચોરી કર્યા બાદ તે પકડાઈ ન જાય તે માટે શટર સરખી રીતે બંધ કરીને ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના આધારે સોલા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા ઉત્તમ ઘાંચીએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેઓ વંદે માતરમ આર્કેડ પાસે આવેલા શુકન રેસિડેન્સીમાં મોબાઈલની દુકાન ચલાવે છે. તેઓ 19 મેની રાત્રે રોજિંદા સમય મુજબ પોતાની દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. ત્યારબાદ બીજા દિવસે એટલે કે 20 મેના રોજ સવારે જ્યારે તેઓ દુકાન ખોલવા પહોંચ્યા, ત્યારે શટરનું સેન્ટ્રલ લોક તૂટેલી હાલતમાં જોવા મળ્યું હતું. દુકાનની અંદર તપાસ કરતાં ગલ્લાના ખાનામાંથી 55,000ની રોકડ, એક પાકીટ અને 10,000ની કિંમતના દાગીના સહિત કુલ 65,000ની મતા ગાયબ હતી.

દુકાનમાં ચોરી થઈ હોવાનું જણાતાં માલિકે તાત્કાલિક દુકાનની અંદર અને બહાર લગાવેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજમાં જોવા મળ્યું કે, મોડી રાત્રે એક અજ્ઞાત શખ્સ બાઈક પર હેલ્મેટ પહેરીને દુકાન આગળ આવીને ઊભો રહે છે. ત્યારબાદ તે કોઈ સાધનની મદદથી ગણતરીની મિનિટોમાં શટરનું લોક તોડી નાખે છે. ચોરી કર્યા બાદ કોઈને શંકા ન જાય તે માટે તે શટર પાછું વ્યવસ્થિત રીતે પાડીને ત્યાંથી બાઈક પર નાસી છૂટે છે.

# વેપારીઓ સાથે 1 કરોડથી વધુની છેતરપિંડી કરનાર ગઠીયા ભૂજથી ઝડપાયા

(એજન્સી) અમદાવાદ । તા. 23

નકલી વેપારી અને આંગડિયા પેઢીના કર્મચારી બનીને ગુજરાત અને મુંબઈના વેપારીઓને ફોન મારફતે સંપર્ક કરીને પૈસા તેમજ ચીજ વસ્તુઓ મેળવી લઈને એક કરોડ રૂપિયાથી વધારેની છેતરપિંડી કરનાર બે આરોપીઓની કાગડાપીઠ પોલીસે ધરપકડ કરી છે. છેલ્લા સાત વર્ષમાં આરોપીઓએ મુંબઈમાં એક કરોડ અને ગુજરાતના અલગ અલગ વેપારીઓને પોતાની જાળમાં ફસાવીને પૈસા તેમજ ચીજ વસ્તુઓ પડાવી લીધી છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી મોબાઈલ એસેસરીઝ અને રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

કાગડાપીઠ પોલીસ સ્ટેશન પીઆઈ એસ. એ. ગોહિલે જણાવ્યું હતું કે, શહેરના ગીતામંદિર વિસ્તારમાં મોબાઈલ એસેસરીઝની મોટા પ્રમાણમાં દુકાનો આવેલી છે. ત્યારે મોબાઈલ એસેસરીઝની વસ્તુઓ અને આંગડિયા પેઢીના નામે ઓનલાઈન ફોટા મંગાવીને પૈસા તેમજ ચીજ વસ્તુઓ લેવાની વેપારીઓ સાથે છેતરપિંડીની બે વેપારીઓ ફરિયાદ લઈને આવ્યા હતાં. જ્યારે વડોદરાના એક વેપારીએ આ પ્રકારની છેતરપિંડી થઈ હોવા અંગેનો સોશિયલ મીડિયામાં વીડિયો મુક્યો તો જેના આધારે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી.

સમગ્ર ટેકનિકલ સર્વેલન્સ અને માહિતીના આધારે આરોપીઓ ભુજ ખાતે હોવાની બાતમી મળતા કાગડાપીઠ પોલીસ સ્ટેશનની ટીમે ભૂજથી જગદીશ ઠક્કર (ઉ. વ. 36, રહે વોકરા ફળિયું, ભુજ) અને તેના મિત્ર મુકેશ સોરઠીયા (ઉ. વ. 37, રહે. નાગેન્દ્ર પાર્ક, ભુજ)ની ધરપકડ કરી હતી. બંને આરોપીઓ છેલ્લા સાત વર્ષથી ગુજરાતના અલગ અલગ શહેરોના વેપારીઓ પાસેથી લાખો રૂપિયાની ચીજ વસ્તુઓ અને રોકડ રકમ પડાવી છેતરપિંડી કરી છે. આરોપીઓ 10થી 15 હજાર જેવી નાની રકમની છેતરપિંડી કરતા હતા જેથી વેપારીઓ ફરિયાદ કરતા નહોતા.

# અમદાવાદ એરપોર્ટ રોડ પર બિયર પીને જાહેરમાં રીલ બનાવી : યુવકને ઝડપ્યો

ગાંધીનગર | ગુજરાતમાં કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે અવારનવાર કાયદાના લીરેલીરા ઉડાવતા કિસ્સાઓ સામે આવતા રહે છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો અમદાવાદના એરપોર્ટ રોડ પરથી સામે આવ્યો છે, જ્યાં એક યુવક અને યુવતીએ જાહેરમાં દારૂની મહેફિલ માણી તેનો વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો. આ વીડિયો વાઈરલ થતાં જ સરદારનગર પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી યુવકની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ, ગત 23મી મેના રોજ પોલીસના ધ્યાને ઈન્સ્ટાગ્રામ પર એક રીલ આવી હતી. આ વીડિયોમાં એક યુવક તેની સાથે ઉભેલી મહિલા સાથે એરપોર્ટ રોડ નજીક ખુલ્લેઆમ દારૂ પીતો અને હાથમાં બિયરની બોટલ પકડીને ઉભેલો દેખાતો હતો. વીડિયોના કેપ્શનમાં લખવામાં આવ્યું હતું કે, 'અમદાવાદમાં જાહેરમાં જામ છલકાયા, એરપોર્ટ રોડ પર યુવકે ગટગટાવી બિયર.' સોશિયલ મીડિયા પર કાયદાનો ડર રાખ્યા વિના આવી રીલ પોસ્ટ કરાતા પોલીસ તંત્ર તુરંત એક્શનમાં આવ્યું હતું.

# વિપક્ષના નેતા પદ માટે કોંગ્રેસમાં ખરાખરીનો જંગ : 26મીએ મેયર સહિત 5 મુખ્ય પદોની જાહેરાત

(એજન્સી) અમદાવાદ | તા. 24

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મેયર સહિતના મુખ્ય 5 પદાધિકારીઓના નામોની જાહેરાત આગામી તારીખ 26 મે, મંગળવારના રોજ થવાની છે. શાસક પક્ષ ભાજપમાં તો તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે, પરંતુ વિપક્ષ કોંગ્રેસમાં 'નેતા વિપક્ષ'ના પદને લઈને હજી પણ ભારે અસમંજસ અને આંતરિક ખેંચતાણની સ્થિતિ પ્રવર્તી રહી છે. ગત ટર્મમાં વિપક્ષના નેતાની વરણી માટે બે જૂથો વચ્ચે આશરે 1 વર્ષ સુધી ગજગ્રાહ ચાલ્યો હતો, ત્યારે આ વર્ષે પણ નેતા પદ મેળવવા માટે પૂર્વ-વર્તમાન ધારાસભ્યો અને સિનિયર કોર્પોરેટરો સામસામે પાસા ફેંકી રહ્યા છે.




વર્ષ 2026ની મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં આ વખતે માત્ર ભાજપ અને કોંગ્રેસ એમ બે જ પક્ષના ઉમેદવારો ચૂંટાઈ આવ્યા છે. કોંગ્રેસ પક્ષના કુલ 32 કોર્પોરેટરો જીત્યા છે, જેમાંથી લઘુમતી સમાજના જ 18 જેટલા કોર્પોરેટરો છે. આ સમીકરણો વચ્ચે વિપક્ષના નેતા પદ માટે હાલમાં મુખ્ય ચાર નામો રેસમાં છે, જેમાં દાણીલીમડા વોર્ડના કોર્પોરેટર શહેઝાદખાન પઠાણ, નીરવ બક્ષી, મહિલા ઉમેદવાર તરીકે કામિનીબેન ઝા અને અગાઉ કોર્પોરેટર રહી ચૂકેલાં અર્ચનાબેન મકવાણાનો સમાવેશ થાય છે. જોકે, વાસ્તવિક ટક્કર શહેઝાદખાન પઠાણ અને નીરવ બક્ષી વચ્ચે હોવાનું ચર્ચાઈ રહ્યું છે.Z

ઈતિહાસ પર નજર કરીએ તો, વર્ષ 2021ની ચૂંટણીમાં કોંગ્રેસના માત્ર 24 કોર્પોરેટરો ચૂંટાયા હતા. તે સમયે સિનિયર કોર્પોરેટર રાજશ્રી કેસરી, કમળાબેન ચાવડા, ઈકબાલ શેખ અને નીરવ બક્ષી વચ્ચે નેતા બનવા ભારે લોબિંગ થયું હતું. પ્રદેશ પ્રમુખની 2 દિવસની મેરેથોન બેઠકો બાદ છેવટે શહેઝાદખાન પઠાણના નામ પર મહોર મારવામાં આવી હતી અને તેઓ સળંગ 3 વર્ષ સુધી આ પદ પર રહ્યા હતા. ચાલુ વર્ષે અગાઉના મોટાભાગના દાવેદારો ચૂંટણી હારી ગયા હોવાથી અનુભવી કોર્પોરેટર તરીકે શહેઝાદખાન પઠાણને જ ફરીથી રિપીટ કરવામાં આવે તે માટે કેટલાક ધારાસભ્યો અને કોર્પોરેટરો દ્વારા હાઈકમાન્ડ સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે.